RASILI VARTAO

DESAI, R. J.

'સુન્દરી સુબોધ'ની અગીઆરમા વર્ષની ભેટ.

રસીલી વાર્તાઓ.

(સાંસારિક અનુભવ ચિત્રોનો સંપૂર્ણ સંગ્રહ)

લેખક અને પ્રકાશક.

રામમોહનરાય જશવંતરાય.

"સુન્દરી સુબોધ" મન્દિર—અમદાવાદ.

મુલ્ય આના બાર

Our motto
to 'serve'

लोक सेवा.

" સેવા "
એજ અમારો ઉદ્દેશ

આ દેશના નેતાઓ—મહાન્ પુરૂષો—દેશભક્તો પોકાર કરી રહ્યા છે કે: " **મનુષ્ય** જન્મ ધારણ કરી પશુવત્ સ્વસ્વાર્થમાંજ મચ્યા ન રહેતાં **કેવળ પરમાર્થ** નહિ તો સ્વાર્થ સાથે પણ પરમાર્થ સાધવો એ જ હાલના જમાનામાં આપણું લક્ષ; એથી જ આપણી અને આપણા દેશની ઉન્નતિ, "

તેથી, આ પ્રગતિ—પ્રવૃત્તિના જમાનામાં અમારાં વહાલાં બાંધુડાંઓને અમો કેવી રીતે ઉપયોગી થઇએ એ હેતુથી અમોએ તેમની હરકોઇ પ્રકારની સેવા ઉઠાવવાનું માથે લીધું છે.

૧. પોતાના હુન્નર—ધંધાને વધારવા માટે જનસમાજનું ધ્યાન કેવી રીતે ખેંચાય તેમ, તેને યોગ્ય પત્રો—માસિકોમાં સસ્તે ભાવે **જાહેર ખબર** અમારા મારફત અપાય છે.

૨. ઉછરતા લેખકોનાં ભાષા—દોષ કે બીજી અનેક ત્રુટીવાળાં અસંસ્કારી લખાણો સુધારી, તેમજ સંસ્કારી ભાષાવાળાં લખાણોમાં પણ પ્રુફની ભૂલ રહે નહિ તેવું, ઉત્તમ—સસ્તું અને સફાઇબંધ **છાપકામ** અમારી મારફત પણ થાય છે.

૩. સાહિત્યના પ્રદેશમાં નવીન મુસાફર માટે તથા લાઇબ્રેરી માટે ઉત્તમ પુસ્તકો કયાં છે તેનો નિર્ણય કરી તેવા, તથા હરકોઇ પ્રકારનાં માગવામાં આવતાં **પુસ્તકો** સસ્તા ભાવે પૂરાં પાડવામાં આવે છે.

૪. હરકોઇ પ્રકારના **માલ મોકલી આપવો કે ખપાવવો** તે આ૧ જુજ કમીશનથી થાય છે.

૫. સર્વને સંતોષકારક **સલાહ મફત** આપવામાં આવે છે.—વિગેરે

હજીરાની પોળ—સાંકડીશેરી.
અમદાવાદ.

સેવકો, **એમ. એમ. પટેલની કું.**
કમીશન એજન્ટસ.

'સુન્દરી સુબોધ'ની અગીઆરમા વર્ષની ભેટ.

રસીલી વાર્તાઓ.

(સાંસારિક અનુભવ ચિત્રોનો સંપુર્ણ સંગ્રહ.)

લેખક અને પ્રકાશક.

રામમોહનરાય જસવંતરાય.

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૫૦૦.

ઈ૦ સન ૧૯૧૪ વિક્રમ સંવત ૧૯૭૦

"સુન્દરી સુબોધ" મન્દિર—અમદાવાદ.

મૂલ્ય આના આઠ.

શ્રી "સત્યપ્રકાશ" પ્રિન્ટીંગ પ્રેસમાં શા. પ્રેમચંદ ન્હાલચંદ

તથા ડાહ્યાભાઈ શંકરાભાઈ ગાંધીએ છાપ્યું.

અમદાવાદ.

નિવેદન.

વિવિધ પ્રસંગે લખાયલી ટૂંકી વાર્તાઓ આ સંગ્રહમાં દાખલ કરવામાં આવી છે. ત્હેમાંની લગભગ સઘળી ઇંગ્રેજીમાં આવેલી વાર્તાઓ ઉપરથી અનુવાદ અથવા સૂચિત છે; અને તે જૂદાં જૂદાં માસિકો-સમાહિકોમાં પ્રકટ થઈ હતી. "દિવ્ય પ્રેમ" ની વાર્તાનો અનુવાદ ભાઈશ્રી મનવંતરાય ગુલાબરાય મુન્શીની સાથે મળીને કરવામાં આવેલો હતો.

આમાંની કેટલીક વાર્તાઓ લખાયાની વચમાં ઘણો લાંબો સમય થયો ને. તેથી સ્વાભાવિક રીતે ત્હેમની રચના વગેરેમાં તફાવત જણાઈ આવે છે, છતાં ઘણીખરી કથાઓ દંપતી જીવનને અને તે પ્રસંગોને લગતી હોવાથી અને હાલ અપ્રાપ્ય જેવી થયેલી હોવાથી "સુન્દરી સુબોધ"ના વાંચકોને આ સંગ્રહના રૂપમા નવીન અને ઉપયોગી માલુમ પડશે, એમ આશા છે.

રા. જ.

અનુક્રમણિકા.

રસીલિ વાર્તાઓ.

૧. પતિપત્ની.

" જતાં તા સાઝે, જ્યા. વરવહુ અમે ધાન્ય લણુતાં,
" ન જાણું જે શાથી, વરવહુ અમે તો લડી પડયા;
" લડયા, રોયા, પાછાં, વરવહુ અમે આંસુ ચુમતાં,
" હતાં જેવાં તેવાં, વરવહુ અમે તો થઈ રહ્યાં.

અરે કેવી મીઠી,
લડાઈ તો દીઠી;
કરે હૈયાં ખાલી,
અને આંસુ ઢાળી,

" હતું તેથી જ્યાદે પ્રણયિ જનનું એકયજ કરે,
" જ્યહા આંસુ સાથે અધર રસ પીયૂષજ ઝરે !"

બળવંતરાય ક. ઠાકોર.

ડાક્તર બંસીલાલ, આખા દિવસની સખ્ત મહેનતથી કંટાળેલો, થાકયો પાકયો ઘેર આવ્યો. દવાખાનામાં નિત્ય કરતાં દર્દીઓની ભીડ વધારે હોવાથી તથા ખાસ સંભાળ અને અસાધારણ ઉપાયો લેવા પડે એવા રોગથી પીડાતાં એક બે માણસો ત્હેની સારવારમાં આજથી જ મૂકાયલાં હોવાથી, ત્હેનું મન અને શરીર બંને તદ્દન થાકી ગયાં હતાં. કડકડતી ટ્હાડ અને હેલીબંધ વરસાદના કાદવ કિચ્ચડમાં

થઇને ઘેર જવું અને ત્હેમાં પણ રાતનો વખત એટલે પછી પૂછવું જ શું. " ઘેર વાળુની તૈયારી કરી રાખી હસતે ચ્હેરે પ્રેમભર્યો આવકાર આપવાને આતુર થયેલી પોતાની પત્નીની સાથે ભોજન લઈ, શગડીના તાપથી હ્હાડ ફરાડી મકી, વાર્તાવિનોદ કરતાં આરામ લઇશુ –' એવા એવા જે વિચારે ત્હેના પગને અધીરા બનાવી ઘર તરફ ઉતાવળથી પ્રેર્યા હતા, તે સર્વ ઘરમા પેસતાંની સાથે જ ઉડી ગયા. કારણ ત્હેની સ્ત્રી ચંચળ પણ આજ તેટલી જ થાકી ગયેલી હતી.

તે ધમધમ કરતો મ્હેડીએ ચ્હડયો પણ કોઇ જણાયું નહિ. "ચંચળ ! " ત્હેણે બુમ પાડી પણ કાંઇ જવાબ મળ્યો નહિં. ત્હેણે ફરીથી ઘાંટો ફ્હાડયો.

આ વખત પાસેની મ્હેડીમાંથી—કંટાળેલા અવાજથી જવાબ મળ્યો: " જરા ધીમેથી બોલો. છોકરો હમણાં જ ઊંઘ્યો છે. "

બસીલાલ બબડયો: " અરે, છોકરો જાય જહાનમમાં!—અહિં બરોબર દીવોયે નથી. રાતના આઠ નવ વાગ્યા ત્હોયે હજી છોકરાને ઊંઘાડી કયેમ દીધો નથી ?"

" એને દાત આવે છે ને એની પીડાથી આજ તો આખો દ્હાડો એણે રો રો જ કર્યું છે. મ્હને ન્હાવાનોયે વખત આજ મળ્યો નથી. "

પાછો બાળકના રોવાનો અવાજ સંભળાયો. દાક્તર મનમાં બબડતો ફફડતો ભીનાં લુગડાં બદલી, દીવો સતેજ કરી હિન્ડોલા ઉપર બેશી હીંચકા ખાતાં બબડવા લાગ્યો: "જહાનમમાં ગયું આ ઘર ને ઘરનાં માણસ !—સાળું, આટલુંયે ન સચવાય ? આખો દિવસ

ચેનરૂં કરી કરીને મરી ગયા જેવા ઘેર આવીયે, ત્યારે સાળું ત્યાંયે એનું એ ! કોઇ જગોએ જપ જ નહિ, આ તે જિંદગી છે કે જહાનમ્ ! ”

ચંચળે માંડમાંડ કરીને છોકરાને સુવાડયો. આખો દહાડો ત્હે-નાથી છોકરાને હાથમાંથી મૂકાયો ન્હોતો; એટલે ઘરના કામકાજમાં બીલકુલ લક્ષ ત્હેનાથી અપાયું ન્હોતું. સ્ત્રીઓ ઘરની વ્યવસ્થા કરવામાં ને સાફસુફ રાખવામાં, પોતાના જાદુઈ સ્પર્શથી જે સ્વચ્છતા અને સુઘડતા લાવી શકે છે, તેજ ગૃહિણીઓનું કલાવિધાન; અને ઘરની વસ્તુઓ ઉપર ફક્ત નજર નાંખીને, માત્ર સ્થિતિ ફેરવીને, સ્હેજ હાથ લગાડીને જે સુન્દરતા, મનોહરતા, તેઓ ગૃહમન્દિરમા લાવી શકે છે તે જ પત્નીઓની કળા-કુશળતા ત્હેમાંનુ કાંઇ પણ કરવાને ચંચળ આજ શક્તિવાન થઇ નહોતી. એટલે ઘર બધે ઠેકાણે ગરબડ ગોટાળા ભરેલું લાગતું હતું. છોકરો માંદો હતો, ત્હેની સંભાળમા ત્હેના આખો દિવસ ગયો હતો; ત્હેને સંભાળવા તથા કામકાજમા મદદ કરવાને રાખેલી બાઇ બે દહાડાથી રજા ઉપર ગઇ હતી, એટલે ઘરમાં તે એકલી જ હતી. બાળક બીજા કરતાં પોતાની માતાને વધારે પજવે છે અને ત્હેને વધારે મહેનત આપે છે; તે ખરેખર જૂલ્મી રાજા જેવાં જ છે; પરન્તુ તેઓ પોતાની સત્તાનો ગમે તેટલો દુરુપયોગ કરે, તો પણ ત્હેમની માતાઓ તો ત્હેમની ગુલામ થવામાં જ આનન્દ માનતી દેખાય છે.

અંતે બાળક સુઈ ગયું. વાળુની વખત થઇ. બીજું કરવાનો વખત ન્હોતો એટલે દાકતર સાહેબની થાળીમાં ખીચડીનું ભોજન આવ્યું. શાકમાં આંગળી બોળતાની સાથે જ તે આઘું ખસેડી દીધું.

" બળી ગયું છે ? " પત્નીએ પૃછ્યું.

" હાસ્તો. ઘરના ખૂણાઓમાંયે વાસ ભરાઇ ગયેલી નથી લાગતી ?-જરા સંભાળીને કર્યું હોય તો એમ ન થાય '–આડા અવળા ઘણા જરા ઓછા ખાઇએ."

"પણ મ્હેં ત્હમને કહ્યું સ્તો કે છોકરાએ મ્હને આજ ઉભીને ઉભી રાખી છે; બીજું કાંઈ કરવા દીધું નથી."

" સીતા ક્યાં ગઇ'તી ? "

" ત્હમે જાણો છોસ્તો જે એની બ્હેન માંદી છે, તેથી એ ગઇ છે.'

" હા. અગેઅર, હું ભૂલી ગયો'તો. આજની ખીચડીયે કેવી થઈ છે? કઢીમા તો કાંઇ સકારજ નથી ' બીજું કાંઇ કર્યુ નથી ? પાપડ બાપડે નથી ? "

" ના. બાપસાબ ! થઈ રહ્યા છે. કૂહો તો પૂરી કરી આપું. વાર નહિં લાગે. "

" ના. બાઇ, ના. હવે કાંઇ કરવાની જરૂર નથી. લોટ બાંધવો ને પાછી પૂરી વણવી ને તળવી '—એ બધુંયે હવે જ કરવાનુ છે ને '–કાંઇ નથી કરવું. "

" પણ મ્હને બહુ વાર નહિં લાગે. '–

એટલામાં તો બંસીલાલ હાથ ધોઇ પાટલા ઉપરથી ઉઠી ઉભો થયો

" વ્હાલા, ત્યારે ત્હમને ચ્હા કરી આપુ ?–અથવા કૂહોતો દૂધમાં કૉફી તૈયાર કરૂં. "

" અરે, બાઇ, રૂહેવા દેને ! બળી ગયો ચ્હા ને જહાનમમાં ગઇ ત્હારી કૉફી ! જરા દૂધ જ લાવને એટલે પી લઇશું. સ્હવારની

...ન સ્હવારે ! જાણતી ન્હોતી કે આખા દિવસનો થાકોપાક્યો આવશે, ત્હેને કાંઈ ખાવા જોગું તો જોઈશે ? મ્હારી બ્હેનને ત્યાં તો પાપડ, વડી, એવું એવું કાંઇનું કાંઇ તો હોય ને હોય જ !–આ તે ઘર છે? ”

આ છેલ્લો ઘા ચંચળથી સહન ન થઇ શક્યો. આખા દિવ...ની વ્યથાઓની આ પૂર્ણાહુતિ થતી હોયની એમ ત્હેને જણાયું ! ત્હેની આંખમાંથી આંસુ નીકળી પડ્યાં. પોતાના પતિના ખભા ઉપર ...થું મૂકીને ત્યાં જ મનનો ઉભરો કૃહાડવો કે અંદરની ઓરડીમાં જતાં રૂહેવું, તે ત્હેનાથી સમજાયું નહિ. અન્તે પતિને આરામખુરશી ...પર પડી વાંચવાનું શરૂ કરતાં જોયો ત્યારે ત્હેણે ધ્રુજતા શરીરે અને ફફડતા મનથી અંદર જઈ ખૂબ ઉભરો કૃહાડ્યો અને મન ખાલી ક...ર્યું ! ત્હેનાં ડુસકાં બ્હાર સંભળાયાં.

“ બાયડીઓને તો ધંધો જ એ ! સાળું, કાંઇ કૃહેવાય જ નહિં. ભોગ ત્યારે— ! ”

પરન્તુ આ શબ્દો બોલતાં બોલતાંમાં ત્હેને પોતાની વર્તણૂક ...વિશે પશ્ચાત્તાપ જેવું થવા લાગ્યું. બાળકની પાછળ આખો દૃહાડો ...ગવતી પડેલી પોતાની પત્નીની હેરાનગતી ત્હેને યાદ આવી. એ ...ર્ધ સદ્‌વિચાર ત્હેણે હાથમાં લીધેલા પુસ્તકના વાચનમાં ડૂબાવી ...ા પ્રયત્ન કર્યો; પણ ભોગજોગે ‘ પતિપત્ની ’ ને લગતો જ વિષય ...કમાં હતો.

“ ત્હમારી પત્નીને પ્રસન્ન રાખો. ત્હેના અગાધ પ્રેમનો ત્હેને કાંઈક તો બદલો આપો?–ત્હેને પ્રેમભર્યું ઉત્તેજન આપો; એકાદ આનન્દભર્યું સ્મિત હાસ્ય આપો: ભાઈ ! એથી ત્હમને કે એને કાંઈ નુકશાન થવાનું નથી. ત્હેને પ્રસંશા આપીને ત્હેના મનને હર્ષમાં રાખો. ”

તે બબડયો " ' પત્નીને ખુશીમાં રાખો અને હેનાં વખાણ કરો ' '-એ લખવું તો ઘણું સ્હેલું છે, પણ આ લખનારને મ્હારા જેવી સ્ત્રી મળી હોત તો ખબર પડત. શેને માટે વખાણ કરવાં, ભાઇ !-વાળુ બગાડયું હેને માટે ? " હેણે વાંચવાનું આગળ શરૂ કર્યું.

" તમારી પત્ની તમારૂં ઘર રહેવા લાયક રાખે છે, તમારી વસ્તુઓ-તમારાં કપડાં સાફસૂફ રાખે છે, તમને દરરોજ વખતસર પૌષ્ટિક ખોરાક તૈયાર કરી આપે છે. હેના ઘણાખરા જીંદગીના વિચાર તમારે માટે જ છે, બાળકોની ગુલામગીરી એ કરે છે; અને તમારી ઇચ્છાઓ પાર પાડવાને તે આતુર રહે છે.-પછી કદિ હેની કાંઈ ભૂલ થઈ તો શું થઈ ગયું ? તમારી ભૂલો થતી નથી ? ગૃહ-જીવનમાં સુખશાંતિ અનુભવવાનો એકજ રસ્તો છે: તમારી પત્નીને પ્રસન્ન રાખો. **यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता:।** મનુ ભગવાન પણ એજ કહી ગયા છે ને ? માટે ભાઇ ! પત્નીથી જેટલુ બને તેટલા માટે હેનો આભાર માનવો ઘટે છે; હેનાથી જેટલુ બની ન શકે તેટલા માટે હેના ઉપર દયા રાખવી જરૂરની છે. અરે, ઉપકાર માનવો તો દૂર રહ્યો પણ એની સઘળી મહેનતનો બદલો હેની સાથે હસને મ્હોંયે વાતચીત કરીને, હેની નિર્દોષ પ્રસંશા કરીને, હેની સાથે પ્રેમભર્યું વર્તન રાખીને આપવામાં પણ તમને ભાર પડશે ?-એ તો બદલાની આશા રાખતી જ નથી, પરન્તુ આખરે એ પણ મનુષ્ય જ છે, એટલુ યાદ રાખજો. એનુ હૃદય તમારા કરતાં વધારે કોમળ, વધારે પ્રેમાળ છે. આખી દુનીયાંની પ્રસંશા કરતાં તમારા એક પ્રેમહાસ્યની તે વધારે તરશી છે. એટલું યાદ રાખજો કે તમારા ઘરને **સ્વર્ગ** બનાવવું કે **નરક** એ તમારા જ હાથમાં છે. "

બંસીલાલના કેળવાયલા મન ઉપર આ શબ્દોની ઘણી જ સજ્જડ અસર થઈ; ત્હેણે વિચારમાં ને વિચારમાં તે ચોપડી નીચે મૂકી. એવામાં તે જ દિવસે આવેલા સ્ત્રીઓ માટે ખાસ પ્રકટ કરવામાં આવના 'સુન્દરી સુબોધ' માસિક તરફ ત્હેની દૃષ્ટિ ગઇ ને ત્હેણે હાથમાં લઈ ઉઘાડયું તો એનો એ વિષય ત્હેમાં ચર્ચાયલો ! અને તે પણ વળી એક સ્ત્રીલેખકનો લખેલો ત્હેની નજરે પડયો. "સંસારમાં પુરૂષ અને સ્ત્રી ઉભયના સુખનો આધાર અન્યોન્ય ઉપર છે. * * * લગ્ન વખતે લીધેલી પ્રતિજ્ઞાઓથી પોતાની પત્નીને પોતાનાથી બની શકે ત્યાં સુધી સર્વ પ્રકારે સતુષ્ટ અને સુખી રાખવાને દરેક પુરુષ બંધાયલો છે. પત્ની ઉપર પ્રીતિ રાખવી, ત્હેનું મર્યાદા સરક્ષણ કરવું, ત્હેને સુશિક્ષિત બનાવવી, ત્હેનામાં સારા ગુણોનાં બીજ રોપવાં, એ સર્વ પતિના ધર્મ છે. જે પુરુષો હમેશાં પોતાનું જ સુખ ઇચ્છે છે અને પોતાની પત્નીના સુખનો વિચાર કરતા નથી તે પુરુષ કેવળ નીચ અને સ્વાર્થી છે. આવા પુરુષો આખરે તો દુઃખી જ થાય છે; અને પરિણામ એ થાય છે કે પુરુષ અને સ્ત્રી બંને દુઃખ ભોગવે છે. * * * પોતાના સુખને માટે જેટલી કાળજી અને સંભાળ પુરુષ લે છે, તેટલી જ કાળજી અને સંભાળ પોતાની પત્નીના સુખના સંબંધમાં લેવાનો ત્હેમનો ધર્મ છે * * * જે ઘરમાં બાળા દુઃખી થાય છે, તે ઘરનું સઘળું પુણ્ય પરવારે છે ! * * * 'પ્રસન્ન દેવતા રહે, જ્યાં પામે સન્માન સુન્દરી.' માટે દરેક સુજ્ઞ પુરુષે પોતાની પત્નીને સર્વ પ્રકારે આનન્દમા રાખવી અને ત્હેને સન્માન આપવું." *

---

*સુન્દરીસુબોધ (પુ૦ ૧-અંક ૧૨,) "પત્નીપ્રતિ પતિના ધર્મ." (લેખક-બ્હેન સુલોચના.)

વાંચતાં વાંચતાં, ઉપરનાં વાક્યોએ ત્હેના હૃદય ઉપર પડેલી અસર બહુ દૃઢ કરી. અને જો હવે થોડી જ વાર તે એકલો રહ્યો હોત, તો નિઃસંશય તે પોતાની શોકાર્ત થયેલી પત્ની પાસે જઇ ત્હેનું સાન્ત્વન કર્યા વિના રહેત નહિં. પણ એટલામાં "ડાકતર સાહેબ, ઘેર છો કે?"—બુમ પડી; અને શહેરના દૂરના ખૂણામાં રહેતું એક માણસ માંદુ હોવાથી ત્હેને જોવાને તે ગયો.

૨.

મકાન ન્હાનું, સાંકડું, અંધારિયા જેવું હતું. તે અંદર પેઠો. ખાટલામાં એક ઘણો જ માંદો થઇ ગયેલો યુવાન દર્દી સૂતેલો હતો, પાસે એક તરુણ સ્ત્રી આંખોમાં ઉભરાતાં આંસુ લ્હોતી બેઠી હતી. ડાકતરને જોઇ તે નીચે બેઠી ને ધીમેથી બોલી. "ડાકતર સાહેબ, એ બહુ માંદા થઇ ગયા છે. હું ત્હમને બોલાવવાનું એમને નિત ફરી ફરી કરતી'તી, ત્યારે આજ એમણે ગિરધરલાલને મોકલ્યા. ગિરધરલાલ અમારા પડોશી છે. ત્હેણે પોતાના પતિની પાસે જઇ કહ્યું ડાકતર સાહેબ, આવ્યા છે."

"આવો, પધારો સાહેબ." ને દર્દીએ બેઠા થવાનો પ્રયત્ન કરતાં તથા ડાકતરને બેસવાની કાંઇ ચીજ માટે ચોતરફ નજર ફેરવતા કહ્યું. પધારો, સાહેબ!"

"હેં, ડાકતર સાહેબ! એમને શું થયું છે?" તે બાલપત્નીએ વચમાં ડોકિયું કરી પૂછ્યુઃ "ડાકતર સાહેબ! એમને નહિ મટે?" બોલતા બોલતામાં એની આંખોમાંથી આંસુ વ્હેવા લાગ્યાં.

—"હેં નહિં મટે?"

"નહિં શા માટે મટે, બ્હેન? ત્હમે બીલકુલ ફિકર ના કરો." ડાકતરે ત્હેને શાન્ત કરવા પ્રયત્ન કરતાં તે દર્દીના ખાટલા ઉપર બેઠો

કહ્યું. ત્રીની નાડ ત્હેણે હાથમાં લીધી. બંનેની આંખો મળી. "કોણ, ભાઇ રમણલાલ ?–તે બોલી ઉઠયો.

"હાજી, જુવોને. એનો એ જ રમણ. આપને સ્કૂલના દિવસો તો કદિ કદિ યાદ આવતા હશે."

"કેમ. યાર! એ તે કોઇ દહાડો ભૂલાય ?–આપણે કેવી ગમ્મત ઉડાવતા ?—પણ ત્હમારી આવી હાલત થઇ ગઇ, ત્યાં સુધી મ્હને બોલાવ્યો પણ નહિં. અને ખબર પણ ના કરી ? ત્હમે બહુ જ નબળા થઇ ગયા છો."

"હા. ભાઇ!-પણ બંસીલાલ, મ્હારી સ્થિતિ હાલમાં બીલકુલ સારી નથી; અને જેમ જેમ દિવસ જાય છે તેમ તેમ તે બગડતી જ જાય છે. હું કોલેજ છોડયા પછી એક મિલમાં રહ્યો હતો પણ કેટલીક ઘરસંસારિક અડચણોને લીધે એ નોકરી છોડી દેવી પડી. હાલમાં થોડા દિવસથી પાછો રહ્યો છું, ત્યારે પાછી મ્હારી તબિયત બગડી!–મ્હને ખબર નહિં કે ત્હમે અહિંની ઇસ્પીતાલમાં જ રહ્યા હશો."

"એમ કે? સારૂં થયુ ત્યારે કે મ્હને પણ ત્હમારી માંદગીની ખબર પડી.–કહો હવે ત્હમને થાય છે શું ?"

"મ્હને બીલકુલ અન્ન પચતું નથી અને જીવને ચેન પડતું નથી, તાવ દરરોજ વધતો જાય છે."

દાકતરે દીવો પાસે મગાવ્યો; રમણલાલની સ્ત્રી, એક ઝાંખો દિવેલનો દીવો જે ઓરડામાં બળતો હતો તે લાવવા ગઇ પરંતુ એટલામાં વાટ કોડિયામાં ઉતરી પડી અને દીવો ગુલ થઇ ગયો!

" કાંઇ ફિકર નહિં. રમણુલાલ ધીમેથી બોલી ઉઠયો: " જુવો, પેલા બારણા પાછળના તાકામાં દીવાસળીની પેટી છે. ધીમે રહીને જજો હોં, વાગે નહિં."

એટલું કહેતાં કહેતાંમાં-એક બે ઠોકર તો ત્હેને વાગી પણ ખરી!-આખરે, માંડ માંડ કરતાં દીવો થયો, પણ દીવી લઇ આવીને તે ઉપર મૂકવા જાય છે એટલામાં પાછી વાટ દિવેલમાં જતી રહી. કોડિયું જ્યાંનું ત્યાં મૂકીને દીવાસળીની પેટી લેવા ગઈ, એવામાં પાણીનો લોટો ત્હેના પગે અથડાયો અને ઓરડામાં બધે પાણી પાણી થઇ રહ્યું! " શું થયુ, વાગ્યુ?"—રમણુલાલે પૂછ્યું. " પાણી ઢોળાયું; તો છો ઢોળાયું; પણ જરા પ્હેલાં દીવો કરો. વાગ્યું તો નથી ને?"

" ના. ના. વાગ્યું તો નથી. " તે પત્નીએ ગભરાતે સ્વરે જવાબ દીધો. તે દીવાસળીલઇને પાછી આવી ત્યારે દીવેલનું કોડિયું શેતરંજી ઉપર ઉંધું વળ્યું!—માંડમાંડ કરતાં દીવો થયો; અને તે લઇને પથારી પાસે આવીને શિયાવિહુયા જેવી, બંનેની વચમાં માથું રાખી ઉભી.

દાકતરે રમણુલાલની આંખો, જીભ અને ચ્હેરો તપાસ્યો. "રમણુલાલ, ત્હમારાથી કાંઈ ખવાય છે?—ત્હમને નબળાઈજ ફક્ત વધારે લાગે છે ને ત્હેને લીધે આ તાવ છે. "

" દાકતર સાહેબ, આજ તો રવિવારનું એમણે કશુયે ખાધુ નથી—ચ્હા પીશો જરા?" ત્હેણે પતિ તરફ ફરીને પૂછ્યું.

" હા. હા. બ્હેન, ચ્હા બનાવી લાવો જરા; આપણે ગમે તેમ કરીને બે ચમચા પાઈશું." દાકતરે કહ્યું. તે ચ્હા બનાવી લાવવા ગઇ.

" રમણુભાઇ, ત્હમારે સારો ખોરાક અને સારી સંભાળ એટલાનીજ ખાસ જરૂર છે, સમજ્યા? રૂતુનો તાવ છે તે તો ધીમે ધીમે જશે પણ ત્હમારી તબિયત ત્હમારે ખાસ સંભાળવાની છે."

" હું સઘળું સમજું છું, બંસીભાઇ, પણ શું કરૂં ? મ્હારી સ્ત્રી પૈસાદારના કુટુંબમાં જન્મેલી હોવાથી, તે કશું કામ શીખી નથી; અને એનાં પિયરિયાંની હાલત પણ હાલ તંગીમાં આવવાથી તેઓ અમને કાંઇ મદદ કરી શકતાં નથી. હું જાણું છુ કે પૌષ્ટિક, સારો ખોરાકજ મ્હારે માટે બસ છે. પણ મ્હારી સ્ત્રીને મ્હારી માવજત કરતાં તો નથી આવડતી એટલુંજ નહિ પરન્તુ રાંધવામાંયે કાચુંપાકું કરી મૂકે છે !—પણ તે ગમે ત્હેવી ત્હોયે મ્હારી પત્ની છે મ્હેં એને સભાળવા, એને ખુશીમાં–શાન્તિમાં રાખવાની પ્રતિજ્ઞા લીધી છે, તે અને ત્યાં સુધી હું કેમ વીસરૂં ? ને ખરૂં જોતાં એનોયે કાંઇ એમાં દોષ નથી.હું મીલમાં નવો દાખલ થયો ત્યારે મ્હને કાંઇએ ન્હોતું આવડતું,છતાં બધા મને નિભાવી લેતા'તા. તો એવા બિન કેળવાયેલા માણસો-થાયે આપણે જઇએ !—હુ એટલું તો જાણુંજ છું કે એ મ્હને પોતાના ખરા જિગરથી ચ્હાય છે; મ્હારે માટે કામ કરવાને પ્રયત્ન કરે છે, પણ કમઆવડતને લીધે ત્હેનાથી ન બની શકે તો ત્હેમાં એનો શો દોષ ?–જો જો, એ ચ્હા બનાવવા ગઇ છે પણ બીલકુલ બગાડી નાંખશે. હું સાજો હોઉં ત્યારે તો પાસે રાખીને બધું એને શીખવું છું; પણ હાલ તેમ નથી બની શકતું."

થોડીવારમાં ત્હેની સ્ત્રી ચ્હા તૈયાર કરીને લાવી. દાકતરે એક ચમચા ભરીને ત્હેમાંથી પી જોયો; ત્હેનું મ્હોં કટાણું થયું. જાણે રાંધણિયાની સઘળી ધૂણી ત્હેમાંજ ભરાઇ ગઇ હોયની, ત્હેવો વાસ મારતો હતો. દૂધ ને પાણી જરાયે ભળ્યાં ન્હોતાં; અને નરદમ ખાંડનો ઉકાળોજ બની રહ્યો હતો !

રમણલાલે પ્યાલો હાથમાં લઇ ધીમે ધીમે પાંચ સાત ચમચા ચ્હા પીધો; બાકીનો પત્નીને પાછો આપ્યો.

" હેં ન્હા બગડયો છે ?–સારો નથી થયો ?–કેમ ન પીધો ?" ત્હેણે પૂછ્યું. "ના. ના. ન્હા તો ઠીક–સારો થયો છે. પણ ત્હમે જાણો છો ને, મ્હને હમણાંનું કશુંયે કયાં ભાવે છે ?" રમણલાલે જવાબ દીધો.

તે પત્ની આંખોમાં આંસુ લાવતી, ગળગળી બની જઇ,–ત્હેની સામેજ જોતી જોતી, પ્યાલો પાછો મૂકવા ગઈ.

" રમણભાઇ, ત્હમારા જેવી શાન્ત પ્રકૃતિનો ભલો માણસ મ્હેં હજી સુધી કોઇ જોયો નથી. ધન્ય છે ત્હમને કે મંદવાડમાં પણ ત્હમે ત્હમારી ભલાઇ નથી મૂકતા,– પણ ભાઇ, ત્હમે હવેથી દૂધ પીવાનું રાખો અને ત્હમારૂં કોઇ સગું હોય તો ત્હેને બોલાવો. નહિ તો બિનકાળજી અને ખરાબ ખોરાકથી ત્હમારું શરીર લાશ જશે.

" હા. બંસીભાઇ, ત્હમારું કહેવું હુ ખરૂં માનું છુ. આમા મ્હારી સ્ત્રીનો કશો વાંક નથી. એ બિચારીને આવડે છે એવું કરી લાવે છે.–પણ ત્હમારા કહ્યા પ્હેલાંયે મ્હેં એ વિચાર તો કર્યોજ હતો. હુ મ્હારી એક માશી છે ત્હેને બોલાવવાનો વિચાર કરું છું."

" હવે વિચાર કરવાની કાંઇ જરૂર નથી. એમને જલદી બોલાવો. ઠ્યો ત્યારે, સાહેબજી, હું અત્યારે રજા લઉં છુ. ફીની કાંઇ જરૂર નથી–ત્હમારી પાસેથી તે શી હોય ?–હું મ્હારા દૂધવાળાની સાથે સારૂ દૂધ મોકલું છું અને તે દરરોજ વખતસર આપી જાય એવી ગોઠવણ કરૂં છું: અને સાથે દવાનો એક ડોઝ પણ મોકલું છું.–તે અત્યારે પી લેજો. તે પીધાથી ત્હમને ઉંઘ આવશે એટલે સૂઇ રહેજો. સવારે હુ તાવની અને શક્તિની દવા લેતો આવીશ. સાહેબજી !" દાક્તર ઘર તરફ વળ્યો.

૩

ઘરમાં ગયો તો બાળકના ખોડિયાને અઢેલીને ચંચળ ઉંઘી ગઈ હતી. ચોતરફ સઘળું સાફસૂફ અને વ્યવસ્થિત જણાતું હતું. ત્હેના મ્હોં ઉપર નીચા વળીને બંસીલાલે એક મધુરું, પ્રેમભર્યું ચુંબન લીધું. તે જાગી ઉઠી.

" ઓહો ! એટલીવારમાં આવી પ્હોંચ્યા ? " ત્હેણે હસતે મ્હોંએ પૂછ્યું. " ચાલો, કપડા ક્હાડો. મ્હેં પૂરીયો ને દૂધ તૈયાર કરી રાખ્યાં છે ને પાપડ પણ ત્હમારાં બ્હેનને ત્યાંથી લઇ આવી છું. "

અરે, " જહાનમમાં ગયા પાપડ ! " બંસીલાલ હસતે હસતે પણ જરા શરમાતે સ્હેરે બોલી ઉઠ્યો " વ્હાલી ! હું આજ ગુસ્સે થયો તેથી બહુજ દિલગીર છું. મ્હારા સમ, જો તું જરાયે ગુસ્સો ત્હારા મનમાં રાખે તો. "

પતિભક્ત પત્નીના અંતઃકરણની ઊંડામાં ઊંડી ગુહાઓમાં પણ-આવા ન્હાના પરન્તુ પ્રેમપૂર્ણ વાક્યે પ્રસન્નતાનો પ્રકાશ પ્હોંચાડી દીધો.

" એવું શું બોલો છો, વ્હાલા ? ત્હમારાથી એવું ક્હેવાય ? —મ્હારો વાંક થયો કે ત્હમે થાકયાહાર્યા આવ્યા ને મ્હેં કાંઇ ખાવા લાયક ત્હમારે માટે ન કરી રાખ્યું !—પણ હું શું કરું ?—છોકરાએ આજનો આખો દ્હાડો મ્હને પજવી નાંખી છે.—પણ, અશે, હવે અમને માફ કરો.

પતિએ પત્નીને છાતી સરસી દાબી, ત્હેના સુન્દર કપાળ ઉપર એક સુરમ્ય લલિત ચુંબન વિલસાવ્યું. એજ ત્હેનો ઉત્તર હતો. અને કોઇ પણ સ્નેહાળ પતિપત્નીના યુગલને,—કોઇપણ સંસ્કારી પવિત્ર દંપતીને પરસ્પર આવા રસપૂર્ણ પ્રેમભર્યાં ઉલ્લાસની ઉર લહરો વિના બીજું શું જોઇએ ?

૨. મોતીની માળા

" જગ ગજવજે ઘોર ગીતડાઃ
" ઘડી નચવજે કાન્ત ચિતડાઃ

" નમેરી છાયાનો વિકટ તુજ ઘેરો ઘટ થશે,
" ચળાતી જ્યોત્સ્નાનો મણિમય પ્રીતિપન્થ દીપશે-

ન્હાનાલાલ દ. કવિ.

(ભલે, જગત ! તું ત્હારાં ઘોર ગીતથી જીવન ગજવજે;-અને મનુષ્યોનાં કાન્ત ચિત્તોને પણ, ભલે ! તું સુખ દુઃખ, આશા નિરાશા, શાન્તિ તોફાનનાં મોજાંમાં ઘૂમાવી મૂકજે; જેમ જેમ જીંદગી ઉપર અંધારી નાખતી ત્હારી નિર્દય છાયા ગાઢી થતી જશે, તેમ તેમ ત્હેની વેદનામાંથી પસાર થતાં અમારા મૃદુ હૃદયની શોભા પોતાના નિર્મળ પ્રેમમાર્ગને વધારે વધારે જ અજવાળતી રહેશે.)

૧.

તારા અને નયનલાલને પરણ્યે એકાદ વર્ષ થયું હતુ, છતા હજુ સુધી હિન્દુગૃહસંસારને લગતાં ન્હાનાં મ્હોટાં છમકલાંથી ત્હેમનું ઘર મુક્ત હતું. આમ હોવાનાં બીજાં કારણોમાં એક એ પણ હતું કે,—તેઓ બંને એકલાં હતાં, નયનલાલનાં માતાપિતા મરણ પામેલાં હતાં અને જે થોડાંક દૂરનાં સંબંન્ધી હતાં, તે એવાં ન્હોતાં કે આ દંપતીના ગૃહરાજ્યમાં હાથ નાંખવાની ઇચ્છા કરે. આપણાં કુટુંબોમાં માબાપના હાથમાં રહેલા કાર્યભારની તથા સ્વામિત્વની સામે આથી કાંઇ પણ આક્ષેપ કરેલો માનવાનો નથી; પરન્તુ ઉમ્મ-

લાયક થયેલા પુત્ર અને પુત્રવધુના પ્રીતિ–પરિચયની વચમાં આડ-ખીલી નાંખવા પ્રયત્ન કરતાં કુટુંબીજનની અનીતિ ઉપર તો આ સત્ય આરોપ છે ખરો !

તારા પૈસાદાર ગણાતા કુટુંબમા ઉછરી હતી અને તેથી ત્હેની વૃત્તિઓ અને જરૂરિયાતો સ્વાભાવિક રીતે ખરચાળ થઇ હતી; પરન્તુ નયન પાઠશાળામાં શિક્ષકની જગો ઉપર હોઈ પચાસ રૂપિયાનો દરમાયો લાવતો હોવાથી, હમણા હમણામાં સાધારણ થઇ પડેલી આવક અને ખર્ચ વચ્ચેની આપણા મધ્યમ વર્ગના લોકોની ઘર સંસારી તાણાતાણ આ યુગલના મન ઉપર ચિન્તા, વ્યથા કે વેદનાની માઠી અસર લાગુ પાડી શકી ન્હોતી, તારા થોડું ઘણુ ભણેલી હતી અને ત્હેને વાચન તરફ શોખ પણ હતો; તેમ ત્હેનામા કોઈ દેખીતા દુર્ગુણ કે દોષ પણ ન્હોતા, એટલે ખરૂં જોતાં આવાં પતિપત્નીયે જ્યાં ક્વચિત્ કદાચિ્ નજરે પડે છે, તે દેશમાં તારા અને નયનના વખાણ જ્યાં ત્યાં સંભળાય, ત્હેમા કાઇ નવાઇ જેવું ન્હોતુ.

નયનલાલ સારો વિદ્વાન્ હતો અને આંકેળવણીનો હિમાયતી હતો; ત્હેનો સ્વભાવ સુશીલ, શાન્ત અને નમ્ર હતો, તથા ત્હેના મનના આશયો ઘણાજ ઊંચા પ્રકારના હતા. પરન્તુ પાઠશાળાનું કેટલુંક વધારા પડતું કામ ત્હેને ઘેર લાવીને કરવું પડતું ને તે ઉપરાંત, ત્વરાથી ઊંચે દરજ્જે ચ્હડવાની લાલસાથી ત્હેને જૂદી જૂદી પરીક્ષાઓ પસાર કરવાની પોતાની ઉમેદ બર લાવવા, ઘણો ખરો વખત અભ્યાસમાં ગાળવો પડતો. આથી તારાની ન્હાની ન્હાની ભૂલો સુધારવાનું ત્હેના ધ્યાનમાં આવ્યું જ નહિં હતું. તારાનો સ્વભાવ વ્હાલસ્હોયો, કામગરો ને વિનયશીલ હતો; પરન્તુ ત્હેનામાં મ્હોટી ખોડો, ઉપર જણાવેલા ખર્ચાળપણા ઉપરાંત પણ હઠીલાઈ અને સારાં

સારાં લુગડાં ઘરેણાંની ઘેલછા તથા પરિણામની બેદરકારી, એવી એવી હતી !–આ ખોડો એવી નથી કે જે યોગ્ય રસ્તે વાળ્યા છતા ન જ સુધરી શકે; પરન્તુ નજીવી વસ્તુઓ પણ વારંવાર ઘણી મ્હોટી સંખ્યામા એકઠી થાય તો ભયંકર નુકશાન કરી બેસે છે; અને ન્હાના દોષો પણ લાંબા વખત સુધી રૂહે તો બહુ હાનિકારક થઇ પડે છે; એ સત્ય વીસારવા જેવાં નથી.

૨.

તારાના એક સગાને ઘેર લગ્ન હતું અને નયન તથા તારા બંનેને ત્યાં જવાનુ હતું. નયનલાલને તો સાધારણ પહેરવેશના કપડાથી ચાલ્યું, પણ તારાને કેમ ચાલે ? બધાં સગાં સંબન્ધીની સ્ત્રીઓ સારાં સારા કીમતી વસ્ત્ર અલંકાર ધારણ કરીને એકઠી થાય ત્યા શું તારા ગરીબડી ભીખારણ જેવી ફરે? નહિ ભારે લુગડાં, નહિ સારાં ઘરેણાં ! એવી કંગાલ હાલતમા શું તે પોતાનાં તવંગર સગા સબંધીઓમાં જઇને બેસે ? નયનનું માસિક ખર્ચ ચાળીસ પચાસનુ હોવાથી ત્હેણે અત્યાર સુધીમાં નામની જ રકમ બચાવી હતી; તેથી લુગડા ઘરેણા નવાં કરાવવાનુ ખર્ચ હાલમાં ત્હેને બહુ ભારે પડે તેમ હતું પરન્તુ કંકાસની રાક્ષસીનું પ્રથમ દર્શન એટલું બધું ભયાનક, ચિત્તભેદક હોય છે કે ત્હેનું સ્મરણ પણ જેટલું ઓછુ થાય તેટલુ સારૂં ! તારાએ ક્લેશ આરંભ્યો અને કેટલાક વખત પછી પરિણામ એ આવ્યું કે નયનનું મૃદુ હૃદય ત્હેનો ત્રાસ ખમી ન શક્યું. આથી નવા લુગડાં નામે મંડાવીને હાલ ઉધાર લાવવાં અને ત્હેના પૈસા થોડા થોડા કરીને બેચાર, મહિનામાં આપી દેવા, તથા ઘરેણાં તો તારાના પક્ષાનાં હતાં; એટલે ચાલશે આમ ઠરાવ થયો. હવે કાંઇ નવું આભૂષણ જોઇએ તો તારાની બ્હેનપણી વિજયાલક્ષ્મી જેનો પતિ ઝવે-

રાતનો ધંધો કરતો હતો ત્હેને ત્યાંથી એકાદ હીરાનો હાર કિંવા મોતીની માળા લાવીને કામ ચલાવી લેવું, એમ અન્તે ઠર્યું. અને કંકાસ શાન્ત થયો.

વિજયાલક્ષ્મીને ઘેરથી મ્હોટાં મોતીની એક સુશોભિત માળા આવી લુગડાં પણ સારાં આંખને ગમે ત્હેવાં, સ્ત્રીઓના મન લોભાવે ત્હેવાં,-ઇર્ષ્યા કરાવે ત્હેવાં તૈયાર થઇને આવ્યાં. હવે તારાનો જીવ ઠેકાણે બેઠો ને આત્મા પ્રસન્ન થયો. હર્ષના ઉભરામાં ત્હેના રમણીય ચ્હેરા ઉપર પસરેલું મનોહર સ્મિત હાસ્ય જોઇને નયન પણ પોતાને પડેલી મહેનત, કલેશ, કંકાસ અને ચિન્તા,-બધું વિસરી ગયો; અને પતિપત્નીનાં હૃદય પાછાં એક માર્ગે જોડતા થયા.

લગ્ન તો આવીને ગયું એ ખરૂ, સારાં લુગડાં ને સારા ઘરેણાં પ્હેર્યાં, લોકોને ગમ્યાં, વખણાયા, કંઇક સ્ત્રીઓનાં અંતકરણ લોભાયા, બળ્યાં; તારાના સૌભાગ્યસુખની અનેક રીતે ઇર્ષ્યા થઇ; ત્હેનો આત્મા કાન્ત થયો, શાન્ત થયો,—હવે બધું સંભાળીને મૂકી દેવાનો પણ વખત થયો ! પણ, ઘણુંયે જોયુ, બધી જગોએ શોધ્યું, -ઠેકાણે ઠેકાણે તપાસ કરી જોઇ,-પણ, વિજયાલક્ષ્મીની મોતીમાળા ગુમ થઇ ગઈ તે હાથ લાગી જ નહિં ! તારાએ તો ફક્ત બે દિવસ જ એ પ્હેરી હતી, અને પારકી, એટલે ખાસ સંભાળીને મૂકી હતી.-પણ એ ક્યાં મૂકી હતી તે યાદ આવતું ન્હોતું અને જડતી પણ ન્હોતી !

૩.

હવે તો તારા પૂરેપૂરી ગભરાઈ. નયનને ચોધાર આંસુથી

ઉભરાતી આંખે .અને હૃદયવેધક વેદનાથી ચીરાતા હૃદયે ત્હેણે વા' કહી. નયન પણુ ગુચવાયો, પરન્તુ "ક્યાં જવાની છે ?–આજ નહિં તો કાલે પણુ તે જડયા વિના રૂહેવાની નથી,"–કહી દિલાસો આપ્યો. ફરીથી શોધ—ખોળ કરી. પણુ પરિણામ એનુ એજ આવ્યુ ! —પારકો માલ હતો તે વળી વધારે ચિન્તાનુ કારણ હતું. અન્તે નયન બાગ્રત થયો. કાંઇક તો કરવું જ જોઇએ. દેહ જાય પણુ આબરૂ ન જવા દેવી એવા દૃઢ આગ્રહ ઉપર આવી ત્હેણે ખાનગી રીતે ઝવેરીઓમાં તપાસ કરી પોતાને ત્યાંથી ખોવાયલી મોતીની માળાના જેવી અને જેવડી માળાની કિમ્તનો અડસટ્ટો કરાવ્યો. ત્હેને સમજાયું કે ઉંચા પાણીદાર મોતીના જેવો દાગીનો કરાવતાં લગભગ બે હજાર રૂપિયા જેટલુ ખર્ચ થશે. તેથી તે હબકયો તો ખરો, પણ તે ખર્ચ કરવાનુય ત્હેણે કબુલ કર્યું; અને ખોવાયલા મોતીના હારના જેવડો અને જેવોજ એક હાર છાનેમાને બનાવવાની એક ઓળખીતા ઝવેરીને ફરમાશ કરી.

તારાની પોતાની જકથી પતિને આવા સંકટમાં ફસવું પડયુ, ત્હેવા શોકજનક બનાવે ત્હેની આંખ ઉઘાડી દીધી હતી. પતિની ઇચ્છા ઉપરાંત થઈ જે કર્યું ત્હેને માટે તે પૂરેપૂરી પસ્તાતી હતી; અને પોતાનો આવો ભારે વાંક છતાં, એક પણુ કડવું વચન ન કહાડતા, હમ્મેશાં ધૈર્ય આપવા પ્રયત્ન કરનાર નયનને તે હવે પરમેશ્વર સમ પૂજ્ય ગણવા લાગી હતી. નયન દેવું કરીને ભારે કરજના બોજામાં ઉતરે ત્હેના કરતાં, ત્હેણે પોતાનાં લૂગડાં ઘરેણાં ખપાવી નાંખીને પણુ કરજ જેમ બને તેમ ઓછું કરવું, એ વધારે સારૂં માન્યુ. નયનને તેમ ન કરવાનો આગ્રહ તારાએ વાજબી

દલીલો તથા ખરા દાખલાથી દૂર કર્યો; અને આખરે હેણે ખાસ જરૂર શિવાયનાં વસ્ત્રઅલંકાર વેચી દીધાં. આથી લગભગ બારસો તેરસો રૂપીઆ મળ્યા; તે તથા પોતાના મકાન ઉપર બાકીની રકમ વ્યાજે કહાડી, નવી કરાવેલી માળાની કિમ્મત ભરી દઇ તે વિજયાલક્ષ્મીને ઘેર પ્હોચાડી દીધી.

હવે એક રીતે જો કે શાન્તિ થઇ, પણ બીજી બાજુ પર ઉદ્વેગ તો કાયમ જ હતો! લગ્ન સમયે શીવડાવેલા લૂગડાંના પૈસા બાકી હતા; અને મોતીના હારના ખર્ચ માટે ઉપાડેલી રકમ પૈકી પણ સાતમો આઠસો રૂપિયા આપવાના હતા. તારાએ ઘરના નોકરને રજા આપી અને એક બાયડીથી કામ નભાવી લેવાનો નિશ્ચય કર્યો. ઘરમા થતાં આડા અવળા ખર્ચ બંધ કર્યાં અને દરેક ચીજ પોતાની દેખરેખ તળે મંગાવવા તથા રાખવા માંડી. દરમહિને ઘર શણગારની પણ જરૂરની નહિ અથવા થોડી ઉપયોગી વસ્તુઓમા પૈસાનો જે વ્યય થતો, તે પણ હેણે બની શક્યું તેટલો ઘટાડી દીધો.

પતિને જેમ બને તેમ સુખ આપવા પ્રયત્ન કરવો, હેની સગવડો સાચવવી, હેને હસતે મ્હોંયે મળવું, જેમ બને તેમ હેને પ્રસન્ન રાખવો,—એવું એવું કરવામા હવે તારાનું રસયૌવન પ્રથમ કરતાં જૂદી જ દિશામાં વળ્યુ. પ્હેલાં હેનો વખત જતોયે નહિ: હેને બદલે હવે સમયના સદુપયોગથી જીંદગી જાણે બમણી થતી હોયની એમ હેને લાગવા માંડયું. અને એશઆરામના વિલાસની લહરો જોકે હેના જીવનમાંથી ઉડી ગઇ, તો પણ કર્ત્તવ્યપરાયણતા (ધર્મ-કર્ત્તવ્ય-ભક્તિ)એ ત્યાં નિવાસ કરવાથી, સુન્દરીને બદલે તે સાધ્વી બનવા લાગી. રમણી રૂપે જગતમાં રમવાનું તો જતું

રહ્યુ, (કારણ કે અનુભવ ઘણો કડવો શિક્ષક છે!) પણ હેને સ્થાને, દમ્પતીજીવનમા ગૃહિણી બની ગૃહરાજ્યનો કારભાર ચલાવવાનું બધુ કામ માથે આવ્યું, તે પણ એટલુ ને એટલુ જ સુરમ્ય, સંતોષજનક હતું. તારા થોડા વખતમાં બદલાઈ ગઇ, ફેશનમા આગળ ને આગળ વધતી,—સારાં સારાં વસ્ત્ર શણગારથી નુઘાતી,—અત્તર, ગુલાબજળ ને 'સેન્ટ (સુગન્ધી પાણી)ભર્યો સુવાસ ચોતરફ રેલાવતી,—લીલાયુક્ત યુવતીને બદલે હવે સાદા પહેરવેશમા સુખ સંતોષ અને આનન્દ માનતી,—ખોટી કિશીયારીથી લોકોમાં બડાશ દેખાડવા કરતાં ઘરમાં સુઘડતાથી સઘળુ સુન્દર બનાવવામાં ઉમંગ ધરતી,—બીજા અન્તકરણોમાં સારાં લૂગડાં ઘરેણાંથી ઈર્ષ્યા કરાવવા તથા હેમની સાથેના હકહરીશામમાં વખત ગુમાવવા કરતાં, પ્રિય પતિના એક સ્મિત હાસ્ય માટે રમીવી, પ્રેમાળી બનતી,—તારા હવે એક સુન્દર, મધુરી ગૃહદેવીજ બની રહી હતી

૪.

તારા અને નયનના એક સરખા પ્રયત્નોથી થોડા વખતમા સઘળું કરજ અદા થઇ ગયુ હતુ, અને કેટલોક વખત થયાં નયનનો પગાર પણ વધ્યો હતો. તેમ છતાં પણ તેઓ હજી પોતાની નવીન સારી જીવનરીતિને વળગી રહ્યાં હતાં. તારાને સીમન્તની વધામણી પણ હેના સખીમંડળમાં વ્હેંચવાનો શુભ પ્રસંગ આવ્યો હતો.

વિજયાલક્ષ્મી પરગામ ગયેલી ત્યાંથી આવ્યા પછી એક દિવસ હેને મળવા આવી. વાત નીકળતાં હેણે તારાને પુછ્યું : " બ્હેન ! પેલી કંઠી કોઇ પરખી શક્યુ'તું કે ? "

"એમ શા સારૂં કહે છે, બ્હેન ?" તારાએ હશીને કહ્યું. "પારકું પ્હેરીયે તે વળી એવી રીતે પ્હેરતાં હોઇશું કે કોઇ જાણે ?"

વિજયાલક્ષ્મી બોલી ઉઠી "ના. બ્હેન ! ના. હું એની વાત નથી કરતી.—આ તો,–લેને ત્યારે ખરૂંજ કહી દઉં. એ ત્હને કંઠી આપી'તી ને ! ત્હેનાં મોતી તો ખોટાં હતાં, હોં !–એ વાત કોઇએ સમજ્યું'તું ? તે હું તો પૂછું છું."

તારાના અંતરમાં મ્હોટો ચિરાડો પડયો ! "શું એ માળાનાં મોતી ખોટાં હતાં ?– ત્યારે એ હજાર રૂપિયાને માથે શું નાહક જ પાણી ફરી વળ્યું ?" ત્હેના મનમાં તો કાંઇ કાંઇ થઇ આવ્યું, પણ, તે બ્હાર એક શબ્દનો પણ ઉચ્ચાર કરી શકી નહિં.

"કેમ, બ્હેન ! વિચારમાં પડી ?" વિજયાલક્ષ્મીએ પૂછ્યું. "કાંઈ નહિ, મ્હેંજ." તારાએ જવાબ દીધો, પણ તે સંતોષકારક ન નીવડયો. અને વિજયાના અતિ આગ્રહથી ખરી વાત ત્હેને કહેવી પડી.

"બ્હેન ! એ બધુય હું જાણતી'તી," વિજયા બોલી. "એમનો ને નયનલાલભાઇનો બહુ મેળાપ થયો નથી, તો પણ તેઓ એમના હમ્મેશાં વખાણ કર્યા કરે છે; ને વખત મળે તેમ તેમ ત્હેમની સાથે દોસ્તી કરવા પણ આખો દહાડો વાતો કર્યા કરે છે. એમનીજ મરજીથી, બ્હેન ! હું ત્હને પ્હેલી વ્હેલી મળવા આવી'તી ને પછી આપણને ઓળખાણ થયું.—એમને ત્હે કંઠી માગ્યાની વાત મ્હેં કરી ત્યારે એમને જરા વિચાર થયો કે ઘરાણુ માલ એટલે ખોવાય

બગડે તો શું કરવું ? પણ મ્હારા આગ્રહને લીધે એમનાથી ચોખ્ખી ના તો ના પડાઈ. અને ત્હમારા બંને જણુ તરફ એમને બહુ લાગણી તેથી બહુ વિચાર કરીને છેવટે એમણે પેલી ઉપરથી બબકાદાર પણ પચાસેક રૂપિઆની કિંમતની ખોટાં મોતીવાળી કંઠી ત્હને મોકલાવી.—કોઇ ઝવેરી વગર એ ઝટ પરખાય એવી ન્હોતી. એટલે, બ્હેન! ત્હારે ખોટું માનવાનું નથી, હોં!—પણ પછી થોડા દિવસમાં તો નયનલાલભાઇએ ઝવેરીઓમાં તપાસ કરવા માંડી. એ વાત તરત એમને કાને આવી ને એમણે ઝવેરીને સમજાવ્યા ઉપરથી પ્રથમના જેવી જ માળા ત્હમારે ત્યાં થઇને આવી.—આ વાતની મ્હને તો હમણાંજ ખબર પડવા દીધી. નહિ તો, બ્હેન! આપણાથી તો એવા સારા સમાચાર કહ્યા વગર ના રહેવાય, હોં!—પણ એ તો કહે જે "મ્હારે એ બને વરવહુની પરીક્ષા કરવી'તી; એટલે ન કહ્યું." આખરે ત્હમે દેવું કરીને કંઠી પાછી આપીને દેવું પણ વાળી દીધું!—એ વાત એમણે જાણી, કે તરત મ્હને મુંબાઇમાં જે બધું થયું'તુ તે, અથથી તે ઇતિ સુધી કહ્યું ને બધી રકમ પાછી આપવાની, તે કામ પણ મ્હને સોંપ્યું.—લે બ્હેન! આ ત્હારા રૂપિયા!"

વિજયાલક્ષ્મીએ બે હજાર રૂપિયાનાં નોટ તારાના ખોળામાં નાંખ્યાં.

૫.

નયનને બધી હકીકત જણાવતાં તારા ગળગળી થઇ ગઇ; "પરમેશ્વર સર્વનું સારૂંજ કરે છે, વ્હાલી,!" નયને ત્હેને છાતી સરસી દાબી, ત્હેનાં આંસુ લ્હોતાં કહ્યું. "પૂર્વજોનાં પુણ્ય એવીજ રીતે આડે આવી ભલું કરે છે. પરન્તુ આપણે

તો ઇશ્વરનો આભાર માનવાની સાથે દયાળજીભાઈ જેવા સજ્જન અને ત્હેમનાં વહુ વિજયાલક્ષ્મી જેવી સદ્‌ગુણી સ્ત્રીનો પણ ઉપકાર માનવાનો જ છે.—ગમે તેમ હો, પણ આપણે બન્નેને આ બનાવમાંથી જે સુબોધ મળ્યો છે તે તો કદિ ભૂલવાનો નથી,—એવો બોધ કદિયે સુખશાન્તિમાં મળતો નથી, ને તે એ છે કે, મનુષ્યની જીંદગી સુધરે ત્હેને માટે દુઃખ અને વેદના પણ જરૂરનાં છે. ત્હેને પણ ઇશ્વરની મ્હોટી કૃપાની પેઠે વધાવી લેવાં, એ દરેક પ્રભુભક્ત હૃદયનો ધર્મ છે.” કવિ ખરૂંજ કહે છે કે,

“ ચળાતી જ્યોત્સ્નાનો મણિમય પ્રીતિપન્થ દીપશે. ”

તારા આ પોતાની પ્રેમમૂર્તિના મુખમાંથી ઝરતાં શબ્દામૃતનાં દિવ્ય ઝરણનાં બિન્દુ પીતી, નયનના હૃદય ઉપર મસ્તક મૂકી, સ્વર્ગીય આનન્દમાં વિલીન, પતિભક્ત ઉભીજ રહી.

---

૩. દિવ્ય પ્રેમ.

“ કાઇ સ્વાર્થ કે કારણ તહારા પ્રેમમા મ્હારે નથી, ”
“ પ્રેમનું કારણ પ્રેમ, તે વીના બીજું ગમતું નથી. ”

—હરિ પ્રેમ પંચદશી.

દાક્તરનાં છોકરાં ત્હેને સારી પેઠે ઓળખતાં હતાં, દાક્તરનું પ્હેલુ બાળક હજી તો બેસતાં પણ શીખ્યું ન્હોતું અને આયા ત્હેને ફેલણગાર્ડીમાં સૂવાડીને બ્હાર ફરવા લઇ જતી, ત્યારથી તે પણ ત્હેને પીછાનતી હતી પ્રથમ પરિચય વખતે તો તે ગુસ્સે પણ થઇ હતી !—જૂનાં, ઘસાઇ ગયેલાં અને ટુંકાં પડતાં લૂગડાં પ્હેરેલી એક અજાણી સ્ત્રી ગામના મ્હોટા માણસોમાં ગણાતા દાક્તર સાહેબના એકના-

એક પુત્રને હાથમાં લઈ રમાડવા માગે તો ખરેખર ગુસ્સો તો આવેજને? ડાક્તરના આ પેલા બાળકના કપડાં સ્વચ્છ, સુન્દર અને ફેશનદાર હતા; આ સમયે ડાક્તરની સ્થિતિ સારી, આશાજનક હતી. પણ જેમ જેમ વખત જવા લાગ્યો, તેમ તેમ આયાએ તેડેલાં બાળકોનાં વસ્ત્ર પ્રથમ જેવાં ન્હોતાં; જભલાંના છેડા ઘસાઇ ગયેલા હોય અને વખતે ઓઢવાના રૂમાલને થીગડું પણ મારેલુ હોય!—આવું આવું કઇકવાર જોવામાં આવતુ. આ હકીકત હવે ધીમે ધીમે વધતીજ ચાલી! પેલી ટુંકા કપડાં પહેરનારી બાઇએ છોકરા મ્હોટા થતાં ગયાં, તેમ તેમ ત્હેમનો દેખાવ વધુ વધુ ખરાબ થતો કેમ જાય છે તે વિશે તપાસ કરવા માંડી, કારણ કેઃ એ દેખાવથી ત્હેનુ દિલ દુખાતું હતું. છોકરાં તરફનો તે સ્ત્રીનો પ્રેમ જોઇને આયાનો ગુસ્સો લાંબો વખત ટકયો ન્હોતો અને છોકરાં પણ ત્હેને પોતાના મિત્ર તરીકે ચ્હાતાં હતાં. એનુ નામ ત્હેમને ખબર ન્હોતું, કારણ કે એ પોતાનું નામ કોઇને પણ કદિ જણાવતી નહિ. પણ જે અતિશય માયા ત્હેમના તરફ તે રાખતી, ત્હેને લીધે તેઓ પણ બહાર ફરવા જતી વખત એની પાસે થઇને ગયા વિના રૂહેતાં નહિં. તેઓ ત્હેને મીઠીબાઇના નામથી ઓળખતાં, કારણ કે ત્હેને ઘેરથી તેઓ કદિ પણ મિઠાઈ પામ્યા શિવાય પાછાં ફરતાં નહિ.

" છોકરાં સાથે પેલી કેણ બાઇડી વાત કરતી હતી?"

એક દિવસ દવાખાનાના મકાન આગળ થઇને છોકરાં આયા સાથે ઘેર આવતાં હતાં, એવામાં ન્હાના બાલકની ખબર જાણવા મીઠીબાઇએ તેમને ઉભાં રાખ્યાં, તે બારીએથી ડાક્તરની પત્નીએ

નઈ આયાને ગુસ્સાથી કહ્યું-"અજાણ્યાં માણસો સાથે ઓળખાણ કરવાની રીત મ્હને બિલકુલ પસંદ નથી."

"બાઈ સાહેબ!" આયાએ નરમાશથી જવાબ દીધો: "એનો દેખાવ સારો નથી, તો પણ એ બાઇ બહુ ભલી છે અને અજાણી નથી. મ્હોટાભાઈ પારણામાં ઝૂલતા, ત્યારનું એની સાથે અમારૂં ઓળખાણ છે. તેને આપનાં છોકરા ઉપર બહુ હેત આવે છે. એ કહેતી હતી કે ડાક્તર સાહેબે એક વખત એની બહુજ કાળજીથી સારવાર કરીને એને જીવતદાન દીધું હતું."

એક દિવસ સવારમાં છોકરાં આયા સાથે બ્હાર ફરવા નીકળતાં હતાં એવામાં મીઠીબાઈ ત્હેમને મળી એટલે બધાં ઉભાં રહીને વાતચીત કરવા લાગ્યા. આ બધો દેખાવ ડાક્તરની સ્ત્રી બેઠી બેઠી જોતી હતી. એવામાં ડાક્તર ચ્હા પીવાને ત્યાં આવ્યો.

"પેલી મેલી ઘેલી ડોસલી જેવી કોણ છે?" તે અંતઃકરણમાંથી અકળાઇ જતી હોય એમ તપીને બોલી ઉઠી. તે હમેશાં પોતાના પતિ સાથે એવીજ રીતે બોલતી. "છોકરાં ઉપર તે બહુ ભાવ રાખતી જણાય છે. આયા કહે છે કે એક વખત એ માંદી હતી ત્યારે ત્હમે એની દવા કરી હતી."

ડાક્તરે બહુ વિચાર કીધો "કોઇ દહાડો એને જોયાનું કે એની દવા અગર સારવાર કર્યાનું મ્હને યાદ નથી. અલબત કોઇવાર દર્દી તરીકે મ્હેં એને જોઇ હશે, પણ મ્હને હાલ સાંભરતું નથી."

ત્હેણે અંતરમાંથી ઉંડો નીસાસો નાંખ્યો. ત્હેને હમણાં હમણાંમાં એવા દીર્ઘ નિશ્વાસ મૂકવાની ટેવ પડી ગઈ હતી. હાલ તે બહુ

સારી જીંદગી ગાળતો ન્હોતો. જુવાનીમાં ત્હેણે આશાભર્યો ધંધો બહુ ઉમંગથી શરૂ કર્યો હતો. પણ હાલ બીજા દાક્તરો-વૈદો વધ્યાથી ત્હેનું પ્હેલાં જેટલું સારૂં ચાલતું ન્હોતું. અને જેમ જેમ છોકરાં વધતાં ગયાં, ઉમ્મરે મ્હોટાં થતાં ગયાં, તેમ તેમ ખર્ચ તો વધતુંજ ચાલ્યું! વળી, અધુરામાં પૂરૂં, ત્હેને સ્ત્રી પણ ખરચાળ, સ્વાર્થી અને બળકણીજ મળી હતી, જેનો ચ્હેરો સુન્દર, શરીર મનોહર હતું, પરન્તુ ત્હેના અંતઃકરણમાં ક્રોધ અને ઝેર ઉભરાયાજ કરતાં. તે પણ દાક્તરને પૈસા વધુ પેદા ન કરવા માટે નિરંતર મ્હેણાંટૂણાં સંભળાવ્યાં કરતી હતી. હાથમાં જેટલા પૈસા આવે ત્હેની કિમ્મત ન પિછાનતાં, નજીવી-નકામી બાબતોમાં અને ખાલી બડાશ પાછળ તે ઉડાવી દેતી અને તેથી હમ્મેશાં તે ભીડમાજ રહેતી અને દાક્તરને ગરીબાઇ માં ડાર્યા કરતી હતી! પત્ની અને માતા તરીકેના પોતાના ધર્મ શું છે, ત્હેનો તો ત્હેને જરા ખ્યાલ પણ ન્હોતો. આથી તેનાં છોકરાં મીઠીબાઈ પાસે જવા આકર્ષાય ત્હેમાં કાંઇ નવાઇ જેવું ન્હોતું. છોકરા એ બાઇને "**મેલી ઘેલી ડોસલી!**–" કહેતાં ન્હોતાં. જૂનાં સાંધેલાં લુગડાં, ઉંચો-ટૂંકો પડતો ચણિયો તથા ઘસાઇ ગયેલો કબજો તે પ્હેરતી, અને ચૂકલગડી થઈ ગયેલી ડોશી જેવી લાગતી. ત્હેના વાળ પણ સફેદ થવા લાગ્યા હતા; છતાં છોકરાં તે પોતાની સગી મા હોયની એટલા વ્હાલથી, **મી**ઠીબાઇને ચ્હાતાં.

દાક્તરના મ્હોટા છોકરાએ એક દિવસ ત્હેને પૂછ્યું, " ત્હમે બાપાને ઓળખો છો ? " મીઠીબાઇએ જવાબ દીધો, " હા. બાઇ, હું એમને ઘણા લાંબા વખતથી ઓળખું છું. હું એક વખત બહુ માંદી ને ખાટલેવશ હતી, ત્યારે ત્હમારા બાપાએ મ્હને મરતે મરતે

ઉગારી લીધી હતી. વખત ઘણો થઇ ગયો એટલે એમને કદાચ હું નહિ સાંભરતી હોઉં, પણ મ્હારા ઉપરનો એમનો ઉપકાર હું કદિ વિસરી શકું એમ નથી." તે છોકરાની અને ત્હેની નજર એક થઇ, એટલે એ બોલતી બંધ થઈ ગઇ. ડાક્તરની આંખોના જેવીજ આબેહૂબ ત્હેના છોકરાની પણ આંખો હતી. તે છોકરાએ કહ્યું, "બાપા બહુ ભલા છે, હો. એમના જેવું તો કોઇ ભલું નહિ હોય!" ત્હેના હૃદયમાંથી ઉત્તર નીકળી આવ્યો: "આખી દુનિયામાં નથીજ."

છોકરાં ગયા પછી પોતાના ઘરમા હીંચકા ઉપર એકલી તે બેઠી હતી, એવામાં ત્હેને પોતાની પાછલી હાલત યાદ આવી. એક વખત એવો હતો કે—જ્યારે એને નિરાધાર બાળ વિધવા મૂકીને એનો પતિ અકાળ મરણને વશ થયો, ત્યારે તે પોતાની વૃદ્ધ દાદીને ઘેર રહેતી હતી અને જેમ તેમ કરીને તેઓ પોતાનુ ગુજરાન નિભાવતાં હતાં. એનાં માબાપ તો કયારનાંએ ગુજરી ગયાં હતાં; અને કાળ જતાં, દાદીએ પણ પોતાનું જીવન પુરૂ કર્યું. આ વખતે તે પચીશેક વર્ષની ઉમ્મરે પહોંચી હતી. પોતાના ઘરમા એકલા ન રહેવું એવી હિતેચ્છુઓની સલાહ ઉપરથી તેમ ગુજરાનનાં સાધનો મેળવવાને ધંધો કર્યા વગર તો છૂટકો જ નહિં તેથી, તે એક આબરૂદાર ગૃહસ્થના કુટુમ્બમાં રસોઇ કરી આપવા રહી. બેચાર વર્ષ ત્હેણે આ પ્રમાણે જીંદગી ગાળી, એવામાં એક એવી સખ્ત માંદગીમાં તે આવી પડી કે બે ત્રણ મહિના સુધી તો બિલકુલ ખાટલેવશજ ત્હેને રહેવું પડયું હતું. આ વખતે એક જુવાન, શ્રદ્ધાવાન, આનંદી અને માયાળુ સ્વભાવવાળો ડાક્તર જે તે ગામમાં ટુંકી મુદતથી આવેલો હતો, ત્હેની દવા અને સારવાર નીચે ત્હેને રહેવું પડયું હતું. આ ડાક્તરે જે મહેનત

કાળજી અને માયાથી હેની જીંદગી સભાળી હતી, તે હેને હજી પણ હેવું ને હેવું યાદ હતુ. અને દાક્તરની સાથેની હેની છેલ્લ-મુલાકાત તો હેના જિગરમાં-કદિપણ ખસે નહિ. એવી રીતે—છપાઇ ગયેલી હતી ! તે જે ઓરડામા સૂતી હતી હેમાં પ્રભાતના સુર્યના રમણીય, જીવન આપનાં કિરણો રમતા હતા, દાક્તરે હસતે ચ્હેરે ત્યાં આવીને હેની નાડ તપાસી જોઇ, અને આજ જેટલા નિખાલસ-પણાથી હેનો છોકરો હેની સામે જોઇ રહ્યો હતો, હેવાજ-તેટલાજ નિખાલસપણાથી તે તેની સામે જોઇ રહ્યો; બ્હેન ! હમે હવે તદ્દન સારાં થયાં છો." દાક્તરે મધુર વાણિથી કહ્યું " હમ્મેશા દિલ ઉલ્લાસમાં રાખ્યાથી દાક્તરનો પણ ખપ નથી પડતો, એ હમે જાણતાં હશો. હવે દવા લેવાની કાંઈ જરૂર નથી. કુદરત પોતાનું કામ કરશે અને હેને મદદ કરવાનુ કામ હમારૂં છે. ધીમે ધી. પાછી હમારી તબિયત હતી હેવી થશે. દરેક વસ્તુ બગડેલી ચીજ પણ-શ્રદ્ધા અને શાન્તિ રાખ્યેથી લાગે વખત નિસંશય પાછી ઠેકાણે આવે છે, તે યાદ રાખજો. પ્રભુ સઘળું આપણા સારા માટેજ કરે છે."

આ હેના મીઠા વેણ અને ઉમગી મિજાજ, નિખાલસ દિલ અને માયાળુ પ્રકૃતિ,-એ સર્વના સ્પર્શથી હેનું હૃદય કેવું ઉછળ્યુ હતુ ? જુવાની,-જીંદગીનો વસન્તકાળ, અને પ્રેમ,—આત્માને પાવનકારી વિકાસ, એના ઉભરામાં અંતર કેટલું બધુ તે ઘડીએ ડુબી ગરક થઈ ગયું હતું ? મેઘધનુષ્યના રંગથી રંગાયલું જીવન તે ઘડીએ કેવું એકજ રંગમય ભાસતું હતું ?...પ્રભુ કૃપાથી ધીમે ધીમે તે સર્વ પાછું પોતાની સ્થિતિને અનુકૂળ થઈ ગયું, અને હેની જીંદગીનો એકમાર્ગી પ્રવાહ

પાછો આગળની પેઠેજ વ્હેતો થયો. રહી ગયા માત્ર પેલા થોડા દિવસના પ્રીતિ ગુંજનના ભણકારા,–અને તે પણ ડાક્તરને માટે દિનપર દિન વધતી જતી અલૌકિક ભક્તિભાવના ઉપન્ન કરતા રહ્યા !

કાળ જતાં ત્હેનું નસીબ ફર્યું અને જે શેઠાણીની સેવા ત્હેણે અહોરાત્ર ખરાદિલથી ઉઠાવી હતી, ત્હેને નિકટનું સગું નહિં હોવાથી તે આ બાઈનેજ પોતાની મિલ્કતની કુલ વારસ કરતી ગઈ. પૈસો આવ્યો પણ ત્હેણે પોતાની રહેણીમા કાંઈ જ ફેરફાર કીધો ન્હોતો લોકો એને કંજુસ કહેતા. ત્હેની તરફ ધિક્કારની નજરથી જોતા અને હસતા. અને એટલુ પણ ખરૂજ હતુ કે તે બહુ સાદાઈથી રહેતી અને જાણે પાઈએ પાઈ બચાવવાને યત્ન કરતી હોયની, એમ લાગતું હતું ત્હેને કોઈ જાતના મોજશોખ પસંદ ન્હોતા અને ખર્ચ પણ ઘણીજ કસરથી કરતી પરન્તુ ડાક્તરના છોકરા અને ગામનાં ગરીબ, અપંગ જેવા દુખી મનુષ્યો જ ત્હેના પૈસાનો ખરો ઉપયોગ તે કેવી રીતે કરવો તે જાણતાં.

વર્ષો જતાં ગયાં, તેમ તેમ છોકરા મ્હોટાં થયા; અને ત્હેમને ભણાવવાની તથા બીજા વધ્યે જતાં ખર્ચોની જંજાળથી ગુંચાઈ ગયેલા ડાક્તરના વાળ સફેત થવા લાગ્યા–ત્હેના કપાળ પરની કરચોળીઓ વધવા લાગી. મ્હોટો છોકરો તેર વર્ષનો થયો અને હાઇસ્કૂલમા ગયો, ત્યારે એક આશ્ચર્યકારક બનાવ બન્યો ડાક્તરના ઉપર એક કાગળ આવ્યો, જેમા રૂ. ૫૦૦૦ નાં નોટ હતાં અને ત્હેમાં આટલું જ લખેલું હતું:

“ ત્હમારા મ્હોટા છોકરાની કેળવણીમાં વાપરવા માટે.—એક આભારી દર્દી તરફથી.”

દાક્તરે બહુ તપાસ કરી, પણ તે પત્ર મોકલનાર કોણ હતું હેનો પત્તો ન લાગ્યો, અને દરેક બાળક તેર વર્ષનું થતું ગયું ત્યારે એજ મુજબની હકીકત બનતી રહી. અને પેલી બાઈ, જેને છોકરા મીઠીબાઈ કહેતાં અને દાક્તરની સ્ત્રી 'મેલી ઘેલી ડોસલી !' કઈ જેના વિશે વાત કરતી, હેવી સ્ત્રીની પાસે આટલા બધા રૂપિયા આપી દઈ શકે હેવા હોય, એવું તો સ્વપ્નું પણ કોને આવે? મ્હોટો છોકરો પુખ્ત ઉમ્મરનો થવા આવ્યો, એવામાં એક વિશે આશ્ચર્યકારક હકીકત બની. એક સુપ્રસિદ્ધ વકીલનો કાગળ દાક્ત ઉપર આવ્યો,—જે હેણે ફરી ફરીને વાંચ્યો, પણ તેથી મગજ એટ બધું ભમતું—અને હૃદય ધડકતું થઇ ગયું કે તે એકદમ બ સમજાયો પણ નહિ !—જો કે પત્ર તો સ્પષ્ટ અને સારી ભાષામા લ લખેલો હતો. એમાં જણાવ્યું હતુ કે,—

" બાઇ લક્ષ્મીબાઈ, મરહુમ જગજીવનદાસ પુરુષોત્તમ વિધવા, રહેવાશી—ગામનાં, તેઓએ વીલથી પોતાની સઘળી મિ હમોએ તેઓના ઉપર કરેલી મહેરબાનીની આભારી યાદગીરી તર હમારા છોકરા અને છોકરીઓના હિત અર્થે હમોને ટ્રસ્ટમા આ છે." અને હેમાં તે પછી મિલ્કતનું વર્ણન હતુ.

મિલ્કત પુષ્કળ હતી ! દાક્તરે ભમતે મગજે અને ધડકતે હૃદયે પ્રભુનો ઉપકાર માન્યો. આવી ઉમદા બક્ષીસ કરનારનું નામ પણ હેની જાણ બ્હાર હતું, એ હેને બહુ નવાઇ ઉપજાવનારૂં થઇ પડ્યુ. મ્હોટી છોકરી થોડીવાર વિચાર કરીને બોલી ઉઠી: " અરે ! એનો આપણાં મીઠીબાઇ જ ! "

ત્હેની માએ ચ્હીડાઇને કહ્યું "શું ત્હારી **પેલી મેલી ઘેલી ડોસલી** ! જા, જા. એવો ખાલી લવારો કરીને માથું ફુટાવતી નહિ !"

આવા બાદશાહી ઉપકાર—અમીરી ભેટને લાયક થવાને માટે પોતે શું કર્યું હશે, તે યાદ કરવાને દાક્તરે બહુ પ્રયાસ કર્યા, પણ તે સહુ ફોકટ ગયા. આખરે મ્હોટા છોકરાને કાંઇ યાદ આવવાથી તે બોલ્યો "**બાપા** ! **મી**ઠીબાઈ હમ્મેશાં કહેતાં કે **એ** માંદાં હતાં ત્યારે ત્હમે ત્હેમના ઉપર બહુ માયા રાખતા અને એમને જીવતદાન દીધું હતુ."

દાક્તર ફરી વિચારમાં પડી બબડયો; "હે પ્રભુ ! મ્હેં એવું શુ અને કોની તરફ કીધું હશે ?' તે તો ખરેખર ભૂલીજ ગયો હતો. પરન્તુ એ વાત "**પેલી મેલી ઘેલી ડોસલી**!" ના નિમક-હલાલ અને પ્રેમીના અન્તકરણે પોતાની ઉંડામાં ઉંડી ગુફામા હમ્મેશને માટે સચેતન છુપાવી રાખી હતી

---

૪. પ્રેમનાં પડળ.

નિર્મળાના દિલમાં વહેમનો અંશ પણ નહોતો. સુંદરલાલને તો તે શરીરમાં અને હૃદયમાં સર્વ રીતે સુંદર જ જોતી. પરંતુ જગત્‌ની તુલના દ્રષ્ટિએ તો તેને કયારનોએ બદસુરત ઠરાવી દીધો હતો ! આ દોષ એના રૂપ રંગનો નહોતો. દેખાવમાં તે ઉંચો, દમામદાર અને ગોર વર્ણનો હતો; ચહેરો મનોહર અને કંઠ સુમધુર હતો. અને તેની વાતચીતની ઢબમાં એવી મોહિની હતી કે તેની સાથે વાત કરનાર ઉપર એકવાર તો તે સચોટ અસર કરતો. પરંતુ દુનિયાંનાં વિવિધ

અનુભવોમાં અસ્થિરતા, કૃત્રિમતા અને અપ્રમાણિકતા લાંબો વખત પકડાયા વિના ભાગ્યેજ રહે છે સુન્દરલાલની બાબતમાં પણ એમ જ થયું હતુ.

જૂઠાણું, ઢોંગ, દગલબાજી અને નિમકહરામી, એ તો જાણે એનાં પોતાનાં જ હતાં. અને દુર્વ્યસન, દુરાચાર, જુગાર અને દુષ્ટ સંગમાં જ તે સર્વદા જીંદગી ગાળતો હતો. પરન્તુ એની કોમળ હૃદયની, પવિત્ર, પ્રેમપૂર્ણ સાધ્વી પત્નીના સ્વપ્નમાંય એ હકીકત આવી નહોતી, એમ કહેવું તો કદાચ ખોટું ઠરશે. કારણકે ઘણા માણસોએ તે વિષે તેને સુચનાથી જણાવેલુ થોડાકે ગર્ભિત અને માર્મિક રીતે કહેલુ, અને કેટલાંકે તો મોંએ ચહડીને સ્પષ્ટ પણ સમજાવેલ. પણ નિર્મળા બિચારી નિર્મળ નિખાલસ જીગરની બાઈ હતી; કદી કોઈ કાંઈ તેને પતિ સંબંધી કહે તો તે પણ તરતજ કહેનારના નામ સાથે તે પોતાના પ્રિય પતિને સંવાદમા રજુ કરી દેતી ! પતિ વિરૂદ્ધની કાંઈ હકીકત કે વાત તેના દિલમા તેનું મોં જોયુ કે રહી શકતીજ નહીં ! અને સુન્દરલાલની મીઠી જુબાન પોતાના વિરૂદ્ધની બાબતોના એવી સહેલાઈથી રદીયા આપી શકતી કે જેને પરિણામે નિર્મળાના હૃદયમા લેશ માત્ર પણ વહેમ તો રહેતો નહીં, એટલુંજ નહી પણ સુન્દરલાલ પોતાને—વિશ્વાસુ પત્નીને—તેવા પારકી પચાતમાં ડહાપણ ડહોળતા આદમીઓની સોબત પણ ત્યજી દેવાનું સમજાવી શકતો. કહેવાની જરૂર નહી રહી હશે કે નિર્મળા સુન્દરલાલને એકનિષ્ટાથી, પૂર્ણ પ્રીતિથી, ખરા જીગરથી ચહાતી હતી.

આ દંપતીને લગ્ન થયે ફક્ત ત્રણ વર્ષ થયાં હતાં. પરંતુ તે વર્ષો નિર્મળાને સંપૂર્ણ સુખ, શાન્તિ, સંતોષ અને સ્વર્ગ સ્વપ્નમા ગયાં હતાં.

એક શ્રીમાન્ જમીનદારની એકની એક પુત્રી તરીકે તેને ઘણો ભારે વારસો મળ્યો હતો તેનાં માબાપ તેને ન્હાની મુકી મરણ પામ્યાં હતાં. અને તેને ઉછેરનાર દાદી પણ લગ્ન થયા પછી તરત જ સ્વર્ગવાસી થયાં હતાં. ડોશીનાં મૃત્યુ પછી બધી મિલકતનો વહીવટ કુટુંબના જુના મુનીમ પાસે હતો, પણ તેની પાસેથી ધીમે ધીમે મુન્દરલાલે તે લઇ લીધો અને નિર્મળાને સમજાવી વહીવટમાં સુધારો કરી, ઉપજ વધારવાને માટે (?) ત્હેને આખરે પેન્શન પણ અપાવી દીધું ! મુનીમને રૂખસદ આપ્યા પછી, જમીનો વેચીને તેનાં નાણાં શેર વગેરે ફરતી મિલકતમાં ગોઠવામાં આવ્યાં; અને પોતાની ઉપજ બમણી, ચારગણી કરવાને માટે નિર્મળા હૃદયમાં પોતાના પતિને માટે-તેની અસાધારણ અક્કલ અને હુંશિયારીને માટે-ઘણું અભિમાન રાખતી હતી. સુન્દરલાલની વ્યાપારી બુદ્ધિ અને વ્યવહારિક ઝીણાશ એટલાં તો ઉંચા પ્રકારના તેની પત્નીને ભાસતાં હતાં કે તે પોતાની મિલકતની વ્યવસ્થા કે હિસાબ વિષે એક સવાલ પણ પતિ આગળ ન્હાડતી નહિં હતી.

ઉપર જણાવ્યું તેમ પરમ શાન્તિ, સુખ અને સંતોષના ત્રણેક વર્ષ ગયાં. પોતાને કાંઇક સંતતિ થઈ નહોતી, એટલી જ ચિન્તાનુ કારણ નિર્મળાનાં દિલમાં હતું. પરંતુ પતિસ્નેહની આનન્દચન્દ્રિકામાં સ્નાન કરતી નિર્મળ જિગરવાળી પત્ની તેને કાંઇ લેખવતી નહિં.

અન્તે-અન્તે પેલી મુસ્કેલીની શિરૂઆત કરતી, સંસાર સુખના દેખિલી પળ આવી પહોંચી ! અને-અને નિર્મળાને જિંદગીની કટુતાના પહેલા કાંટા લાગ્યા. વ્યાપારીઓ અને લેણદારો ઉઘરાણી કરવા લાગ્યા, નોકરોના પગાર ચડવા માંડયા, હાથખર્ચને માટે ત્રુટ પડવી

શિરૂ થઇ, અને જરૂરિયાતની વસ્તુઓ મળવી મુસ્કેલ થવાનો પ્રારંભ થયો. તેને હવે એમ લાગવા માંડ્યું કે, ગમે તે કારણથી પણ તેઓ ગરીબાઇમાં ઉતરતાં હતાં. જ્યાં ત્યાં આવકાર અને ખુશામતને બદલે–તેને સ્વજનવર્ગમાં, મિત્રમંડળમાં, ઓળખીતાં તરફથી, વ્યાપારીઓ પાસેથી, બેદરકારી અને અસન્માન મળતાં હોય એમ સુસ્પષ્ટ થવા લાગ્યું. નિર્મળા ગરીબાઈ શુ તે સમજવા માંડી, અને હવે જિંદગીની કડવાશ તેણે પૂર્ણ રીતે પીધી!

પરન્તુ સુન્દરલાલ આ કઠિન વસ્તુસ્થિતિમાં પણ પાછો હઠે તેમ નહોતો. પત્નીના શ્રદ્ધાળુ હૃદય ઉપર તેની જુઆનની માધુરીએ જે સચોટ અસર કીધી હતી, તે આ વખત સારી રીતે કામમા આવી તે આ સરલ દિલની બાઇને સમજાવી શકયો કે,–ઉપજ વધારવા જતાં, એક 'ધુરંધર બેન્ક અને કદિ પણ તૂટે નહિ એવી જામીનગીરીઓ વાળી પેઢી જે અકસ્માત્ તૂટયાં, તેની સાથે તેમનાવાળી મિલ પણ બેશી ગઇ હતી! પત્નીના કોમળ જિગરને આવા દિલગીરીના સમાચાર કહેવા તેના કરતા પોતે જ સઘળો બોજો સહન કરીને જે મકાનો વગેરે સ્થાવર મિલ્કત રહી હતી તેના ઉપર નાણું ઉપાડીને ફરીથી વ્યાપાર શિરૂ કીધો; પરન્તુ દૈવ પ્રતિકૂળ હોવાથી તેમા પણ મ્હોટી ખોટ આવી ગઇ હતી. અને તેથી તેમને 'માથે આસમાન અને તળે ધરતી!' એટલું જ રહ્યું હતું! અપ્રામાણિકતાથી તે પૈસો બચાવી શકત, પણ અપ્રામાણિક થવાય જ કેમ? બીજાઓને છેતરીને ખોયેલી મિલકત તે પાછી મેળવી શકત. પણ કેટલા કાળ સારૂ બીજાને છેતરી, તેમનાં હૈયાં બાળવાં?–આવા આવા સદ્ગુણ અને સુનીતિના વિચારને લીધેજ વ્યાપારમાં તે માર ખાઇ ગયો હતો,

અને એ તો જાણીતી વાત છે કે, વ્યાપારમાં વળી પ્રમાણિકતા અને નીતિ કેવી ?

ગરીબ બિચારી વિશ્વાસુ નિર્મળા ! પતિની સાકરિયા વાણીના ઘૂંટડે ઘૂંટડા તે ઉમંગભેર પી ગઇ અને ઉલટી તેને 'કાંઇ હરકત નહિ, ગરીબ થયાં તો શું ફીકર છે ? તમે મારી પાસે છો ત્યાં સુધી મ્હારે મન ઝુંપડી પણ રાજમહેલ જ છે'–એમ કહી ધીરજ અને આશ્વાસન આપવા લાગી.

અન્તે મુસ્કેલીની છેલ્લા પગ પણ આવી પ્હોંચી ! નિર્મળા અને સુન્દરલાલે પોતાની હવેલીને છેલ્લી સલામ કરી, દાદીમાના પિયરનું એક નાનકડું મકાન હતું, તેમા આવી રહેવું પડયું. આ વખતે તેમને નાણાંની ભીડ બહુ સખ્ત પડવા લાગી હતી; અને ઘરમાં એક જૂની ચાકરડી સિવાય બીજો કોઇ નોકર પણ રહ્યો નહોતો. ઘરડા મુનિમને પેન્શન હવે મળી શકતુ નહોતું; પરંતુ તે પોતાની પાસેથી પેલી ચાકરડીની મારફત આ દંપતીનાં ગુજરાનના સાધન થોડાં વધુ પુરાં પાડતો હતો. નિર્મળાને આ હકીકત માલુમ નહોતી, નહિં તો તે પોતાના પતિને કહ્યા વિના રહેત નહિ; અને સુન્દરલાલભાઇ આવી સહેલાઇથી મળતી સહાયનો સદુપયોગ (?) પણ કર્યા વિના રહેત નહિં, એ નક્કી છે.

પરન્તુ તેમનાં ગુજરાનનાં સાધન હજી તદ્દન નાશ પામ્યા નહોત. નિર્મળાને તેની ડોશીએ કન્યાદાનમાં આપેલ લગભગ બે ત્રણ હજારના દાગીના તેની પાસે જ હતા.–'પાસે જ હતા' નો અર્થ આ વાર્તામાં આવેલી હકીકત અનુસાર કરવાનો છે, એટલે કે નિર્મળાની તીજોરીની પેટી, જેની કૂંચીઓ ઘરની સઘળી કૂંચીઓની સાથે સુન્દરલાલ

પાસે રહેતી, તેમાં જ તે હતા. પરન્તુ હવે આ સુશીલ પત્ની, કે પતિની મરજી વિરૂદ્ધ એક શબ્દ પણ કહાડી શકતી નહોતી, તેણે ચોતરફ વિપત્તિઓ ઝઝૂમતી જોઇ, હિમ્મતથી પતિ પાસે પોતાની કૂંચીઓ માગી. સુન્દરલાલે તરત જ તે પોતાની પાસેથી કહાડી આપી અને તેનું શું કામ છે તે પૂછ્યું. નિર્મળાએ કહ્યું કે, 'તમે દુઃખ પામો છો અને હેરાન થાઓ છો, અને તે સર્વ વળી મ્હારે ખાતર! છતાં પણ તમે મારાં ઘરેણાં વેચવા કહાડતા નથી, એ ઠીક નહિં. તમે મુશ્કેલી ભોગવો તો પછી મારે એ દાગીનાનું શું કામ છે ? તમારા પછી જ મારી સઘળી માલમિલકત છે, એટલું તો મને બતાવવા દો ?'

સુન્દરલાલની આંખમાં આ ઉદાર, સ્નેહાળ વચનો સાંભળીને આંસુ આવી ગયાં! નમ્ર ચ્હેરે, શોક ભર્યા શબ્દોમાં, ધીમા સ્વરથી તે બોલ્યો: 'વ્હાલી! મારે પણ તારા કરતાં શું વધારે છે? તારી મિલકત સુધારવા જતાં મારે જ હાથે તે નાશ પામી, એ સાંભરી આવીને મને બહુ લાગે છે પણ શું કરૂં? તેનો તો ઉપાય નથી પરન્તુ આ જિંદગીમાં પ્રાણ છે ત્યાં સુધી એમ તો કદિ પણ નહિ કહેવા દઉં કે સુન્દરલાલે પોતાની બૈરીનાં ઘરેણાં વેચીને પોતાનું ગુજરાન ચલાવ્યું! માટે મારૂં આટલું કહ્યું તો તારે માનવું જ પડશે કે આવી વાત હવે મને કોઈ દિવસ કરવી જ નહિ. એ સાંભળીને પણ મારૂં હૈયું ભરાઇ આવે છે!'

પતિના દિલની ખરી ઉદારતા તથા આત્મજ્ઞાનની લાગણી અને પોતાને માટેની આવી અસાધારણ પ્રીતિ જોઇ નિર્મળાનું અંતઃકરણ અત્યંત સંતુષ્ટ થયું. પરન્તુ તેણે ઘરેણાં વેચી દઇ તેનાં નાણાં કઃ

ઉપયોગમાં લેવાની હક તો ચાલુજ રાખી, 'તમે નહિં વેચો તો હું ને વેચી આવીશ અને તેના પૈસા કરીશ, તેણે કહ્યું. સુન્દરલાલે હસતે હસતે તેના હાથમાંથી કુંચીઓ ઝુંટવી લઇને તેને જવાબ દીધો કે, 'હું તને તિજોરીની કુંચી આપીશ ત્યારે કની ?'

કેટલાક મહિના વીત્યા બાદ સુન્દરલાલને અકસ્માત પ્લેગનો વ્યાધિ વળગ્યો અને પત્નીની અથાગ મહેનત છતાં થોડા દિવસમાં તેણે દેહ ત્યાગ કર્યો.

નિર્મળા હવે અત્યંત આશાહીન થઈ ગઇ. તેને જિંદગીમાં ઝાંઝવાંનાં પાણી અને ઝેરનાં ઝરણાં સિવાય બીજું કાંઇ જ ભાસ્યું નહિ. આ આઘાત એવો સખ્ત હતો કે તે પણ મરણતોલ માંદી થઇ ગઇ. અને જૂની ચાકરડી તથા વૃદ્ધ મુનીમની તનતોડ સારવાર ન હોત તો તે પણ કયારનીએ આ દુનિયાનો ત્યાગ કરી ગઇ હોત. મુનીમ તેને પોતાને ઘેર લાવ્યો હતો. તેને કાંઈ સંતતિ ન હોવાથી અને નિર્મળાના બાપદાદાની નોકરીમાં એ પૈસા સારા પેદા કરેલ હોવાથી તે પૈસેટકે સુખી હતો. પોતાના શેઠની પુત્રીને તે પોતાની જ દીકરી ગણતો હતો.

અને નિર્મળા સાજી થઇ, પણ પતિના લેણદારોની સંખ્યાએ તેને આભી કરી મૂકી. અને ગમે તેમ કરીને પણ પોતાના 'વ્હાલા'નું કરજ, જે પોતાનાજ હિત માટે તેણે કર્યું હતું તે ફીટાડવું, એવો સંકલ્પ કરી, હવે દાગીના પોતાને તો કાંઇ ઉપયોગના હતા જ નહિ, એમ માની, તે વેચવાનો વિચાર કીધો. ઘરેણાંના જે નાણાં આવે તેમાંથી બને તેટલું પતિનું દેવું આપવું એમ વિચાર તો તેણે કર્યો પણ એક બાબતમાં મુનીમજી અને કરડી ચાકરડીને તેની સાથે

વિરોધ થતો અને તે પતિના વર્તન-વિચાર-અને ગુણકર્મ બાબતમાં હતો. હવે તો એને બહુ નાખુશ થતી જોઈ તેઓએ એ વાત કરવી ત્યજી દીધી હતી, પણ એ બંનેના મત કાંઈ ફેરવાયા નહોતા, એમ તો તે જાણતી હતી. આથી તે દાગીના મુનીમ કે દાસી મારફતે તો વેચી શકે તેમ હતું જ નહિ તેથી તે પોતાનાં ઘરેણાંની પેટી લઈ એક વૃદ્ધ શાહુકાર હતો, કે જેની મારફત નિર્મળાના વડીલો ઘરેણાં કરાવતા તથા સોનુ રૂપુ અને હીરા મોતી ખરીદ કરતા, તેની પાસે ગઈ. આ શેઠ બહુ સમજુ અને ઠરેલ હતો, તેણે તેના સારો સત્કાર કર્યો અને આવવાનું કારણ પૂછ્યું. નિર્મળાએ તે જણાવ્યું અને પેટી તેના હાથમાં મૂકી.

પેટી ઉઘાડવાને બદલે તે શાહુકારને વિચારમા પડેલો જોઈ નિર્મળાએ પૂછ્યુ—"શેઠ કાકા! કાંઈ વિચારમાં છો?-કે કાંઈ વહેમ આવે છે? મારી હાલત બદલાઈ છે. પણ આ પેટી તો મારી જ છે. એ માટે જોઈએ તેવી ખાત્રી હું તમને કરી આપીશ."

તે શાહુકારે જરા ફિક્કાશ મારતું સ્મિત કરી પેટી ઉઘાડી, અને અંદર નજર કરી. તે બોલ્યો:—"બ્હેન! તારે એવી ખોટી શંકા અથવા વહેમ લેવાનું કારણ નથી. તારી હાલત કમનસીબીથી બદલાઈ તેની પણ મને પૂરી ખાત્રી છે, તેથી હુ જરા ખંચકાયો એનુ કારણ તારી પ્રમાણિકતા વિષે કાંઈ વહેમને લીધે નહિ, પણ મને લાગે છે કે કાંઈ તારી સમજફેર થઈ છે તેથી!"

"આ ઘરેણાં દોઢેક વર્ષ ઉપર તારા તરફથી સુન્દરલાલ લાવ્યા હતા. અને તેમાંના હીરા માણેક તથા મોતી બદલીને ખોટાં નંગ તથા

ાટાં મોતી અંદર જડાવી ગયા હતા ! તેઓ તારૂં નામ દઇને જ ાકરી ગયા હતા. અને તને રૂપીઆની કાંઇ ખાસ જરૂર છે તેથી તે વેચવા પડે છે એમ કરી તે વેચી પણ દીધા હતા ! આ દાગીનામાં નંગ, હીરા અને મોતી છે, તે બધા ખોટા છે. અને ભાગ્યે પચાસ રૂપીઆ પણ ઉપજે એમ છે ! "

નિખાલસ દીલની ભોળી નિર્મળા નિરાશ થઇ. ઘરેણાંની પેટી લઇ પાછી ફરી. તેને પતિની વર્તણુકમાં કાંઇક ન સમજાય એવું જીંદગીમાં આજ પહેલીજ વાર ભાસ્યું. પરંતુ તેના અંતરના ઉંડાણમાં પ્રેમની પ્રતિમા બીરાજતી હતી, તેણે થોડીવારમાં પોતાનું સામ્રાજ્ય એવુંને એવુંજ ફરીને જમાવ્યું, અને તે એટલુંજ બોલીને સંતોષ પામી કે 'કોણ જાણે એમ કરવાનું એમને શું કારણ હશે? શી ખબર પડે,-કયમ જાણ્યુ કે મારી પોતાની ખાતર જ મને દુ:ખી નહિ કરવાને માટે જ એટલો ભેદ એમને મારાથી નહિં રાખવો પડ્યો હોય ?'

પત્નીનું હૃદય.

Woman's at best a Contradiction Still"—Pope.

સંસાર ત્હને વિરોધની મૂર્ત્તિ ગણે તો ત્હેમાં ત્હારો શો દોષ ? ...(ત્હારા કામને) ગમે તો સંસાર સ્ત્રી ચરિત્રના ચાળા માને ને તો ઈશ્વરે રચેલા અનેક પરસ્પર વિરોધી ચમત્કારોમાં ગણે... શુ સાધુજનો તો ત્હારા વિરોધમાં માત્ર વિરોધાભાસજ જુવે છે.

—સરસ્વતીચંદ્ર (ભા. ૪) ઉપરથી.

રૂપ, યૌવન, ધન, જ્ઞાન, અને સત્તા—એ દરેક વસ્તુ 'અતિ થયે માદક છે એટલે હેનો પણ નિશો ચ્હડે છે; તો પછી, પચ્ચી વર્ષની ઉમ્મર સુધીમાં કદિ પણ એક દિવસ પણ માથુંયે દુખ્યું ન હોય, શહેરના કસરતી પ્હેલવાનોમાંનો પ્રથમ પંક્તિ રાખી રહ્યો હોય, ક્રિકેટ–ટેનિસ ફુટબોલ–દરેક પ્રકારની શારીરિક રમતમાં પ્હેલો ગણાતો હોય, અને સ્વરૂપે પણ દેખાવડો, મનોહર, હસમુખો હોય; સ્થાનિક યુનિવ્હર્સિટીની બધી ડિગ્રીઓ મેળવવાને ભાગ્યશાળી થયો હોય એટલું જ નહિં પણ વિલાયતની પણ થોડીક હેમની સંખ્યામાં ઉમેરી શકયો હોય; આ બધું છતાં વધારે ખુબી તો એ હોય કે બધી દુનિયાની જાણ બ્હાર—એ સઘળી ડિગ્રીઓની નિરૂપયોગિતા-એટલી બધી વિદ્યાની બિનજરૂરિયાત–ન હોય; કારણ જ્યાં સોનું રૂપું અને મોતી હીરા, રસ્તામાંના ઈંટાળા, ઢેખાળા તથા કાંકરાના કરતાં વધારે સંભાળ યોગ્ય ગણવામાં આવતાં ન હોય ત્યાં સાધારણ જનમંડળ જ્ઞાનનો શો ઉપયોગ કરવો, હેની શું જરૂર છે, એ સમજી શકાતું નથી. અને એ વાત તો સુવિદિત જ છે કે મ્હોટામાં મ્હોટી સત્તા પણ પૈસાને વશ છે, લક્ષ્મીની દાસી છે; હારાશાને આ સર્વ હતું; તે રૂપવાન હતો,—ભર યૌવનમાં હતો,—હેના કરોડાધિપતિ કાકાની અસંખ્ય દોલતનો તે એકલો વારસ હતો; હિન્દુસ્થાનમાં જ નહિ પણ યુરોપ, અમેરિકા, જાપાન, સર્વ સ્થળેથી હેણે વિદ્યા સંપાદન કીધી હતી અને કેટલાક વિષયોમાં તો તે એટલો તો પ્રવિણ ગણાતો કે હેમાં જિંદગી ગાળનારા વિદ્વાનો પણ હેની સલાહ લેવા આવતા,—અને હેના કાકાના અઢળક પૈસાનો જેટલો ઉપભોગ થાય તેટલો તે કરી શકયો હતો—લક્ષ્મી રૂપી સત્તાનો જેટલો અનુભવ મેળવાય તેટલો તે મેળવી શકયો હતો.

દારાશાનો બધો કેફ-મદ એક દિવસ ઉતરી ગયો; ત્હેના આ સઘળા આખી દુનિયાંની નજરને આંજી નાંખે એવા ગુણ પણ એક યુવતીના મન ઉપર કાંઇ જ અસર કરી શકયા નહિં! ગુલબાનું એક મ્હોટા હોદ્દેદાર પારસી ગૃહસ્થની એકની એક પુત્રી હતી; વીસ વર્ષની લગભગમાં સારૂં જ્ઞાન સંપાદન કરી પાઠશાળા છોડી ત્યાને ત્હેને ફક્ત એકાદ વર્ષ જ થયુ હતું: ત્હેની સુરૂપતા, સુન્દર મધુરતા, યૌવનના વિકાસથી ખીલી નીકળતી મનોહરતા, એ સર્વ એટલામાં તો ક્યારનાંયે આખા મુંબાઇના પારસી યુવકોને ત્હેની સાથે લગ્ન કરવા માટે ઉત્સુક કરવા ગાંડાઘેલા બનાવી મૂકવા શક્તિમાન થઇ ચૂકયાં હતાં! પરન્તુ ગુલબાનુ સાધારણ વૃત્તિઓ અને વિચારવાળી યુવતી ન્હોતી; ત્હેના મનના આશય ઉંચા પ્રકારના હતા, ને દુનિયાની ખોટી હુશીયારીને ધિક્કારી કહાડતી હતી, અને કાંઇ પણ પ્રકારે મનુષ્ય મંડળને ઉપયોગી થઇ શકાય એવી તરેહની જીંદગી ને ચ્હાતી હતી.

પોતાની તન્દુરસ્તી, પૈસો, જ્ઞાન અને સત્તા,—એ સર્વથી ગમે તો દારાશા કંટાળી ગયો હોય, અતિશય થયાથી ત્હેમનો અપચો થઇ અભાવ થયો હોય કે ગમે તેમ હોય તો પણ એટલી વાત તો નક્કી જ છે કે, ગુલબાનુને જોઈ ત્યારથી જ ત્હેનું દિલ ત્હેની તરફ ખેંચાવા લાગ્યું. ખરાબમાં ખરાબ રસ્તાઓમાં, ઉનાળાના બરતાપમાં, સરતોની અંદર જે પહેલવાન પોતાની 'મોટર'-ગાડી એકેક મિનિટમાં માઇલ માઇલ લઈ જતો અને ત્હેના હૃદયને જરા અસરે થતી નહિં, ત્હેનો હાથ જરા ધ્રુજતો કે થડકાતોયે નહિં, અને ગમે ત્હેવા સખત 'બોલરો' (બોલ ફેંકનાર) ના ઘાની સામે એક સરખી

ધીરજ, હિમ્મત, અને ખંતથી ટકી રહી તે કલાકના કલાક સુધી જરા પણ થાક્યા વિના રમત ટકાવી શકતો,–ત્હેના હૃદયમાં પણ એક નયનયુગલની દૃષ્ટિ પડતાં ધબકારા ઉતાવળા થવા લાગ્યા, શરીરની નસોનું લોહી વધારે વેગથી દોડવા લાગ્યું અને મગજ ઘુમરાઇ જવા માંડયું; આનું કારણ તે એટલું જ સમજી શકયો કે ગુલબાનુની સાથે પોતે પ્યારમાં પડયો હતો અને ત્હેને ખરા જીગરથી ચ્હાવા લાગ્યો હતો. ત્હેનો દરજ્જો મ્હોટો હતો, ત્હેની સ્થિતિ આસપાસના મનુષ્યો કરતાં એટલી બધી તો ચ્હડિયાતી હતી કે અત્યાર સુધીની પોતાની સઘળી ધારણાઓમાં તે પાર પડયો હતો. એટલુંજ નહિં પણ નશીબ દેવીએ જાણે ત્હેની ખિજમતદારી કરવાને આતુર હોયની એમ ત્હેના મનના વિચારને અનુસરી–ત્હેની વૃત્તિઓને અનુકૂળ થવામાં, ઉત્પન્ન થયા પ્હેલાં તે પૂર્ણ કરવામાં જ, જાણે પોતાને કૃતાર્થ માનતી હોયની એમ ત્હેની સાથે તે ચાલતી હતી. એટલે દારાશાને મન ધારવું અને કરવુ એમા કાંઇ પણ ફરક નહિ હતો.

તેઓ એક બાગમાં મળ્યાં હતા, મેળાવડામાં ટોળામાંથી ન્હાનકડી ટોળીઓમાં અને યુગલોમાં સઘળાં વ્હેંચાઇ ગયાં, ત્હેમાં દારાશા અને ગુલબાનુ એકઠાં આવી ગયા અને ધીમે ધીમે એકલાં પણ પડ[illegible]

"ગુલબાનુ ! હું બીજા બધાંથી દૂર થવાની જ રાહ જો[illegible] હતો. હું ત્હમને કેટલાક વખતથી મ્હારા દિલની વાત કહેવાના [illegible]ચય ઉપર આવેલો છું અને તે એ છે કે હું ત્હમને પૂરેપૂરા જિગ[illegible]થી–ત્હમને ખ્યાલ હશે ત્હેનાથી પણ વધારે–બર પ્યારથી ચ્હાઉં છું. એમ પણ ધારૂં છું કે ત્હમે મ્હને એટલો બધો ચ્હાતાં નહિં હશો કારણ, તમારા પ્રેમની કોઇ પણ નિશાની હું મ્હારી સાથેના ત્હમાર[illegible]

સહવાસમાં જોઈ શકયો નથી. છતાં હું ત્હમને ચ્હાઉં છું. મ્હારા મનની હાલત એવી થઇ ગયેલી છે કે હું ત્હમને તે જણાવું નહિં ત્યાં સુધી મ્હને ગભરામણ જ થયાં કરે. હું ત્હમને ખરા દિલથી ચ્હાઉં છું. અને તમો મ્હારી સાથે લગ્ન કરવાની હા કહેશો એમ આશા રાખું છું."

તે બોલતો બંધ પડયો; ગુલબાનુ પણ નીચી નજર રાખીને આરસની એક નાજુક, ખૂબસુરત પૂતળી હોયની એમ બેશી રહી.

"મ્હને કાંઇ પણ જવાબ નહિ મળે?" આખરે દારાશાએ પૂછ્યું.

"મ્હારે શું કહેવું ત્હેની બીલકુલ મ્હને સમજ પડતી નથી." તેણે મન્દ, વિચારશીલ સ્વરથી જવાબ દીધો; "હું ત્હને ત્હમારા જેટલી જ પ્રીતિથી ચ્હાઉ છુ કે નહિં તે હું સમજી શકતી નથી એટલે ત્હમને જણાવી પણ શકતી નથી. પણ ત્હમારે માટે મ્હારા મનમાં સારી લાગણી છે અને,—પણ ત્હમને ખરેખરૂં કહી દઉં?"

"હા. હું પણ તે જ માગું છું." તે તરત જ બોલી ઉઠયો.

"ત્યો, ત્યારે, ખરેખરૂં તો એ જ છે કે, ત્હમારી પાસે એટલું બધું છે?—હું જાણું છું કે ત્હમે મ્હને ઘણું મ્હોટું માન આપો છો જેને માટે મ્હારે મગરૂર થવું જોઇએ—અને બીજાંઓ અદેખાઈ કરે એવું છે. પણ મ્હારા મનમાં નિશ્ચય થઇ શકતો નથી કે મ્હારી લાગણી તે ત્હમારે માટે છે કે ત્હમારી બીજી ચીજો—પૈસો, સત્તા એ બધાને માટે છે. લગ્નની વાત એવી છે કે ત્હેમાં એક પણ પગલું ભરવું તે ઘણું જ જોઇ વિચારીને ભરવા જેવું છે; અને ત્હેમાં પોતાના દિલની પણ જ્યાં સુધી ખાત્રી ન હોય ત્યાં સુધી શું કરવું? તમોને પોતાને નથી લાગતું કે આપણને પોતાને નિશ્ચય થાય ત્યાં સુધી કાંઇ જ ન કરવુ અને સબુરી પકડવી?"

" ત્યારે ત્હમે મ્હને કાંઈ જ જવાબ નથી આપતાં ?" તે પાછું પૂછ્યું.

" મ્હારા મનમાં ત્હમારી તરફ સારી લાગણી છે એટલુ સમજી શકું છું. ત્હમારૂં દિલ દુખાવવા માગતી નથી." ત્હેનો સ્વ વધારે મૃદુ, વધારે કોમળ થયો. " હાલ તો મ્હારાથી કાંઈ જ જવાબ દઈ શકાય તેમ નથી પણ—" તે બોલતાં બોલતાં જરા અટકી અને પછી જરાવાર પછી તે દૃઢતાથી બોલી ઉઠી, " ના, ના મ્હારાથી તે બની શકે તેમ નથી. હું ત્હમારી માગણી કબૂલ રાખી શકું તેમ નથી."

બીજે દિવસ હારાશા ચોપાટી ઉપર ફરતો હતો ત્હેવામાં એક પાટલીની આસપાસ કેટલાક પારસીઓ ટોળું મળીને ઉભા હતા. તે પાસે ગયો ત્યારે તેઓમાંનો એક માણસ બીજાઓને સમજાવતો જણાયો.

" ખરેખરો ત્યાં જ લાગ છે. વિલાયતથી લોઢું, કોલસા, ધાતુ, —સાંચાકામ બધું મંગાવીએ અને અહિં કામ કરીએ ત્હેમાં આપણો શું દહાડો વળવાનો ? મધ્યપ્રાન્તમાં ખરેખરી કીમતી ખાણોનો ભંડાર છે પણ તે ઉઘાડનાર કોણ છે ? આપણા લોકોમાં તો જરાયે હિમ્મત જ બળી નથી. સ્હેજ હું ત્હમને કહું; હું પંડે તપાસ કરી આવ્યો છું અને એક ઇંગ્લિશ કંપનીએ ત્યાંની જમીનનો થોડોક ભાગ લીધો એ ખરો. મ્હારી જોડે જો કોઇ અનુભવી ભરોસાદાર ઇન્જીનિયર હોયને તો"—

" હું ઇન્જીનિયર છું. કહો કાંઈ હુકમ-ફરમાશ છે ?" હારાશા મ્હોં મલકાવતો બોલી ઉઠ્યો. બધાયે પાછળ જોયું અને તરત જ પાછળ ત્હેને મારગ આપ્યો. રતનજી-કરોડાધિપતિનો વારસ-એક ઘણો મ્હોટો માણસ હતો.

"હા, હા. હું ઈન્જીનિયર છું. મ્હેં ઇંગ્લાંડ, જર્મની અને યુનાઇટેડ સ્ટેટ્સમાં એ કામની ડિગ્રિઓ તથા સનંદો મેળવેલી છે; અને એકાદ બે જગાએ તો મજુરની પેઠે ખાણમાં કામ કરીને અનુભવ પણ મેળવ્યો છે." ત્હેણે ગંભીર ચ્હેરે ફરીથી કહ્યું.

બધા ખડખડાટ હસી પડયા. ત્હેમને આ બહુ મઝાની મશ્કરી લાગી.

"હું તો ખરેખરૂ જ કહુંછું કે—આ મશ્કરીની વાત નથી;" પેલા પ્રથમ વાત કરનારે આગ્રહપૂર્વક પાછું પોતાનું ભાષણ શરૂ કર્યું. "હું તો ખરેખરૂં જ કહુંછું કે આપણા લોકો નાહક વિલાયત પૈસો જવા દે છે અને પછી બૂમો પાડે છે કે અમે ગરીબ થઇ ગયા! આ મધ્ય પ્રાન્તની ખાણો એકેકી કરોડો રૂપિયાની કિમ્મતની છે. ફક્ત જરા શરૂવાતની મહેનત પડે અને પછી તો એકાદ ત્યાંથી રેલ્વે કરી દીધી એટલે બસ!—આપણા લોકની ઉંઘ ઉડવાની નથી તો; મ્હને તો કોઈ નહિ મળે તો યુરોપીયનની સાથે મળીને પણ હું ધારેલી ઉમેદ બર લાવ્યા વિના રૂહેવાનો નથી."

રાતે રતનજી શેઠ અને દારાશા ખાણું લઇ, વાતોનાં ગપ્પાં હાકતા બેઠા હતા એવામાં નવ વાગ્યા એટલે દારાશા ઉઠયો.

"દારા! જરાવાર થોભ, દીકરા!" શેઠે કહ્યું. "અત્યારનું ખાણું તો ઠીક હતું ને? ત્હને પસંદ પડયું કે કેમ?"

"નહિં, ચાચાજી, બહુ મઝેનું હતું." દારાશાએ જવાબ દીધો.

"ત્યારે તો ઘણું સારૂં," રતનજી બોલ્યા; "હું પણ એમ જ ધારતો હતો, પણ તે સારૂં તો હોવું જોઇએ ને! કારણ, આપણી છેલ્લામાં છેલ્લી દમડી પણ ત્હેમાં ખરચાઈ ગઇ છે. તું સમજ્યો બચ્ચા?"

દારાશા તો આભો જ બની ગયો હોય તેમ દેખાયો.

"હા, દીકરા ! આપણી બધી મિલ્કત નાબૂદ થઇ ગઇ છે. આવતી કાલે સ્હવારે આખી દુનિયાં તે જાણશે. આપણા લ્હેણદારોને ત્હેમનું માગતું આપ્યા પછી કફનની કોડી બી રૂહેવાની નથી ! ....કેટલાંક વર્ષથી હું આપણા પાસા બધેથી ઉલટા પડતા આવે છે એમ જોઇ શકયો હતો અને તેથી જ મ્હેં ત્હને ખાસ ધંધાઓ શીખવાને પુષ્કળ પૈસા ખરચીને પણ દેશપરદેશ રખડાવ્યો હતો. પૈસાનું સુખ અને અમલ ત્હેં ભોગવ્યો છે, વિદ્યા અને જ્ઞાન ત્હેં સારૂં મેળવ્યું છે એટલે ત્હારી તરફની મ્હને બિલકૂલ ફિકર છે નહિ અને મ્હારી તું જરાયે રાખતો નહિં. મ્હારી જીંદગીભરની 'એન્યુઇટિ' (વાર્ષિક પેન્શન જેવી રીતે મળતી રકમ) મ્હેં લઈ રાખેલી છે તે મ્હારે ચાલશે અને ત્હેમાંથી કદાચ હું ત્હને થોડી ઘણી મદદ પણ કરી શકીશ; પરન્તુ હવે પોતાના ઉપર જ ત્હારી જીંદગીનો આધાર ત્હારે રાખવાનો છે."

રૂપ, યૌવન, ધન, જ્ઞાન અને સત્તા, એ બધામાંથી ધન અને અમલની ખુમારી સહુથી વધારે હોય છે; ત્હેના વિના રૂપ, યૌવન અને જ્ઞાન ઘણીવાર ગરીબાઇની ગટરમાં દબાઇ-દટાઇ ગયેલાં પણ આપણે જોઇએ છીએ; એટલે ખરી નિશા તો ધન અને સત્તાની જ. હવે પોતાની ઉમેદો પૂરી પાડવાનો વખત નજીકમાં હોય, જુવાનીનો જોમ પૂરેપૂરો વ્યાપી રહ્યો હોય, સત્તા અને પૈસાની ખુમારીમાં જમીન ઉપર પગ મૂકવો ભારે પડતો હોય, દરેક સ્થળે, દરેક મંડળમાં સન્માન અને આવકાર તો પોતાને માટે જ નિર્માણ થયેલા છે એમ હૃદયમાં ખાત્રી થઈ ગઇ હોય, સર્વ રૂપવતી યુવતીઓ પોતાની

સાથે લગ્ન કરવાને તત્પર છે એમ મિત્રમંડળ—ખુશામતિયા વર્ગનું રાત્રિ દિવસ કર્ણે પડયા કરતું સૂચન હોયઃ—એવામાં એ બધું ઉડી જાય, જે જમીન ઉપર દ્દઢતાથી આપણે ઉભા છીએ તે ખસી જઇ ત્યાં પાણી ભરાઇ આવી આપણે ડબકાં ખાવા માંડીયે, જે ટેકરી ઉપર આપણે સ્થિરતાથી બેઠા છીએ ત્હેમાંથી જ્વાળામુખી પ્રકટ થઇ આવી, ત્હેના પ્હેલા ધડાકાની સાથે ધૂળ, પત્થર અને ધૂમ્રની સાથે જ આપણે દૂર ફેંકાઇ પડીએ, ત્યારે જે જે લાગણીઓ મનુષ્ય માત્રને થઇ આવે તેવી હાલત દારાશાની પણ હાલ થઇ! પરન્તુ તે કાંઇ પણ બનાવથી હિમ્મત હારે એવો પુરૂષ ન્હોતો. પેલો ચોપાટી ઉપર જે મુસાફર ખાણો બાબત વાત કરતો હતો ત્હેને ત્યાં તરત ગયો; પોતાની ફરી ગયેલી સ્થિતિ ત્હેને સમજાવી અને ત્હેની સાથે તે કામમાં પડવાનો ઠરાવ કર્યો.

બીજે દિવસ સ્હવારમાં એક 'વાટિકા-વિનોદ' હતો, ત્હેમાં જવાનુ ત્હેણે વચન આપ્યુ હતું. મધ્ય પ્રાન્તોનાં જંગલોમા જઇ દટાવા પ્હેલા એકવાર છેલ્લીવાર મુંબાઇનાં મંડળોની લ્હેર અનુભવી લેવી અને ગુલબાનુ ત્યાં હોય તો છેલવેલ્લી ત્હેની રમણીય મુખાકૃતિ નિહાળી લેવી એ પણ ત્યાં જવામાં ત્હેના મનની લાલસાઓ હતી. સ્હવારના દૈનિક પત્રોએ રતનજી શેઠની પડતીની હકીકત મ્હોટા અક્ષરોમાં જણાવી દીધી હતી એટલે તે ગયો ત્હેવો જ ત્હેને લોકોની વર્તણુંકમાં ફેર માલમ પડયા વિના રહ્યો નહિં. ફક્ત જેમના આમન્ત્રણથી ત્યાં તે ગયો હતો તે બાનુ અને ત્હેમના પતિ જ પોતાની હમ્મેશની મૃદુતા, સરલતા, મિઠાશ જાળવી શકયાં હતાં. દરેક મનુષ્ય ત્હેની દયા ખાતુ હતું એ વાત ખરી; પણ હવે, ત્હેની પાછળ પાછળ ફરે, ત્હેને

ત્યાં ત્યાં વાતોમાં ભેળવે, હેની ખુશામત કરે, હેને માટે આરગ કરે એમ બનતું હવે અશક્ય હતું. તે એક દુરની પુષ્પકુંજ પાસે પડેલી બેઠક ઉપર બેશી આ સઘળો તમાશો ઠંડે કલેજે જોયાં કરતો હતો. એવામાં હેની પાછળના ઝાડમાંથી ગુલબાનુ ફરતી ફરતી નીકળી અને હારાશાને જોઈને તે ચમકી. હેની પાસે ગઇ અને બેઠક ઉપર બેઠી ત્યારે જ હારાશાને હેના આગમનની ખબર પડી. હેણે તરત ફરવા માંડયું.

"હારાશા જરા બેસશો?" હેણે નમ્ર સ્વરથી માગણી કરી. તે એકદમ પાછો બેઠો.

"આ વાત મ્હેં સાંભળી તે ખરી છે?" ગુલબાનુએ પૂછ્યું

"હા, હા. ગમે તે પેપરમાં જોશો તો જણાશે. મ્હારી પાસે હવે કાંઇ જ રહ્યું નથી: અને હું મધ્ય પ્રાન્તમાં જવા વિચાર રાખું છું

"કાંઈ કારણ કે,—એટલે બધે દૂર જવાનું?"

"બાનુ, હમને એ અનુભવ નથી એટલે જ હમે પૂછો છો. કારણ, એટલું જ કે પૈસા કમાવા હું એક વખત એવો પણ બેવકૂફ હતો કે હમારી સાથે લગ્નની ઉમેદ રાખતો હતો. હવે મ્હારી ખાત્રી થઇ છે કે જે થયું તે સારા સારૂં થયું!"

"એમ માનવાનું કાંઇ કારણ?" ગુલબાનુએ ફરીથી પૂછ્યું

"તમોને નહિં સમજાશે કે એક ફુટી બદામ પણ જે માણસની પાસે ન હોય તે લગ્ન કરીને શું કરવાનો હતો?"

"હમે મ્હને પરમ દિવસના જેટલા જ આજ પણ ચ્હાતા હો તો કદાચ હમે મ્હને શું કહ્યું હતું તે સંભારી સકશો."

"ચ્હાતો હોઉં?" દારાશા ઉશ્કેરાઈને બોલી ઉઠયો.

"ચ્હાતો હોઉં?—આ સવાલ શું ત્હમને ઠીક લાગે છે?—મ્હારા મનની લાગણીઓ પણ પૈસાની સાથે જ જતી રહી એમ તમે માનો છો?"

"ત્યારે તો મ્હને લાગે છે કે ત્હમે મ્હારી સાથે લગ્નની માગણી કરી હતી તે પણ તમને યાદ હશે જ."

"બેશક, એ વાત તો મ્હારા જિગરમાંથી કદિ પણ ખસવાની નથી."

"ઠીક ત્યારે, હવે ફરીથી એ માગણી મ્હને કહી સંભળાવશો?" ગુલબાનુએ પૂછ્યું.

દારાશાએ ત્હેના મ્હોં સામુ જોયું; પરન્તુ તે મુખ ઉપરની ગુલાબી સુરખી તે સમજી શકયો નહિ.

"વ્હાલી ગુલ! હું ત્હને ચ્હાઉં છું; મ્હારા જિગરથી પણ વધારે ચ્હાઉં છું."

"ઠીક ત્યારે," ગુલબાનુએ સરળતાથી જવાબ દીધો, "હું પણ તમોને મ્હારા પૂરેપૂરા દિલથી ચ્હાઉં છું."

૬. ખુશકારક ભૂલવણી.

યાદદાસ્તના પુરાણા મંડપમાં લટકાવવાનું વળી બીજું ખુશ-કારક ચિત્રઃ—અને એવાં એવાં મનોહર ચિત્રો જેમ જેમ વધારે તેમ તેમ વધારે સારૂં!

એક ગરીબ કવિ—ગરીબ એટલે પૈસાની બાબતમાં, બુદ્ધિમા તો નહિં જ!–કારણ હેની કવિતા વાંચીને તો એક યુવાન ખુબસુરત વિધવા હેની સાથે પ્યારમાં પડી લગ્ન કરવાને આતુર બની ગઇ હતી! આ યુવાન સુન્દરી કવિને પોતે ચ્હાતી હતી એટલુંજ નહિં પણ હેની ઉપર પોતાનો પ્રેમ અત્યંત છે એમ હેને જાણવા પણ દેતી હતી

હવે આપણા કવિને લગ્નની ધોંસરી પોતાની ખાંધ ઉપર મૂક-વાનું કાંઈ જ કારણ નહિં હતું; તે ગરીબ હતો, અને હેની ચોપ-ડીઓના વેચાણમાંથી ઉપજતા પૈસા હેનું પોતાનું પોષણ કરવાને પણ પુરતા ન્હોતા; તો પછી હેની સ્ત્રીનું ગુજરાન તો હેમાંથી ચાલવાનું જ કયાંથી? પરન્તુ તે પણ આ મોહિનીને ખરા દિલથી ચ્હાતો હતો અને હેની સાથે લગ્ન નહિં કરૂં તો મ્હારાથી હવે વધારે લાંબો વખત જીવી શકાશે જ નહિં એમ તે માનતો હતો.

“વ્હાલી!” હેણે કહ્યું, “હું જાણું છું, ત્હને મ્હારી સાથે લગ્ન કરવાનું પૂછવાનો મ્હને બિલકુલ હક નથી. કારણ, મ્હારી હાલત તું જાણે છે. મ્હારે ગામમાં ઘર નથી, શીમમાં ખેતર નથી અને ગજવામાં ફુટી બદામ પણ નથી!—તેમ મ્હને કોઇની પાસેથી આવક કે વારસો મળે તેમ નથી. પણ હું ત્હને તન અને મનથી

ખરા જિગરથી ચ્હાઇશ, ત્હારી સાથે વફાદારીથી ચાલીશ, અને જ્યાં સુધી હું જીવતો હોઇશ ને મ્હારૂં શરીર ચાલશે ત્યાં સુધી ગમે તો હું ત્હારે માટે મજૂરી કરીશ પણ-જેમ તેમ કરીને-ગમે તેમ કરીને પણ, જેટલું મળી આવશે તેટલાથી આપણે સંપસપી આપણું ગાડું ચલાવીશું. મ્હારા પ્રાણ ' જો ખરેખરો એકનેકી અને એકનિષ્ઠા-ભર્યો પ્યાર ત્હને સુખી કરી શકશે તો ખરેખર આખી જીંદગીભરમાં મ્હારી સાથે ત્હારૂં પાનું પડયા માટે ત્હારે કદી પણ દિલગીર થવું પડશે નહિં જ, એટલું ખાત્રીથી માનજે; અને આપણે આસમાનનાં બુલ-બુલ અને જંગલનાં હરણિયાંની પેઠે રાત અને દિવસ આનન્દ-આનન્દ, ખુશબખ્તી અને દિલલગીની મોજમઝાઓમાં જ ગાળીશું."

"મ્હારા પ્રિય જિગર!" તે યુવતીએ જવાબ દીધો. "મ્હારી પાસે પણ મ્હારા પોતાના થોડાક પૈસા છે-આશરે ત્રણસોએક રૂપિયાની વર્ષે દહાડે આવક થાય એમ છે, એટલે એ અને ત્હમે પેદા કરશો તે બંને મળીને--ન્હાનકડું ઘર, થોડુંશેક ખરચ એટલું રાખી શકીશુ અને ચમનચમનમાં રહી આપણે કલ્લોલમાં જીંદગાની ગાળીશું."

"અરે, એટલું તો બહુયે છે. એટલા પૈસામાં તો આપણે નવાબી ભોગવીશું. થયુ ત્યારે નક્કી ? વ્હાલી ' "

"જીવનહાર !"

"મ્હારી પ્રાણ !"

આ રીતે રૂસ્તમ અને તેહેમિનાનું લગ્ન થયું; અને એમના કરતાં વધારે સુખી સ્ત્રી-પુરૂષનું કોઇ પણ યુગલ ભાગ્યે જ જોવામાં આવ્યુ હશે. એક મહિનો પસાર થઇ ગયો. જેમાં તેઓ રાત દિવસ એક-

બીજાની સાથે જ રહ્યા કરતાં. પણ એમની અરસપરસની પસંદગીમાં રજ પણ ખોડખાંપણ જણાઇ આવી નહિં. આપણો કવિ પોતાનાં જીવનની પ્રત્યેક પળ પોતાની પત્નીની સુખશાન્તિ માટે જ ગાળતો હોય એમ જણાતું અને તે યુવતી પણ હેના પ્રત્યે હેવા જ પ્રકારના માયાભાવથી વર્તતી હતી. તેઓ એક બીજાની સાથે એવાં તો અનુપમ માયાળુતા, પ્રીતિ, નમ્રતા અને વફાદારીથી ચાલતાં હતાં કે તેઓ ભોગવતાં હતાં હેના કરતાં વધારે સુખની સ્વપ્નમાં કે સ્વર્ગમાં પણ હેમને ઇચ્છા રૂહેતી ન્હોતી.

એક મહિનાની આખર તારીખે રૂસ્તમજી પોતાની ચોપડીઓ વેચનારની દુકાનેથી ઘેર આવ્યો તે વખત હેનુ મ્હોં ઉતરી ગયેલું જણાતું હતું અને તે ઉંડા વિચારમાં પડી ગયેલો હોય એમ લાગતું હતું

“શું છે? વ્હાલા !—આજ હમે ગમગીન કેમ જણાઓછો?” તેહેમિનાએ પાસે આવી પ્રેમભરી મૃદુ વાણીથી હેને પૂછયું.

“પ્રિય તેહેમિ ! મ્હેં હને આવતે મહિને આબુ લઇ જવાનુ કહ્યું'તું,—ત્યાંથી આપણે પ્રાચીન ગુફાઓ, જૂનાં તળાવો, પુરાણાં દેવાલયો, ઐતિહાસિક ટેકરીઓમાં ફરવા જવાનાં હતાં,—આહા ! ત્યાં કેવી ગમ્મત પડત ?—પણ પેલું મ્હારાવાળું છેલ્લું કાવ્ય—તું જાણે છેસ્તો, આપણે હેને કેવું મઝેદાર અને સુંદર ધારતાં હતાં તે–હજુ-સુધી બીલકૂલ ખપતું જ નથી; એકદર વાંચનારા હજુ હેની કદર સમજ્યા જ નથી અને તેથી કોઇ તે લેતું નથી ! એટલી તો મ્હારી ખાત્રી જ છે કે એ આખરે તો વખણાય ને વેચાયા વગર રૂહેવાનું જ નથી; પણ હાલ તો આપણા પબ્લિશર (પ્રકાશક)ને હેની છપામણી જેટલું પણ ઉપજેલું નથી.”

ત્હેણે તેહેમિનાનો હાથ ખેંચી પોતાની છાતી સરસી દાબી, ત્હેના કપોલ ઉપર એક મધુરૂં, પ્રીતિભર્યું ચુંબન કર્યું અને કહ્યું; "વ્હાલી! મ્હેં ત્હને છેતરી ફસાવી કે ત્હારી સાથે ઠગાઇ કરી એમ તો તું નહિ ધારેને! મ્હેં ત્હને કહ્યું'તું કે મ્હારાં લખાણમાંથી સારી પેદાશ થશે-પણ પણ"—

"મ્હારા પ્રિય પ્રાણ, રૂસ્તમ!"-પત્નીએ પતિની પાસેથી દૂર ખસવા પ્રયત્ન કરતાં કહ્યું. "છટ્! એવું ના બોલો. ત્હમે તો બીલ-કુલ ખોટું જ કહ્યું નથી. ત્હમે તો જે હતું તે સાચેસાચું ખ્હેલેથીજ કહી દીધું હતું. પણ, વ્હાલા! મ્હેં-મ્હેં-ત્હમને ખરેખર છેતર્યાં જ છે!"

"હેં? મ્હારા જિગર!-એમ બને જ નહિં."

"હા, મ્હેં જ! વ્હાલા, મ્હેં ત્હમને કહ્યું'તું કે વર્ષે ત્રણસો-એકની ઉપજ થાય એટલું મ્હારી પાસે છે; એમ મ્હેં ત્હમને ફરેબ દેવા કહ્યું હતું, જ્યારે હું જાણીતી'તી કે મ્હારી પાસે,—"

"ઓહો! એજ કે બીજું કાંઇ?—હવે એ બાબત એક શબ્દ પણ વધારે નહિં. મ્હારી મધુરી! ત્હારી પાસે પણ કાંઇ નહિં હશે તો ત્હેમાં બગડી શું ગયું?—અરે! તું જોજે તો ખરી, આપણે ગમે તેમ કરીને આપણું નભાવી લઇશું અને પ્યાર અને આરામની લ્હેજતમાં જીંદગી ગાળીશું. આપણા ખરચ જોગું તો હું ગમે તેમ કરીને પેદા કરી શકીશ. બસ, વ્હાલી! હવે એ બાબત કદિ દિલ પર લેતી જ નહિં. ત્હારી પાસે નથી ત્હેમાં થઇ શું ગયું? આપણું

બંનેનાં જિગર એક છે તો પછી પૈસા તો લૂંડી છે; માટે હવે સં-ભારતી જ ના."

"ઉડો નાદાન મનખુલખુલ ! રહો ગુલઝારમાં ના ના."

આપણા કવિરાજ એક જાણીતી કવિતા લલકારવા મંડી પડયા અને ફિકરને દૂર કરી દીધી !

"વ્હાલા ! ત્હમે એકવાર મ્હારૂં કહેવું જરા સાંભળો તો ખરા." તેહેમિનાએ ત્હેને મ્હોંએ હાથ દઈ કવિનું ગાયન બંધ કરવા પ્રયત્ન કરતાં કરતાં કહ્યું.

પણ આપણા કવિ કોકિલને તો બેદરકારીના આશમાનમાં આ ફાની જીંદગાનીનાં તુફાનોનો બિલકૂલ ડર હતો જ નહિ. ત્હેણે એક બીજી ગઝલ ગાવાનું શરૂ કરી દીધું.

"જિગરનો યાર જૂદો તો બધો સંસાર જૂદો છે."

"બધા સંસારથી આ યાર, બેદરકાર જૂદો છે."

"વ્હાલા રૂસ્તમ!" તેહેમિનાએ આગ્રહપૂર્વક કહ્યું. "મ્હારી વાત એકવાર સાંભળો તો ખરા."

પત્નીની દ્રઢતાની અસર પતિ ઉપર થયા વિના રહી નહિ. કવિવરનું ગાયન બંધ પડયું.

"મ્હેં ત્હમને કહ્યું હતું કે મ્હારી પાસે ત્રણસોએકની વાર્ષિક આવક થાય એટલું છે; પણ તે વખત મ્હેં ત્હમને ખોટું કહી છેતર્યા હતા. આઃ કાગલ લ્યો. એ વાંચીને મ્હારી ઠગાઇ–ફરેબી કેટલી હતી તે વિચાર કરો."

તેહેમિનાએ રૂસ્તમના હાથમાં એક સાદું કવર મૂક્યું અને પછી દૂર એક ખૂણાની બારીએ જઇને પતિ તરફ આડી આંખે જોવા લાગી. તે પરબીડીયાના મથાળા ઉપર "—ની બેંક" એ શબ્દો છાપેલા હતા અને તે તેહેમિનાના શિરનામે આવેલું હતું.

રૂસ્તમે તે કવર જે ઉઘાડેલું જ હતું ત્હેમાંથી કાગળ બ્હાર ક્હાડવા જતાં એક ન્હાનો કાગળનો કડકો એવડો વાળેલો નીચે પડયો. આવી જાણીતી પૈસાવાળી બેંકને મ્હોટા કાગળે મળતો નથી એમ વિચાર કરતાં ત્હેણે તે ઉઘાડયો તો તે બેંકનો મથાળે સિક્કો હતો અને તે નીચે ઉતાવળથી લખાયલા, છૂટા પણ મરોડદાર અક્ષરોથી નીચેના ગેબી શબ્દો આલેખાયલા ત્હેની નજરે પડયાઃ—

મિસિસ. તેહેમિના રૂ. કામા,—

"હમારા લગ્નને માટે મુબારકબાદી આપતાં તમને જણાવવાની રજા લઇએ છીએ કે, અમે તમારી સૂચના પ્રમાણે તમારો હિસાબ ત્હમારે નવે નામે ચ્હડાવ્યો છે. આ કાગળની નીચે હાલ અમારે ત્યાં તમારી જે કૂલ રકમ જમે છે તેના અડસટ્ટાનો આંકડો મૂક્યો છે, જેમાથી તમારી મરજીમાં આવે ત્યારે તમે ગમે તેટલી રકમ ઉપાડી શકશો. અને ત્હમારૂં બીજું ફરમાન થતાં સુધી તમારા હુકમ મુજબ શેઠ રૂસ્તમજી કામાનો પણ સદરહુમાંથી કોઇપણ રકમ માટેનો ચેક કબૂલ કરીશું.

હું છું, નમનતાઇ ભર્યો આપનો,

જે. એસ—, કેશિઅર.

આજ તા. ૧ લી જુન. ૧૯—ના રોજ સુધીમાં ત્હમારી અમારે ત્યાં જમે રકમ રૂ. ૧૦૦૦૦૦ છે."

"જે. એસ."

ત્હેણે આ કાગળ વાંચ્યો પણ કાંઈ સૂઝ પડી નહિં. તે આંખો ચોળવા લાગ્યો અને ત્હેણે તે ફરીથી વાંચી જોયો.

"તેહેમી! હેં! આ શું લાખ રૂપિયા છે? ત્હારી પાસે લાખ રૂપિયા છે?"

"હેં! ત્હમે-ત્હમે-કવિ-લેખક-વિદ્વાન્ થઇને ત્હમારાથી આટલો કાગળ પણ વાંચી સમજી શકાતો નથી?-કે પછી મ્હારે આવીને સમજાવવું પડશે?" પત્નીએ હસને મ્હોંએ પાસે આવતાં કહ્યું; "આટલુંએ વાંચતાં આવડતું નથી તો કવિતાઓ અને પુસ્તકો શી રીતે લખતા હશો?"

"પણ, મ્હારી મધુરી વ્હાલી!"

"હા. હા, વ્હાલા! એ કાગળનો અર્થ એજ થાય છે કે મ્હારે નામે બેંકમાં એક લાખ રૂપિયા છે તે મ્હેં એવી રીતે જમે કરાવ્યા કે હવે આપણા બંનેમાંથી ગમે તે જઇને ઉપાડી શકે. કહો પ્રિય! હવે આપણે આબુ જઇ શકીશું ખરૂં કની! ત્યાં જઇશું, અને—અને ...પણ, હા, હું ભૂલી ગઇ! આ મ્હારી ઠગાઇ ત્હમે ભૂલી જશો? -મ્હને માફી આપો."

રૂસ્તમે ત્હેને શી સજા કરી તેનો જાણવામાં આવ્યું નથી; પણ લેખકે તો તે યુગલને ખુશાલીના ભંડારમાં, હસને ચ્હેરે, ઉમંગભર્યાં દિલથી, સ્વર્ગસુખની સોનેરી પળ અનુભવતું જોઇ ત્યાંથી રૂખસદ જ લીધી.

૭ સંગ્રહ પેટી.

કસકસરથી બચાવેલું ધન નવું પેદા કર્યા બરોબર છે.

કિશોરલાલ મુંબાઈના એક મોટા કારખાનામાં નોકર હતો. તે બાવીસેક વર્ષનો એક યુવાન હતો પરંતુ પોતાની જ હોશિઆરીથી તેણે ચાલીસ રૂપીઆના માસિક પગારની જગો મેળવી હતી. તેનો બાપ તો તેને બચપણમાં મૂકીને જ મરણ પામ્યો હતો અને તેની મા પણ બે એક વર્ષ ઉપર, તેનું લગ્ન કર્યા પછી તરત જ, કોઈક લાંબી મુદતના અસાધ્યા રોગનો ભોગ થઇ પડી હતી. તેની સ્ત્રીનું નામ કમળા હતું અને તે એક સામાન્ય કુટુંબમાં ઉછરેલી હતી. કમળા પતિને ત્યાં આવી ત્યારે અઢાર વરસની હતી; પરંતુ એટલી નાની ઉમ્મરમાં તેણે પોતાના પીઅરમાં પ્રાપ્ત કરેલ કરકસરપણું, સુનીતિ, વગેરે સદ્ગુણોએ તેને એટલી તો મોટી મદદ કરી કે મુંબાઇ પતિગૃહે આવતાં તેના ઘરનુ સઘળું કામકાજ ઉપાડી લેવામાં તેને જરા પણ મહેનત કે અગવડ પડી નહી.

એટલું વળી ઠીક થયું કે કિશોરલાલને કમળા જેવી સ્ત્રી મળી; કારણ એને તો—એ એકલો હતો ત્યારે પણ—પોતાના પગારમાંથી એક પાઇ પણ બચાવવી મુશ્કેલ થઇ પડતી હતી.

થોડા વખતમાં જ પોતાના પતિની આવા પ્રકારની ખામી કમળાના જાણવામાં આવ્યા વિના રહી નહિ. કિશોરલાલ

પોતાનો બધો પગાર દરમાસે ખરચી નાખે છે એમ જાણવામાં આવ્યાથી જ તેને મનમાં ક્ષોભ થવા લાગ્યો; કારણ કે તે જાણતી હતી કે સઘળા દિવસ કોઈ એક સરખા જતા નથી. આથી મુંબાઇ જેવા શહેરમાં પતિ-પત્નીમાંથી એકાદની પણ પ્રકૃતિ દૈવવશાત્ જો બગડે તો તેવે વખતે ભારે મુશિબત નડે. કદાપિ પ્રભુકૃપાએ શરીર આરોગ્ય રહે તો પણ થોડા વખત પછી વખતે પોતાના કુટુંબમાં વૃદ્ધિ થવાનો પણ સંભવ હતો અને વખતે પોતાના પતિની નોકરી આવા ખાનગી ખાતામાંથી બંધ થાય અથવા થોડા વખતને માટે અટકે, એવો પણ ભય હતો જ. આવે સમયે કાંતો ખરચ વધે અથવા આવક બંધ અગર ઓછી થાય; અને તેથી પગારમાંથી કાંઇ પણ બચાવી રાખ્યું ન હોય તો તે વખત મહા વિપત્તિ આવી પડવાની ધાસ્તી થાય !

આ ઉપરથી તેણે એક દિવસ ફેરિયા પાસેથી એક નાની ટીનના પતરાની બનાવટની પેટી—નાનાં છોકરાંના રમકડા જેવી—વેચાતી લીધી અને કિશોરલાલની ઘરમાં આવતાં જ તેના ઉપર નજર પડે એવી જગોએ મુકી.

" કેમ, આ શું લીધું છે ? '—સંધ્યાકાળે કિશોરલાલ ઘેર આવ્યો અને તેણે મેડીમાં પેસતાંજ કમળાને પૂછ્યું.

" માળામાં આ નાનું સરખું રકમડું—વેચાવા આવ્યું હતું તે—" કમળાએ મોં મલકાવી જવાબ દીધો.

" પણ એનું તુ કરીશ શું ? " તેણે ફરીથી પૂછ્યુ.

" હા, હું જરા દાખલા સાથે બતાવું છું, " તે પત્ની સ્મિત કરતી બોલી. " ગજવામાં એકાદ પૈસો પડયો છે ? "

કિશોરલાલે એક પૈસો કાઢીને આપ્યો. કમળાએ તે લઇ, પેટી ઉપરના પૈસા નાંખવાના એક નાના કાણામાંથી, અંદર નાંખી દીધો.

કિશોરલાલ ખડખડાટ હસી પડયો.

"ઓહો ! હવે તો તું પૈસા ભેગા કરવા મંડી; કેમ કંજુસાઇ એ સદ્ગુણ છે ?"

"ના, ના.–પણ કરકસર તો છે જ. અને જો તમને બહુ અગવડ કે અડચણ ન હોય તો દરરોજ સવારમાં આ પ્રમાણે કરવાનું તમને હું પુછવાની હતી."

"હેં ! દરરોજ આમાં એક પૈસો નાંખવો ?"

"હા. મને નથી લાગતું કે એમાં તમને બહુ હરકત પડે."

"ના, ના. અકેકો પૈસો નાંખવો એમાં હરકત શાની પડવાની હતી ?–એક પૈસો કાંઇ બહુ મોટી રકમ નથી. પણ આ પ્રમાણે જે રૂપીઆનો ઢગલો એકઠો થશે એનું શું કરવું ધાર્યું છે, તે તો કહીશને ?"

"હા. તંગી વખતે કામમાં આવે."

કિશોરલાલ પાછો હસી પડયો.

"આમ દરરોજ અકેકા પૈસા લેખે વર્ષ આખરે કેટલો સમરૂ થશે ?"

કમળાએ ગંભીરાઇથી જવાબ દીધો, "વર્ષ આખરે દરરોજ અકેકા પૈસા લેખે લગભગ છ રૂપીઆ જેટલી રકમ થાય. કેમ ખરૂં ને ?"

"હવે, ચાલ. ગમે તે થાય. હિસાબ મરવા દે ! આખો

દહાડો એની એજ ભાંજગડ ઓફિસમાંએ કરવી જ પડે છે; અને ઘેર પણ એનું એ ? ”

“ પણ આમ કરવામાં તો તમને કાંઈ પણ વાંધો નથી જ ને ? ”

“ નારે, ના. જરાએ નહિ. એક પૈસામાં શું છે તે હું ના કહું. વળી તું ઓછી જ નાંખી દે છે ! આ તો બચાવની વાત છે. મારે પણ કબુલ કરવું જ પડે છે કે એ ડહાપણ ભરેલી અને ઉપયોગી યોજના છે. પણ તું જાણે છેજ તો, કે મારૂં મગજ એવી વ્યથાઓમાં ઉતરતાં જ કંટાળે છે. ”

“ હા. એતો ખરૂં જ છે ! ” કમળાએ જરા હશો જવાબ દીધો.

આ યુવાન પત્નીએ શરૂ કરેલી યોજના બરોબર અમલમા આણી. ધારેલું કામ શરૂ કરીને પછી થોડા જ દિવસમાં પડતું મૂકે, એ દુર્ગુણ જે ઘણાં મનુષ્યોમાં જોવામાં આવે છે, તેના પંજામાંથી એને નાનપણનાં શિક્ષણ અને અનુભવે બચાવી લીધી હતી આ બાબતમાં પોતાની ધારણા તદન સારી અને ઉપયોગી છે એમ નિશ્ચય કર્યા પછી જ તે તેણે શરૂ કરી હતી અને શરૂ કર્યા પછી તે પોતાનો ઉત્સાહ મંદ થવાદે અથવા પોતાની યોજના પૂર્ણ રીતે અમલમા ન આણે એવી એની પ્રકૃતિ ન હોવાથી તે તેમાં ઘણી સારી રીતે ફતેહ પામી.

દરરોજ તે પોતાના પતિ પાસેથી એક પૈસો લેતી અને પેટીમાં નાંખતી. વખતે છુટો પૈસો ન હોય તો ઢબુ પણ નાંખવાને ચૂકતી નહિ. કવચિત્ કવચિત્ ઘરમાં પૈસા થઇ રહ્યા હોય તે વખતે તે બે આના અગર પાવલી પણ પેટીની અંદર નંખાવતાં આંચકો ખાતી

નહિ અને જ્યારે કિશોરલાલ જરા વાંધો કાઢવા જેવું કરે ત્યારે હસતે મોંએ એવું કાંઇ કાંઈ બોલતી કે એનો બધો વાંધો સત્વર ઉડી જતો.

કોઈ કોઇવાર કિશોરલાલ તેની સંગ્રહપેટી અને કંજુસાઇની મજાક કરતો, પણ એ બધુ એ હસતે મોંએ, જવાબ દીધા વિના સહન કરતી. આથી કિશોરલાલ શાંત પડતા અને દરરોજ પેટીમાં પૈસા પડવામાં કદી અડચણ આવતી નહીં. વળી ખરી રીતે આમ એક પૈસો જ કમળાના આ સંગ્રહમાં પડતો નહોતો. કિશોરલાલ તેને લુગડાં વગેરેને માટે સારી રકમ પ્રતિવર્ષ આપતો હતો; કમળા પોતાનાં તથા પતિનાં લુગડાં હાથેજ શીવતી, અને તેથી તે ઘરમાં ઘણે થોડે ખરચે લુગડાંલત્તાંનું સઘળું ખર્ચ પતાવી બનતી રકમ બચાવી તે રકમ પણ સંગ્રહપેટીમાં તે નાંખતી.

આ સઘળી કરકસર ઉપરથી હિસાબ ગણતાં તેને જણાયું કે, ‘હુ પણ દરરોજના પૈસા જેટલી વાર્ષિક રકમ આ સંગ્રહમાં ઉમેરી શકીશ’—પરતુ આ સઘળું તેણે કિશોરલાલને નહિ જણાવતાં, કોઇક વખત પોતાના સંગ્રહની એકઠી થયેલી રકમથી તેને આશ્ચર્ય પમાડવાનો તેણે નિશ્ચય કર્યો.

દર માસની છેલ્લી તારીખે આ ટીનની પેટી ખાલી કરવામાં આવતી અને કમળા તેમાંના એકઠા થયેલા સંગ્રહને પોસ્ટઑફિસની સેવિંગ્ઝ બેન્કમાં સાધારણ વ્યાજે મૂકી આવતી; આ રકમમાં પોતાનો પતિ જે તેને હાથખરચીને માટે વારંવાર નાની મોટી રકમો આપતો તે તથા એવી બીજી પરચુરણ મળીને જ્યાં સારી રકમ થતી કે, કમળા, જેનામાં કામકાજની સારી માહિતિ તથા હોશિયારી હતી તે

વધારે સારૂં વ્યાજ ઉપજે એવી રીતે તે સંગ્રહિત થયેલાં નાણાંની વ્યવસ્થા કરતી. આ પ્રમાણેની તેની ગોઠવણ વિષે તો તેનો પતિ તદન અજ્ઞાત જ હતો. તે એક આનંદી, બેદરકાર, ભલો માણસ હતો, અને આવતી કાલની વાત તે વખત થઇ રહેશે એમ માની, ભવિષ્ય વિષે જરા પણ વિચારદષ્ટિ ફેંકયા સિવાય વર્ત્તમાનમાં જ નિરાંતે મઝા મારી લેવી, એવીજ વૃત્તિઓ તેનામાં દષ્ટિગોચર થતી.

આમ ને આમ આઠેક વર્ષ—નિરાંત, સુખ અને આરામનાં—વહી ગયાં! તબિયત સુખ શાંતિમાં રહેતી હતી અને બંનેનો પ્રેમ પરસ્પર એવો ને એવોજ સુદૃઢ હતો. કમળાને કાંઇ પણ ફરજંદ થયું નહતું, તેમ તે બાબતની—સામાન્ય જનમંડળમાં જોવામાં આવે છે એવી—જરા પણ ચિંતા કે આપત્તિ આ પતિપત્નીને હતી નહિ. અને જો કે કિશોરલાલનો પગાર પચાસ રૂપીઆ થયો હતો તોપણ—તેને માથે કાંઇપણ દેવું થયું નહોતું તેમ—તેની પાસે કાંઇ પણ પૈસો એકઠો થયો નહોતો. આઠ વર્ષની આખરે હિસાબની ચોપડી જોતાં આઠ પાઇ સીલક રહેલી માલમ પડી.

"આહા! સરભરજ ચાલ્યું આવતું લાગે છે" તેણે કમળા તરફ હસતે મોંએ ફરીને કહ્યું. "હજી હું દેવામાં ઉતર્યો નથી એટલો તો હોશીઆર છું જ. પણ તેં તો કદાચ મોટી રકમ એકઠી કરી હશે?"

"કેટલી મોટી?" તે પત્નીએ પૃચ્છયું.

"હેં! વખતે સોએક રૂપીઆ પણ હોય! પણ સો રૂપીઆ એકઠા કરવાને પૈસા તો બહુજ જોઇએ."

કમળાએ મ્હોં મલકાવ્યું. પરંતુ તેણે આ બાબતનો જરાએ ખુલાસો કરવાની વૃત્તિ બતાવી નહિ.

આમને આમ સરભર ખાતું વળી બીજાં ત્રણેક વર્ષ ચાલ્યું.

એવામાં સને ૧૮–નું 'શેર'ની ગાંડાઈનું વર્ષ આવી પહોંચ્યું ! આ વખત જેમની સ્મૃતિમાં હશે તેમને તો ખબરજ છે કે દરેક ધંધાને તથા દરેક પ્રકારના કારખાનાને તે વખતે સખ્ત ધોકો લાગ્યો હતો અને એમાં કિશોરલાલના કારખાનાને પણ આ અમાશ્રાગણ વ્યાપારની "મંદી" ની અસર થઇ.

એક સાંજે, તે ખરેખરો વિચારનિમગ્ન ઘેર આવ્યો;–આવું ચિંતાશિલતાનું ચિન્હ તેના ચહેરા ઉપર કવચિત જ જોવામા આવતું.

કમળાને વખતની બારીકીની ખબર હતી, અને પોતાના પતિના ધંધાને પણ આવા હાડમારના સમયમાં સખત જોખમ લાગશે એમ પણ તે ધારતી હતી.

"શુ છે–કાંઇ નવું જુનું થયુ છે?" તેણે જરા સ્મિત કરીને પુછ્યું.

"હા. જરા એમ છે ખરૂ. આપણે વધારે કરકસરથી ખર્ચ કરવું પડશે."

'કારખાનામાં ધંધાને કાંઇ જોખમ લાગ્યું, લાગે છે?'

"હું તો ધારૂં છું કે થોડા વખતમાં ધંધાને એક જબરો ધક્કો લાગશે. હમણાં થોડાક વખત સુધી મને અડધો પગારજ મળશે; તે પણ વખત જતાં બંધ થવાની વકી છે. તને ખબર નહિ હોય કે બધી જાતના કામને 'શેર મેનિયા' (શેરની ગાંડાઇ)થી કેટલું નુકશાન થયું છે."

"હા, મને એ બધી બાબતની ખબર છે" કમળાએ સ્વસ્થ ચિત્તથી જવાબ દીધો. "હું પેપરો બરાબર વાંચું છું. એટલે આવા પ્રકારની વાત લક્ષ બહાર જતી રહેવાનો સંભવ ઘણો જ થોડો છે.

અને હું પણ કારખાનાને વહેલું મોડું પણ જોખમ લાગશે એમ ધારીનેજ બેઠી હતી."

"ત્યારે તને લાગે છે કે આપણે આપણું ખરચ અર્ધું કરી શકીએ?" કિશોરલાલે અનિશ્ચિત અવાજથી પૂછ્યું.

"હા. હું ધારૂં છું કે તેમ કરવું મુસ્કેલ નથી. આપણા બંને જણને પૂરતાં કપડાં છે એટલે એકાદ વર્ષ સુધી તો એક પણ નવું કપડું લીધા સિવાય ચાલશે. આથી જાણે એક મોટું ખર્ચ તો ઓછું થશે જ અને પછી જાણે તમે વખતો વખત મારે માટે કાંઇ સારી નવી નવી વસ્તુઓ જુઓ છો અને તે લાવો છો એ બંધ કરશો,—એટલે આપણે સાદાઇથી સારી રીતે રહી શકીશું, અને સ્વાદિષ્ટ ખોરાક પાછળ કંઇક ખર્ચ ઓછું કરીશું, એટલે તમારા અર્ધા પગારમાં જ ખર્ચ નભી રહેશે. વળી સાદા ખોરાકથી શરીર પણ વધારે તન્દુરસ્ત જ રહેવાનો સંભવ છે."

"તું પણ જબરી હિસાબી મગજવાળી છે, હોં!" કિશોરલાલે મનમાં વધારે સ્વસ્થતા પામી કહ્યું. "તેં કહ્યું એ ઉપરથી તો એમ જ લાગે છે કે અર્ધા પગારથી કામ ચલાવી લેવું એટલું બધું અઘરૂં થઇ નહિ પડે. હમણાં તો ચાલશે જ પણ—" તેણે પાછું વિચારમય મુખમુદ્રાથી કહ્યું—પણ પછી જો કદાચ કામ સમૂળગું બંધ પડે તો શું કરીશું?—એમ થાય તો તો, મને પણ નથી લાગતું કે તું આપણું ખર્ચ પગાર સિવાય જ ચલાવી શકે.

"ના, ના. એટલું બધું કરવું એ મારી શક્તિની બહાર જ છે." કમળાએ હસીને ઉત્તર આપ્યો; "પણ એમ થાય તોપણ વિશેષ ચિંતાનું કારણ નથી. તમે આપણી સંગ્રહપેટી ભૂલી ગયા?"

"ખરે! એ તો મને સાંભરીજ નહિ." કિશોરલાલે કહ્યું. "પણ તોયે શું થયું? એથી તો બહુ થાય તો વળી એકાદ મહીનો ખેચી કઢાય."

કમળાએ મોં મલકાવ્યું.

"પણ તમે શાથી જાણ્યુ કે એકાદ મહિનામાં પાછું કારખાનું થાળે નહિ પડે?"

"હા. એ તો ખરૂં છે," કિશોરલાલે કહ્યું. "મને પણ લાગે છે કે એકાદ મહિનામાં તો પાછું બધું ઠકાણે પડશે. એટલે હવે એ બાબત હાલ વધારે ફિકર કરવાની કાંઇપણ જરૂર નથી."

પણ તેની ફિકર આખર ખરી ઠરી! એકાદ માસમાં તો સઘળાં કારખાના બંધ થઇ ગયાં અને માણસોને અર્ધો પગાર પણ મળતો અટકી પડયો; સઘળા નોકરોને થોડા વખતને માટે તો ઘેરજ બેસવું પડયું!

જો કે આમ થશે એવી તેને ધાસ્તી હતી તોપણ જ્યારે તે પ્રમાણે તાદૃશ થયું ત્યારે કિશોરલાલ પાછો નિરાશ અને ચિંતાશીલ થઇ ગયો. તેણે કમળાને આ વિપત્તિની સર્વ હકીકત કહી સમજાવી. "અને વળી તેમાં સહુથી મોટું દુઃખ એ છે કે આવતા શિયાળા સુધી કામ ફરીથી ઉઘડે એમ લાગતું નથી." તેણે નરમ ચહેરે કહ્યું.

"પણ તમને ખાત્રી છે કે શિયાળામાં કામ પાછું શરૂ થશે જ?" તેની પત્નીએ પૂછ્યું.

"હાસ્તો. ત્યાં સુધીમાં તો કામ ફરીથી શરૂ થવું જ જોઇએ. પણ આપણે ત્યાં સુધીમાં–પાંચ છ મહિના શું કરવું, એ બાબતની મને કાંઇ પણ સમજણ પડતી નથી."

"પણ, મને સમજણ પડે છે." કમળાએ શાન્ત મુખાકૃતિથી ઉત્તર દીધો.

"તને?" તેનો પતિ આશ્ચર્યથી બોલી ઉઠયો.

"હા. તમારી વાર્ષિક ઉપજ છસેં રૂપીઆ કરતાં તો વધારે હતી જ નહિ, એટલે મને લાગે છે કે આપણે અઢીસો રૂપીઆમાં છ એક મહિના તો સારી રીતે ચલાવી શકીશુંજ."

"હા, હા. એ તો નક્કી જ છે. પણ એટલા બધા રૂપીઆ લાવવા ક્યાંથી? મારો દેવું તો કરવાનો વિચાર જ નથી; અને કદા તેમ કરવાનું ધારૂં તોપણ મને રૂપીઆ ધીરે કોણ?"

"સારે ભાગ્યે તેમ કરવાની કાંઈ પણ જરૂર નથી." કમળાએ જવાબ દીધો. "તમે પાછી આપણી નાની સંગ્રહપેટી ભૂલી ગયા લાગો છો."

"પણ એમાંના પૈસાના અઢીસે રૂપીઆ થયા છે?" કિશોરલાલે આશ્ચર્ય પામતા પૂછયું.

"હા. અને બીજા છસેં રૂપીઆ."

"તું મશ્કરી કરે છે?"

"જરા ઉભા રહો એટલે તમારી ખાત્રી કરી આપું."

કમળાએ પોતાની પેટી ઉઘાડી અંદરથી એક બે બેંકની ચોપડીઓ કાઢી લગભગ નવસેં રૂપીઆ જેટલી રકમ કિશોરલાલને બતાવી.

"હેં! ખરૂં કહે છે કે તું પીએરથી કાંઈ સારી રકમ નહોતી લાવી?" તેણે પૂછ્યું. "ખરે! નિત્યના એકેકા પૈસાથી તો આટલી મોટી રકમ એકઠી નહિ જ થઈ શકી હોય!"

" ના. પણ નિત્યના બે પૈસા અને વખતો વખતની નાની મોટી વધારાની રકમોના સંગ્રહનું જ આ ફળ છે. મને લાગે છે કે હવે તો આપણે છ એક મહિના ખેંચી કાઢી શકીશું. કેમ, ખરું કની ? " કમળાએ આંખોના મસ્તીખોર ચાળા કરી, હસી પડતાં કહ્યું.

" ખરેખર ! આ સઘળું તારા ડહાપણનુ અને શાણપનનું જ ફળ છે ! કિશોરલાલે આભારની દૃષ્ટિથી તેની સામું જોઇ જવાબ દીધો.

કિશોરલાલવાળું કારખાનું વસંતઋતુમાં પાછું ઉઘડયું, કામ તાજુ થઇ બરોબર ચાલવા લાગ્યુ, અને તેનો પહેલાંનો પગાર પાછો તેને મળવો શરૂ થઇ ગયો. કમળાના સંગ્રહમાથી બે તૃતિયાંશ હજી બાકી હતો, અને હવે પછીથી કિશોરલાલ પણ તેમાં વધારો કરવાને કમળા કરતાં કાઇ ઓછો ઉત્સુક નહોતો.

પેલી નાની સંગ્રહપેટી હજી પણ એની એ જગોએ છે, અને કમળા નિત્યનો પૈસો લેવાને ચૂકતી નથી. ઉપરાંત વળી કિશોરલાલ પણ પ્રતિ માસે તે સંગ્રહમાં પોતાના પગારમાંથી દસ રૂપીઆની રકમ ઉમેરતો રહે છે અને કમળાને થોડા વખત ઉપર થયેલાં બે બાલકો —એક પુત્ર અને એક પુત્રીનાં ભાવષ્યનાં ખર્ચો પણ તેમાંથી ઘણીસારી રીતે નીકળી જશે, એમ આશા રાખી શકાય છે.

૮ સોર્ટી (લૉટરી) ની ટિકીટ.

જુગટું નહિ તો બીજું શું ?

યુવાન જગજીવન એક પ્રમાણિક અને હોશિયાર કારીગર હતો અને પોતાની સ્ત્રી કમળાની સાથે આનંદમાં જીંદગી ગાળી કાઢવી તથા અડોશી-પડોશીમાં સારા ગણાવું, એજ તેની આશાઓની પરિસીમા હતી. તેણે પોતાને સારૂ એક નાનું ઘર બંધાવ્યું હતું અને તેના ગીરો ઉપર લીધેલા રૂપીઆમાંથી હજી પાંચસો રૂપીઆ આપવાના બાકી હતા. પણ આ રકમ જો તેની તનદુરસ્તી કાયમ રહે તો થોડાજ વર્ષમાં આપી શકાશે, એમ તે ધારતો હતો. તેણે પોતાની આવક-જાવકનો બરાબર હિસાબ રાખ્યો હતો અને ઉપરનું દેવું વાળવાને કેટલો વખત્ત જોઇશે તે નક્કી કરી, ખંતથી પોતાના કામમાં મચ્યો રહ્યો હતો.

એક સાંજે વાળુમાટે ઘેર આવ્યો તે વખત જગજીવન કોઈ મોટા વિચારમાં હોય એમ લાગતું હતું. કમળાએ તેનો ચિંતાશીલ ચહેરો જોઇ કારણ પૂછયું.

“ કેમ આજ શું છે ? ” તે નમ્રતાથી બોલી. “મેં તમને આવા ગંભીર વિચારમાં કદી પણ દીઠા નથી. ”

"ના, ના. કંઇ નહિ. કાંઈ બહુ વિચારની વાત નથી." જરા અચકાઇને બોલતાં તે યુવાને જવાબ દીધો; "હું એક સોર્ટીની ટિકીટ લેવાનો ઇરાદો રાખું છું."

કમળા તરત કાંઇ બોલી નહિ અને નીચું જોઇ પોતાના ખોળામાં ઉંઘતા બાળકના સુંવાળા વાળ ઉપર હાથ ફેરવવા લાગી. પરંતુ તેના મોં ઉપર આવી ગયેલી છાયાને લીધે જાણે તે કાંઇ વિચાર કરતી હોયની, એમ જણાતું હતું.

આખરે તેણે પોતાના પતિના મોં સામા અર્ધદૃષ્ટિ નાંખી, બીતી હોય એમ જોઇ પૂછ્યું.—"તેની કીંમત શી બેસે છે?"

"દશ રૂપીઆ." જગજીવને પોતાનાં મનમાં પણ બરોબર વિશ્વાસ બેસતો નહોતો છતાં બેદરકારી જણાવી ઉત્તર આપ્યો.

"અને તમે તે વેચાતી લેવાનો ઠરાવ કર્યો છે?"

"હા. હું ધારૂં છું કે એમાં કાંઈ હરકત જેવું નથી. તારો શો વિચાર છે?"

"જો તમે મારો મત પૂછતા હો તો હું કહું છું કે, એ વેચાતી લેવામાં કાંઇ લાભ નથી."

"પણ લાભ કેમ નથી?"

તે પત્નીએ અચકાતાં અચકાતાં જવાબ દીધો:—"ઘણાં કારણોને લીધે–" પોતાના પતિને ગુસ્સે કરવા અને તે પોતાના કહ્યા પ્રમાણે નહિ ચાલે એવી ફીકરથી એકદમ પોતાનાં કારણો બોલી ઉઠવા તે ખુશી નહોતી. "પહેલું તો એ કે, બધી સોર્ટીઓની રીત જ મને પસંદ નથી અને બીજું, તેના જોખમમાં ઉતરીને તેમાં ભરવા જેટલા પૈસા, તમારી પાસે છે નહિ."

"પણ ઇનામો તરફતો જો !" જગજીવને પોતાના ગજવા-માંથી એક જાહેરખબર કહાડી કહ્યું:–' આ અહીં પહેલું ઇનામ લાખ રૂપિયાનું છે, બીજું પચીસ હજારનુ ત્રીજું દશ હજારનું અને એ જ પ્રમાણે ઉતરતી રકમોનાં બીજાં ઇનામો બહુએ છે. મારા મનમાં કાંઇ એમ જ પ્રેરણા થઇ લાગે છે કે, મને મોટું ઇનામ મળશે ને મળશેજ અને પછી તું વિચાર કર કે આપણા ગીરોના રૂપીઆ આપી દેતાં પણ કેટલી મોટી રકમ આપણી પાસે રહેશે? આપણે વધારે શુખશાંતિ ભોગવી શકીશું અને વખતે હું માંદો પડયો તો પણ તારી ફિકર તો પછી મને નહિ રહે?"

તે યુવાન ઘણો ઉત્સાહ અને ખાત્રીથી બોલતો હતો. પરંતુ તેની પત્નીના ચહેરા ઉપર શોકની છાયા હતી.

"મને લાગે છે કે, આપણને ઇનામ મળવાનો સંભવ બહુજ થોડો છે." તેણે જગજીવન પાસેથી જાહેર ખબર લઇ જોતાં જોતાં કહ્યું:–"અહીં તો હજારો ટિકીટો વેચાવાની છે." પોતાનું બાળક તે જાહેરખબર લેવા પ્રયત્નો કરતું હતું–તેને શાન્ત કરી તેણે જાહેર-ખબર આઘી મૂકી.

"ભલે ત્યારે જોખમ તો જોખમ. મારો વિચાર તો એક ટિ-કટ ખરીદવાનો થાય છે." જગજીવને પાછી તે જાહેરખબરનાં મોટાં ઇનામો ઉપર એકવાર દૃષ્ટિ નાંખી કહ્યું:–"જોને ! પેલા હરિ-શંકરને ગયે વર્ષેજ પાંચ હજાર રૂપીઆનું ઇનામ મળ્યું હતું."

કુમળાએ પહેલાં કરતાં પણ વધારે ઝડપથી ઉત્તર દીધો:–"હા, મને તે ખબર છે અને પૈસાનું શું થયું ? તમે જાણોછો કે તરત જ તેણે તે બધો પૈસો એશઆરામમાં ઉડાવી દીધો. ખરેખર, પ્રમાણિ-

કપણાથી ઉત્પન્ન કરાયલા પૈસા સિવાયનો બીજો બધા પ્રકારનો પૈસો આપણા સુખમાં કાંઈ પણ વધારો કરી શકતો જ નથી અને તેથી નકામો છે; એટલું જ નહિ પરંતુ દુઃખરૂપ છે."

"પ્રમાણિકપણાથી?" તે યુવાને પૂછ્યું:-" સોર્ટીમાંથી એકાદ ઇનામ આપણને મળે તો તે અપ્રમાણિક રીતે મેળવ્યું કહેવાય?"

"હા, ધારૂં છું કે કહેવાય." તેની પત્નીએ નરમાશથી પરંતુ ખાત્રીભરેલી રીતે જવાબ દીધો. "નશીબ ઉપર આધાર રાખતી સઘળી વસ્તુઓ, જે પૈસા ઉપર આધાર રાખે છે તે બધી અપ્રમાણિક છે. તમને લાખ રૂપીઆનું ઇનામ મળે તો તમે નવહજાર નવસો અને નવ્વાણું માણસોને તેમના દરેકના દશ દશ રૂપીઆ લૂંટયા અથવા કાંઈ પણ બદલો આપ્યા સિવાય લઇ લીધા, તેમાં કાંઇ ફેર છે? આથી સોર્ટી એક પ્રકારનુ જુગટું નહિ તો બીજું શુ છે?"

"ના, ના. તું તો બહુ જ ઉંડી ઉતરે છે." જગજીવન બોલી ઉઠયો. "તું વળી જુદું જ આ વાતમાં ધારે છે."

"કદાચ તેમ પણ હોય. પરંતુ મને તો ખરેખર તે તેમ જ લાગે છે." કમળા બોલી ઉઠી. "જે ઇનામ તમને મળે તે બીજા ઘણાનું જાય છે; અને કદાચ એમ પણ બને કે તમારા કરતાં પણ વધારે ખરાબ સ્થિતિવાળાઓને પણ એવુ નુકશાન થાય. મારો મત તો એ છે કે હું તો ટિકીટ ન લઉં. આપણા પ્રમાણિક ઉદ્યોગની કમાણી ઉપર રહીશું તો આપણે વધારે સુખી થઇશું એ નક્કી છે. ખોટી રીતે મળેલો પૈસો પોતાની સાથે દુઃખ અને કલેશ લેતો આવે છે."

જગજીવનની ખાત્રી ઓછી થતી હતી. પોતાની પત્નીનાં કારણોને ફેંસલાનો જવાબ તેને જડતો નહોતો, અને ખરેખર પોતાના અંતઃકરણથી પણ તે કાંઇ ઉત્તર દઇ શકે તેમ નહિ હોવાથી તે વાત તેણે પડતી મૂકી. પણ તે યુવાન પોતાના હૃદયમાંથી તે મોહિનીને ખસેડી શકતો નહોતો. બીજે આખો દિવસ તેનું મગજ "ઇનામો" થી ભરપૂર હતુ, અને કામ કરતે કરતે પણ " લાખ રૂપીઆ, પચીસ હજાર વગેરે 'નું મનમાં રટણ કર્યા કરતો હતો.

બીજે દિવસે રાત્રે જ્યારે તે ઘેર ગયો ત્યારે પોતાની જાતને જે ફિકર–ચિંતામાં નાંખી હતી તેનું ને તેનું જ તે મનન કરવા લાગ્યો. આથી તેના મન ઉપર એટલી બધી અસર થઇ કે, જ્યારે જ્યારે સોર્ટીનો વિચાર કરતો તે તે વખત તે સોના તથા રૂપાના ઢગલા સિવાય બીજુ કાંઇ જોઇ શકતો નહોતો. ટુંકામા આખરે જગજીવને એક ટિકીટ ખરીદવાનુ નક્કી કર્યું અને ગીરો વાળવાને એકઠા કરેલા સાઠ રૂપીઆ જે પેટીમા રાખવામાં આવ્યા હતા તેની પાસે ગયો. તાળાનો કપરો–કડક–તીક્ષ્ણ અવાજ થયો અને તે પેટીનુ ઢાંકણું ઉઘાડતાં ગભરાયો. તેણે કમળા સામું જોયું અને તેનો ચહેરો ચિંતાશીલ જોયો.

" મને ખાત્રી છે કે મને એક ઇનામ તો મળશે જ. " તેણે પોતાનું ફીકું લાગતું મોં મલકાવવાને પ્રયત્ન કરતાં કહ્યું.

તેણે દશ રૂપીઆનું નોટ પેટીમાંથી લઇ પોતાના ગજવામા મૂક્યું. તેની પત્ની કાંઇ બોલી નહિ. પોતાનો શોક સંતાડવાને તે પોતાના બાળકને રમાડતી હતી, કારણ કે આ બાબત વધારે બોલવા તે રાજી નહોતી. તેણે પોતાંના પૈસા એકઠા થતાં જોયા હતા અને

ને તથા તેનો પતિ આ સુંદર ઘર તેના ઉપરનું ગીરો ઉઠી જઇ પોતાનું થાય તે દિવસની આનંદથી રાહ જોયા કરતાં હતાં; પણ જ્યારે તેણે પોતના નાના સંગ્રહમાંથી દશ રૂપીઆ જતાં જોયા ત્યારે તેને કોઇ પણ મોટા દુઃખનું અનિષ્ટ સૂચન થતું હોય એમ લાગ્યું. ફરીથી પોતાના પતિના આ પગલા વિરૂદ્ધ તે બોલત, પરંતુ તે તે વિષયમાં ઘણા જ લુબ્ધ થઇ ગયેલા છે એમ જોવાથી તેણે તે વાત ભાવિના હાથમાં રહેવા દીધી.

જગજીવનને ટિકીટ વેચાતી લીધાને એક અઠવાડીઉં થઇ ગયુ હતું; પરંતુ તેટલા વખતમાં પણ તે યુવાનને એક ઘડીનું પણ ખરૂં સુખ મળ્યુ નહોતું. તે આશા અને ધાસ્ની વચ્ચે ઝોકાં ખાતો હતો અને તેના મનની સઘળી શાન્તિ ગઇ હતી.

આખરે સોર્ટીનું પરિણામ જણાવવાનો દિવસ આવી પહોંચ્યો. જગજીવન સોર્ટીની ઓફીસમાં ગયો તે વખત ખબર પડી કે પરિણામ બહાર પડયું હતુ અને ઇનામોનું લીસ્ટ ભીંત ઉપર ચોઢયું હતું. તેણે બીજાઓ પોતાનો ચહેરો ન જોઇ શકે એવી રીતે ઉભા રહી આખું લીસ્ટ વાંચી કાઢયું. ફરી ફરીને જોયું પરંતુ પોતાની ટિકીટ-વાળો નંબર જણાયો નહિ. તે તેમા નહોતો. આથી તે ઓફીસમાંથી ખરેખરો દુખી થઇને ઘેર પાછો ગયો. જે દશ રૂપીઆ તેણે ખોયા હતા તે બચાવતાં ખરા પરસેવાની મહેનતનો એક આખો મહીનો લાગેલો હતો તેથી તેની ખોટ તેને ઘણી જ સખત લાગી.

જ્યારે રાતે ઘેર ગયો ત્યારે તેણે પોતાની પત્નીને તે નુકશાનની વાત કરી; પરંતુ તેણે તેનો જરા પણ વાંક કાઢયો નહિ. તેણે માત્ર તેને કહ્યું કે, " આ મળેલી શિખામણ મોંઘી છે, પરંતુ આખી જીંદગી-સુધી નહિ ભૂલાય એવી છે. "

પણ તેથી જગજીવન સંતોષ પામ્યો નહિ તે પોતાના નુકસાનનું ધુંધવાતા ગુસ્સાથી મનન કર્યા કરતો અને આખરે તેના મનમાં પાછા વિચાર આવવા મંડયા કે, મને પણ એકાદ સારૂં ઇનામ મળવાનો સંભવ છે. હવે તેને એમ થવા માંડયું કે, મેં સોર્ટીમાં ભરેલા દશ રૂપીઆ પાછા મળે, તો હવે કદી પણ સોર્ટીની ટિકીટ લઉં નહિ. આવી રીતે વિચારમાં ને વિચારમાં રહેવાથી પોતાને થયેલું નુકશાન તે ખમી શકયો નહિ. તે ફરીથી એક વાર પ્રયત્ન કરવાનું ધારવા લાગયો અને આખરે તેણે તેમ કર્યું ત્યારે તે જંપ્યો. પરંતુ આ વખત તેણે ટિકીટ લીધી તે વાત તેણે કુમળાથી છાની રાખી. પરિણામ એનું એ આવ્યું અને પોતાની ટિકીટ ઉપર શૂન્ય આવ્યું !

'વીસ રૂપીઆ ખોયા '—એ ભયંકર વાક્ય તે યુવાન કારીગરના મગજને ઘુમાવવા લાગ્યું. નક્કી મારે ઇનામ તો મેળવવું જ મને થએલું નુકસાન વળી રહે એટલે બસ છે; એકવાર ફરી ટિકીટ લઇ નશીબ અજમાવી જોવું અને પછી કદી પણ હું ટિકીટ લેવાનો નથી.''

"હાર્યો જુગારી બમણું રમે " એ કહેવત પ્રમાણે પોતાની નાની પુંજીમાંથી તેણે બીજા રૂપીઆ છાનામાના લીધા. ફરીથી ટિકીટ ખરીદી અને પાછું શન્ય આવ્યું. આશરે ત્રણેક મહિનાને છેડે બધી પુંજી ખલાસ થઈ ગઇ. જગજીવનના ગજવામાં છેલ્લી ટિકીટ રહી હતી. આ ટિકીટ ઉપર કાંઈક ઇનામ પણ આવે—ખોયા એટલા રૂપીઆ પણ મળે, એવી પ્રાર્થનાઓ ઇશ્વરને તે કેટલા ભાવથી કરતો હતો ? તે ચિંતાશીલ અને દુબળો થયો હતો, પરંતુ તેની ગરીબ,

માયાળુ, વિશ્વાસ રાખતી પત્ની તો માત્ર એટલુંજ ધારતી કે દશ રૂપિયા ખોયાને લીધે તે ફિકર કર્યાં કરતો હતો. જ્યારે તે તેને ચિંતા છોડી દેવા ઘણું કરતી ત્યારે તે હસતો અને વાતને નજીવી ગણી કાઢતો.

જગજીવનની છેલ્લી ટિકીટવાળી સોર્ટીનું પરિણામ જણાવાનું હતું, તેને આગલે દિવસે કમળાએ તેને કહ્યું;–"શેઠનો મુનિમ આજ છમાસિક વ્યાજ લેવાને આવ્યો હતો તેને મેં કહ્યું છે કે તમને કાલ રૂપીઆ આપી જશે."

"હા, ઠીક કર્યું." જગજીવને ગભરાતે અવાજે ઉત્તર દીધો, "હા, હું એને કાલ આપી આવીશ."

તે યુવાન પોતાની સોર્ટીની ટિકીટનું અને તેના ઉપર આવવાના ઇનામનું સ્મરણ કરતો હતો. આ તેનો છેલ્લો પ્રયત્ન હતો અને 'આ વખત તો ઇનામ મળ્યા વિના રહેવાનુંજ નથી.' એમ તે ધારતો હતો.

બીજો દિવસ પણ આવ્યો અને જ્યારે જગજીવન રાતે ઘેર આવ્યો ત્યારે તેની પાસે એક પાઇ પણ રહી નહોતી! તેનાં સઘળાં સુવર્ણ સ્વપ્નાં, તેને અંધકાર તથા નિરાશા અને દુ:ખમાં મૂકી દઈ ઉડી ગયાં હતાં.

"કેમ પછી શેઠને ત્યાં વ્યાજ ભરી આવ્યા?" કમળાએ પૂછ્યું.

જગજીવને હાથ ઉપર માથું મૂકીને ડુસકાં ભરવા માંડયાં.

તેની પત્નીએ ગભરાઇને એકદમ પોતાના પતિની પાસે જઈ તેના ગળા ઉપર હાથ નાંખી માયા ભરેલી રીતે પૂછ્યું:–"મારા સમ, મને કહો તો ખરા કે શું થયું છે!"

તે યુવાને ક્ષીણ થઇ ગયેલા તથા ઉતરી ગયેલા ચહેરાથી તેના સામું જોયુ. તેના હોઠ ઉપરથી લોહી જતું રહ્યુ હતું અને મૃત્યુ પામેલા મનુષ્યના મોં જેવી તેની મુખાકૃતિ થયેલી હતી.

"આ શું ?—એટલુ બધું શું છે ?" તેની પત્ની બોલી ઉઠી.

તેણે ઉત્તર દીધો. "જો આપણી પેટી—આપણા નાના ખજાનામાં જો !" કમળા ઉઠીને તે લેવા ગઇ અને આવી ત્યારે તેના હાથમાં એક ખાલી પેટી હતી

"ચોરી થઇ ?" તે બોલી ઉઠી. તેના પગ એટલા ધ્રૂજવા લાગ્યા કે તેને જમીન ઉપર બેશી જવાની ફરજ પડી.

"હા, વહાલી !" તેના પતિએ જવાબ દીધો, "મેં ચોરી કરી છે."

તે ગભરાયલી પત્ની જગજીવનના મોં સામું વિચાર શૂન્ય ચહેરે જોવા લાગી. પ્રથમ તે એકાએક આનું કારણ કાંઇ જ સમજી શકી નહિ. પરંતુ ધીમે ધીમે તેને પોતાના પતિની કેટલાંક અઠવાડિયાંથી બદલાયલી રીતભાતનું સ્મરણ થવા લાગ્યુ; ઉંઘમાં પણ સોર્ટીઓ અને ટિકીટો, ઈનામો અને શૂન્યો વગેરે વિષે બબડયા કરતો હતો તે તેને સાંભરવાથી ખરી વાત આખરે તેની નજર આગળ તરવા લાગી.

"એ બધું મેંજ કર્યું છે હો !" જગજીવને જ્યારે જાણ્યુ કે પોતાની પત્નીને બધી વાતની ખબર પડી છે ત્યારે તેણે કહ્યું, "બધુ બધું સોર્ટીની લહાયમાં જ બળી ગયુ છે. **લાલચરૂપી દૈત્યે મને ભુલાવ્યો. તેણે પોતાના હાથમાં સોનું રાખી મને કાંઇ જ આપ્યું નહિ, પણ મારૂં હતું તે પણ તેણે છીનાવી લીધું.** હવે તું મને કાંઇ કહીશ નહિ ! તને ખબર નથી કે મને શી શી વેદનાઓ થાય છે, અને હાલ મારૂં હૃદય કેટલું દુઃખી—નિરાશ છે તે પણ તું

જાણતી નથી. ઓ મારી વહાલી ! ઇશ્વરેચ્છાથી મેં તારૂં કહ્યું સાંભળ્યું હોત તો–!

"હશે !" તે માયાળુ પત્ની તેના ગરમ કપાળ ઉપર હાથ ફેરવતાં બોલી–"જે થઇ ગયું તેની ચિંતા કરવી ન જોઇએ. આપણી ખરા પરસેવાની કમાણી આવી રીતે નાશ પામી એ સારૂં તો નથી, પણ ભાવિએ કદાચ આપણને તેટલું નુકશાન કરીને કોઇ ઘણાજ મોટા ભયમાથી ઉગાર્યા હશે. મારા વહાલા ! હીંમત રાખો. થોડા વખતમાં તો તે આપણે ભૂલી જઇશું."

"પણ શેઠ ગીરો બંધ કરશે અને તું ઘર વિનાની થઇશ" તે યુવાન પતિએ ભાગેતુટ અવાજે કહ્યું.

"ના, ના, ફિકર ન કરશો, વહાલા ! હુ એમને મળીશ." કમળાએ જવાબ દીધો. "એ વિષે જરા પણ ધાસ્તી રાખવા જેવું ન રહે તેમ કરીશ."

તે જ વખત બાળક જાગી ઉઠયુ, અને તેની માયાળુ માતા તેની સારવાર કરવામા રોકાઇ, બીજે દિવસ બપોરે કમળાએ ત્રીસ રૂપીઆ પહોંચ્યાની શેઠની સહીની પહોંચ પોતાના પતિના હાથમાં મૂકી.

"વ્યાજ આપી દીધુ;" તે બોલી, "અને હવે આપણે ગઇ ગુજરી વિસારી દઇ, ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણો."

"પણ તે કેવી રીતે–આ રૂપીઆ કેવી રીતે ભરાયા ?" જગજીવને પહેલાં પહોંચ ઉપર અને પછી પોતાની પત્ની ઉપર નજર ફેરવતાં પૂછ્યું.

"ગમે તેવી રીતે, તમારી મેળે ફિકર ના રાખશોને."

"પરન્તુ મારે ફિકર રાખવી જ જોઇએ. માટે મને કહે."

"ઠીક ત્યારે લ્યો, કહું છુ. મે મારાં કલ્લાં વેચ્યાં."

" અરે ! એ શું કર્યું ? કલ્લાં વિના ચાલશે ?"

" હા. કારણ, ? હું તે ફરીથી વેચાતાં લઇ શકીશ."

" કેવી રીતે—તે માણસ પાછાં નહિ વેચે તો."

" પરંતુ મારા વ્હાલા ! આપણે જ્યાં સુધી તે લેવાને શક્તિવાન થયા નથી ત્યાં સુધી મારે તે જોઇતાંજ નથી, તેની મારે જરૂર જ નથી. તમારે મને ઠપકો દેવો યોગ્ય નથી. **જ્યાં સુધી આપણે અડચણ હેરાનગતિ ભોગવીએ, ત્યાં સુધી મને તે પહેરવાથી જરા પણ સંતોષ કે કાંઈ પણ સુખ થવાનું નથી.** "

જગજીવને પોતાની પત્નીને છાતી સરસી ચાંપી અને તેનાથી જરા જરા સંભળાય એવી રીતે તેણે ઇશ્વરને પ્રાર્થના કરી. તેમાં આવી ભૂલ ફરીથી ન થાય અને નહિ થાય એવાં નિશ્ચયનાં મૂળ જણાતા હતાં.

બે વર્ષ વહી ગયાં, જગજીવને પોતાના કામમાંથી એક પણ દિવસ ખોયો નહોતો. તે ખરેખરા નિશ્ચય અને દૃઢતાથી કામ કર્યે જતો હતો અને તેથી શુભ પરિણામની ખાત્રી હતી.

તે એક શનિવારની સાંજે મોટા ઘેર આવ્યો અને વાળુ કર્યા પછી ગજવામાંથી એક કાગળ કાઢીને કમળાનાં હાથમાં મૂક્યો.

" જો આપણું ગીરોખત " તેણે પોતાનો ચહેરો હર્ષથી પ્રફુલ્લિત થતાં કહ્યું—" એની પાઇએ પાઇ આપી દીધી હવે આ ઘર આપણું પોતાનું છે. મેં તેને માટે ખરા પરસેવાના પૈસા આપ્યા છે. હવે હું ખરેખરો ખુશી થયો. "

કમળા પોતાના પતિની પાસે ગાદી ઉપર બેઠી અને પોતાનુ માથું તેના ખભા ઉપર ટેકાવી મનમાં ગણગણી—" કેવો ખુશીનો વખત ! ઇશ્વરનો કેટલો આભાર માનવો ! "

"ખરેખર, આ સુખનીજ ઘડી છે." તે યુવાન બોલ્યો:–'તને સાંભરે છે, વહાલી' એ વર્ષ ઉપરનો દિલગિરીનો દિવસ તને સાંભરે છે?

તે પત્નીના શરીરમાં કમકમાટી થઇ, પરંતુ તે કાંઇ બોલી શકી નહિ.

તેના પતિએ કહ્યું:–"હું કદી એ ભયંકર વખત ભુલવાનોજ નથી; અરે! હજી પણ હજારો મનુષ્યોને આડે માર્ગે લલચાવી જનાર એ રાક્ષસીના ફંદમાં હું જે વખત ફસ્યો હતો તે સાંભરીનેજ મને તો કમાટા છુટે છે."

"પણ તેની સર્વ ધાસ્તી આ સુખી પળમાં ભુલાઈ જાય છે" કમળાએ મોં મલકાવીને કહ્યું

"તેની બીતિ ગમે તો જતી રહે–ભુલાઇ જાય," જગજીવન બોલ્યો, "પરંતુ તેનો મળેલો અનુભવ કદી પણ વિસરવાનો નથી તે દુષ્ટ રાક્ષસી સાટીને એક અંધારી બાજુ પણ છે. આ બાજુ બીજાઓથી, જ્યા સુધી અનુભવ ન મળે ત્યાં સુધી જોઇ શકાતી નથી."

"અને તેની બાજુઓ બધી અંધારી નથી?" તે પત્નીએ નમ્રતાથી પુછ્યુ. "જો તેની આસપાસ ચળકાટ છે તો તે ઝાંઝવાના પાણી જેવો છે. જેથી ભૂલાં પડેલાં મુસાફરને ભય અને દુ:ખમાજ દોરાવાનો સંભવ છે."

"તું ખરૂં કહે છે. વહાલી! તું ખરૂંજ કહે છે તું પહેલેથી જ સાચું કહેતી હતી. ખરેખર.!" તેણે પોતાની પત્નીને પ્રેમભર્યા મુખે કહ્યું:–"પતિઓ પોતાની સુન અને પ્રેમાળ પત્નીઓનું કહ્યું વધારે વખત માનતા થાય તો, હાલ છે તેના કરતાં દુનિયાનું દુ:ખ ઓછું થવાનુ જ એમાં કાંઈ સંશય નથી."

૯ ન્હાનકડો મહારાજ કુમાર.

(૧)

શ્યામસુન્દર ટાગોર મહારાજા ટાગોરનો બીજો પુત્ર હતો. તે **બ્રાહ્મ સમાજ**માં ભળ્યો હતો, એટલુ જ નહિં પણ એક ગરીબ ધર્મ-પ્રચારકની પુત્રીની સાથે હેણે લગ્ન પણ કર્યું. મહારાજા ટાગોરે હેને લખી મોકલ્યું કે "હારી મરજીમાં આવે ત્યાં રહે ને તારી ઇચ્છામાં આવે તેમ ચાલ, હવે તારે મ્હારે કાંઇ લેવા દેવા કે કોઇપણ જાતનો સંબન્ધ નથી. તું જ્યારથી ધર્મભ્રષ્ટ થયો ત્યારથી મ્હે તો તારૂ સ્નાન જ કરેલું છે." પરિણામ એ આવ્યુ કેઃ-**શ્યામસુન્દર ટાગોરે** પત્ની સાથે કલકત્તામાં રહેવા માંડયું.

આ યુગલનો એકનો એક પુત્ર કુમાર સાત આઠ વર્ષનો હતો તેવામાં **શ્યામસુન્દર**ને સખ્ત તાવ લાગુ પડયો; ધીમે ધીમે તે એવો તો માંદો થઈ ગયો કે કુમારને તેને મોસાળ મોકલી દેવામાં આવ્યો, જ્યાં તે કેટલોક વખત રહ્યો. જ્યારે તેને પાછો ઘેર આણ્યો ત્યારે પોતાની માતાને કાળુ વસ્ત્ર પ્હેરતી, સુકાઇ ગયેલી, અને ગમગીન ચ્હેરાવાળી જોઇ.

"**મધુરી**!" **શ્યામસુન્દર** પોતાની પત્ની **સરલાદેવી**ને હમ્મેશાં '**મધુરી**' કહીને જ બોલાવતો હતો જે ઉપરથી **કુમાર** પણ હેનું એ નામ જ દેતોઃ "**મધુરી**! પિતાજીને હવે ઠીક છે? એમની તબીયત સારી છે ને?"

" હા, મ્હરા વ્હાલા ! એમને સારૂં છે, ઘણું સારૂં છે. પણ હવે આપણુ એને બીજું કોઈ રહ્યું નથી, હાં. બીજુ કોઇ જ રહ્યું નથી. "

કુમાર બાળક હતો તોપણ ત્હેને ધીમે ધીમે સમજણ પડી કે હવે પિતાજી પાછા આવવાના નથી

(૨)

એક દહાડો મહારાજા ટાગોરનો મુનીન કાલીચરણ સરલા-દેવીને મળવા આવ્યો. કુમારને તે ટાગોર નગર લઈ જવા આવ્યો હતો.

સરલાદેવી ! મ્હારે તમને જણાવવુ પડે છે,—જેને માટે હું ઘણો જ દિલગીર છું—કે મહારાજા સાહેબને ત્હમારી તરફ બહુ પ્રીતિભાવ નથી. ત્હેમની મરજી એમ છે કે પોતાના પૌત્રને ટાગોર-નગરમાં જ પોતાની પાસે રાખવો. એમના બંગલામાંથી થોડે દૂર એક મઝેનું નાનુ સરખું મકાન છે તે ત્હમારા રહેઠાણને માટે ત્હ-મને આપવામાં આવશે, ત્હમારા ખર્ચખૂટણને માટે પણ તેઓ સાહેબ સારી રકમ આપવાનું જણાવે છે. ત્હેમની એક ખાસ શરત એટલી છે કે, ત્હમારા પુત્રને ત્હમારે ત્યાં આવવા જવાની તો તેઓ રજા આપશે પરન્તુ ત્હમારે કદી પણ મહારાજા સાહેબને બંગલે આવવું નહિં. હું નથી ધારતો કે ત્હમને આ શરતો બહુ જ ભારે થઇ પડે. "

"મ્હારા પ્રિય પતિને ટાગોરનગરમાં રૂહેવાનું ઘણું જ પસંદ હતું; અને તેથી મ્હારા બાલક પુત્રને પણ ત્યાંજ રૂહેવાનું બનતું હોય તો હું કોઇ પણ અંગત કારણને લીધે ત્હેમાં વિક્ષેપ નાંખવા ખુશી નથી. મ્હારાથી એને દરરોજ મળી શકાતું હશે તો પછી મ્હને બીજા કાંઇની જરા પણ દરકાર નથી. "

એટલામાં કુમાર ઘરમાં આવ્યો અને આવતાં વાંતજ પોતાની મા તરફ દોડી જઈ હેને ભેટી પડયો.

"આપણો ન્હાનકડો મહારાજ કુમાર તે આ કે?"

(૩)

મુનીમના ગયા પછી સરલાદેવીએ કુમારને એક ઘણી જ નવાઇ ભરેલી વાત કહી, કુમારનો દાદો ટાગોરનગરનો મહારાજા ટાગોર જે આખા બંગાળાનાં સઘળાં શ્રીમાન્ ટાગોર કુટુંબોમાં પણ મુખ્ય ગણાતો હતો તે હતો; અને હેના પછી. હેનો મ્હોટો પુત્ર શશિ-શેખર જે ઘોડા ઉપરથી પડી મૃત્યુ પામ્યો તે જીવતો હોત તો મહારાજા ટાગોર થાત અને હેના પછી જો કુમારનો બાપ હયાત હોત તો તે થાત. પણ તે બંને ગુજરી ગયેલા હોવાથી, મહારાજા ટાગોરના મૃત્યુ પછી કુમાર મહારાજા થવાનો; અને હાલનો હેનો ખિતાબ મહારાજ કુમાર હતો.

ન્હાનકડો મહારાજ કુમાર મ્હડવારમા પોતાનો વૃદ્ધ મિત્ર મધુરામ, જે કુમારના રૂહેવાના માળામાં નીચે ઓટલા ઉપર ગાંધીયાટાની પરચુરણ દુકાન માંડતો હતો, હેને મળવા ગયો.

"સાહેબજી, કુમાર! તબિયત કેમ છે?"

"ઘણી સારી; સાહેબજી! ત્હમારે શરીરે પણ ઠીક છે ને?–કહો મધુબાબુ, કાલે આપણે શી વાત કરી'તી તે યાદ છે?"

"હેં, કાલે?–મ્હને લાગે છે કે આપણે રાજા રજવાડા વિશે વાત કરતા'તા; કેમ ખરૂં કની કુમાર!"

"હા. એજ. ત્હમે કહેતા'તા કે મ્હોટા ગમે તેવો 'ધનંતર–બડેજાવ' રાજા મહારાજા હોય તો હેને પણ ત્હમે દુકાનમાં પેસવા દ્યો નહિ."

" હા, હા. કુમાર ! હું તો હજી પણ કહું છું. ગમે હેવો મહારાજા હોયની, મ્હારી દુકાનની અંદર આવે જો !—પછી હું છું ને એ છે· દેખાડી આપું દેખાડી ! "

" મધુબાબુ, ત્હમને ખબર છે ? એક મહારાજા દુકાનની અંદર આવી ત્હમારી મગફળીઓની ગુણ ઉપર બેઠો છે તે ? "

" હેં શું લવે છે ? "

" હા, હા. એક મહારાજા. હું મહારાજા છું, કે હવે પછી થવાનો છું. "

" માથુ બાથું દુખે છે કે ચિત્તભ્રમ થયો છે ?—તબિયત કેમ છે ? "

" મઝાની. હુ કહું છું તે ખરૂં જ છે. "

" મ્હને લાગે છે કે આપણા બેમાંથી એકનું મગજ ઠેકાણે નથી. "

" ના, ના. એમ કાંઇ નથી. ટાગોરનગરથી અમારો મુનીમ આવ્યો, તે કહેતો'તો. મ્હારા દાદાએ એને મોકલ્યો છે. "

" વળી ત્હારો દાદો કોણ છે ? "

" ત્હમને ખબર નથી ?—મહારાજા ટાગોર. "

" પણ કુમાર, તેથી ત્હને શું લાભ ? ત્હારૂં નામ કાંઇ બદલાવાનું હતું ?"

" મુનીમ કહેતો'તો કે, હું મહારાજકુમાર છું. "

" હેં ! મુનીમ ત્હને મહારાજકુમાર કહેતો'તો ?"

" હા. હા. મ્હને જોયો કે તરત એણે કહ્યું: ' આપણો ન્હાનકડો મહારાજકુમાર તે આ કે ?' "

" ભલા ભગવાન ! હેં કુમાર ! તું વળી મ્હોટો મહારાજા ! "

(૪.)

કુમારે કાલીચરણને પુછ્યું: " મુનીમજી ! મહારાજા એટલે શું તે મ્હને ખબર નથી."

" ત્હમે નથી જાણતા ?"

" ના. મ્હારા દાદા મહારાજા શી રીતે થયા તે મ્હને કહેશો ?"

" મહારાજાની પદવી પ્હેલી ત્હમારા કુટુંબમાં કેટલાં વર્ષ ઉપર મળી હતી."

" હેં ત્હેને તો બહુ વખત થઇ ગયો ! મહારાજાની પદવી મળે પછી તે શું કરતા હશે ?"

" કેટલાક મહારાજા બહાદુર હોય છે, વિદ્વાન્ હોય છે,–"

" એમ કે ? ત્યારે પિતાજી બહાદુર તો હતા જ: એક દિવસ ત્હેમણે બે ઘોડા બગી લઇ ન્હાશી જતા'તા તે ઘણી મહેનતે અટકાવી, અંદર બે ત્રણ છોકરાં બેઠાં હતાં ત્હેમનો જીવ બચાવ્યો'તો એમ આ માળામા બધાં વાતો કરે છે. અને મધુરી કહે છે કે એ બહુ વિદ્વાન હતા એટલું જ નહિં પણ સરસ સરસ કવિતાયે બનાવતા".

" ઘણા મહારાજા પૈસાવાળા હોય છે—"

" હેં ! ત્યારે તો બહું સારૂં, મ્હારી પાસે ઘણો પૈસો હોત તો કેવી મઝા પડત ?"

" ત્હમે એટલા બધા પૈસાને શું કરત ?"

" મધુરી કહે છે કે પૈસો હોય તો ઘણાં સારાં કામ થઇ શકે. જો હું પૈસાદાર હોતને તો મધુરીને જાત જાતની સારી સારી ચીજો લઇ આપત; અને વળી શંભુને–શંભુ ચોપડીઓ વેચે છે, બહુ મઝાનો છોકરો છે. મ્હારે ને એને તો ઘણા ઘણા લાંબા વખતથી ભાઇબંધી છે."

"એમ કે ?—પણ ત્હમે પૈસાદાર હોત તો એને શું કરત ?"

"મંગાથી એને છૂટો કરત."

"મંગો કોણ છે ?"

"મંગળ શંભુનો ભાગિયો છે; પણ ચોખ્ખો નથી."

"હેં ચોખ્ખો નથી ?"

"ના. એ પૈસા ખાઈ જાય છે ને તેથી શંભુ એવો તો ચ્હીડાય છે !—હેં બાઈ ! ત્હમે આખો દહાડો ચોપડીઓ વેચવાને બધા શહેરમાં ટાંટિયાતોડ કરો ને ત્હમારો ભાગિયો ત્હેમાંથી તફડાવી જાય તો ત્હમે પણ ના ચ્હીડાઓ ?"

"અલબત્ત, મ્હને પણ ગુસ્સો આવે જ. પણ ત્હમે ત્હમારે પોતાને માટે શું લો ? જો ત્હમે પૈસાદાર હો તો."

"બધું ઘણુંયે ! પણ હું પ્હેલવ્હેલો ફુલમણીને થોડા પૈસા આપું."

"ફુલમણી કોણ છે ?"

"મ્હારી ખાસ દોસ્તદાર છે. એને બિચારીને સાત છોકરાં છે ને એનો વર માંદો રૂહે છે તેથી એ બધાં બહુ ખરાબ હાલતમાં છે."

"આવો વિચિત્ર છોકરો મ્હેં કદિ પણ જોયો ન્હોતો; સરલા-દેવી ! ઘણું સારૂં થયું કે ત્હમે આવી પ્હોચ્યાં. હું ટાગોરનગરથી નીકળ્યો ત્યારે મહારાજા બહાદુરે મ્હને ફરમાવ્યું હતું કે: 'મ્હારા પૌત્રના મન ઉપર એટલું ઠસાવવું જરૂરનું છે કે એને હવે કોઇપણ ચીજ જોઇશે તે મળી શકશે.'"

(૫)

અને આથી, આપણો ન્હાનકડો મહારાજ કુમાર પોતાના બાપદાદાઓના રહેઠાણ તરફ જવાને નીકળ્યો તે પ્હેલાં ફુલમણી અને શંભુને હવેથી પૈસાની તંગી કે મુસીબત ન પડે એટલું તે આપી શક્યો.

આગગાડી ઉપડતી હતી એવામાં શ્વાસભર્યો શંભુ દોડતો દોડતો સ્ટેશન ઉપર આવી પ્હોંચ્યો: "કુમાર, ત્હને મળવાને હું માંડમાંડ જ આવી શક્યો છું, હોં ! લે આ લાલ રૂમાલ–પેલો મ્હારાવાળો, ત્હારા દાદાને ત્યાં પ્હોચે ત્યારે હાથમાં રાખજે કે એ બધાંયે પણ જાણે ! અલ્યા, આતો ઘંટ પણ વાગ્યો !-ઠીક ત્યારે, સાહેબજી, કુમાર." ત્હેણે સરલાદેવી તરફ જોઇને પ્રણામ કર્યા. "દેવી ! આવજો, હોં !"

"હા. શંભુ આવજે; કાગળપત્ર લખજે; મધુબાળુ, ફુલમણી-ના,—ત્હારા બધાના સમાચાર લખજે !" સરલાદેવીએ કહ્યું, અને ગાડી ચાલવા માંડી.

શંભુ સ્ટેશનના પ્લેટફોર્મ ઉપર આગળ આગળ દોડયો, પણ એટલામાં તો ગાડી ત્હેની આગળ નીકળી ચાલતી થઇ. પરન્તુ એક બાલકનો ભર્યો, મધુરો સ્વર ત્હેને કાને પડયો જ જતો હતો; "શંભુ ! આવજે–આવજે હોં !"

કુમારે ટાગોરનગરમાંની પ્હેલી રાત પોતાની મા સાથે ગાળી.

"મુનીમજી ! મહારાજાને એટલું કહેશો કે મ્હારે એ પૈસા નહિં જોઇએ."

"પૈસા ?—સરલાદેવી ! મહારાજા સાહેબ આપને જે સાલિયાણું આપવા માગે છે તે ?"

"હા. કારણ જો હું એ લઉં તો પછી મ્હારા મનમાં એમ જ થયાં કરશે કે મ્હેં છોકરાને વેચ્યો છે. હું મહારાજાની માગણી પ્રમાણે એને સોંપું છું ત્હેનું કારણ તો એટલું જ કે એના ભલાને ખાતર મ્હારે મ્હારી સ્વાર્થી લાગણીઓ દાબી દેવી જોઇએ. અને વળી એના પિતાજી જો જીવતા હોત તો ત્હેમનો પણ એવો જ અભિપ્રાય થાત તેથી."

"બહુ સારૂં; હું ત્હમારી મરજી મુજબ મહારાજા સાહેબને જણાવીશ."

(૬)

કાલીચરણ બંગલે ગયો ત્યારે મહારાજા ટાગોર વાના દર્દથી પીડાતો હતો; ત્હેનો એક પગ રહી ગયો હતો અને તેથી તે માંડ-માંડ ઉભો થઈ આવ જા કરી શકતો હતો.

"કેમ કાલીચરણ! આવ્યો? છોકરો કેવો છે?"

"એ કહેવું જરા મુસ્કેલ થઇ પડે એમ છે, સાહેબ."

"હં...એમ કે?—અક્કલ વિનાનો ને બેડોળ!'

"ના જી. એવો તો મ્હને નથી લાગતો. પણ સાહેબ! આપણાં જમીનદારનાં બાળક કરતાં એ જરા જૂદી તરેહનો તો જણાય છે જ."

"હા. હા. એમજ—એમજ. ગમે તેટલું ત્હોયે ભિખારાંનું છોકરૂં ને' વળી પાછું કલકત્તામાં ઉછર્યું'—ત્યાંવાળા જેને ચપળ અને હુ-શિયાર કહે છે ત્હેને હું તો ખરેખર બેપરવા ને દોઢડાહ્યલાં જ સમજુ છું."

"સરલાદેવી કહેતાં હતાં કે એમના ખર્ચખૂટણ માટે આપે જે રકમ આપવા ધારી છે તે લેવા એમની ખુશી નથી—"

"હેં, એમકે?—એ જાણતી હશે કે એમ કર્યેથી હું વધારે આપીશ કે મ્હારા ઘરમાં બોલાવીને રાખીશ. પણ તું ધારે છે કે હું કદિ એને મ્હારે ઓટલે પણ પગ મૂકવા દઉં? ભિખારણ!—એમ કરવાથી તો હું ઉલટો કાંઇ આપતો હોઇશ તે પણ નહિં આપું."

"પણ સાહેબ! એમનો એવો કાંઇ પણ ઇરાદો હોય એમ મ્હને તો લાગતું નથી. આપની પાસેથી કાંઇ પણ ચીજ એ માગતાં નથી અને આપની તરફથી જે આપવામાં આવે છે તે લેવા ના કહે છે."

"અરે! તું શું સમજે? કાલીચરણ! એતો જાણે તેજ જાણે!"

"સરલાદેવીએ એક બીજું આપને કહેવાનું મ્હને કહ્યું છેઃ એમની એ ખાસ વિનંતિ છે કે જે કારણસર મહારાજકુમારને એમનાથી જૂદા રાખવાની ગોઠવણ કરવામાં છે તે કારણ એમના પુત્રને જણાવવું નહિ."

"એટલે તું એમ સમજાવવા માગે છે કે અત્યાર સુધીમા ક્યારનુંયે એ બધું એણે છોકરાને કહી દીધું નથી?"

"ના સાહેબ, એક શબ્દ પણ નહિ."

"ભલે ત્હારે એમ માનવું હોય તો માન; પણ મ્હને તો ખાત્રી જ છે કે, એણે મ્હારા વિષે ખરી ખોટી વાતો કહીને ક્યારનોયે એ છોકરાના મનમાં મ્હારા ઉપર દ્વેષ ઉત્પન્ન કર્યો છે."

"ના સાહેબ, ના. મ્હારૂં કહ્યું માનો આપના મનમાં એ બાઇ વિષે તદ્દન ખોટો અભિપ્રાય ભરાઇ ગયો છે."

"ચાલોને એમ તો એમ' પણ એ છોકરો એની માને પાંચ સાત દહાડામાં ભૂલી જશે. તું જોજે તો ખરો; એને વરસ તો સાત-આઠ જ થયાં છે ને."

'હા જી. પણ સાહેબ; એણે એ બધાંયે વરસ પોતાની માનો પાસે જ ગાળ્યાં છે. અને મ્હારા ધારવા પ્રમાણે સરલાદેવી ઉપર એનો ઘણોજ પ્રેમ છે."

(૭)

એક સુન્દર પણ સાદા પોશાકમાં કુમાર અંદર આવ્યો; ત્હેની સોનેરી વાળની લટો ન્હાની ટોપીમાંથી કોટ ઉપર ઝૂલતી હતી; અને ગળામાં બે ત્રણ સેરની સોનાની કંઠીમાં એક મઝેદાર લોકેટ ત્હેણે ધારણ કરેલું હતું. ત્હેનો દેખાવ આ વખત ઘણો જ બાલકતા ભર્યો,

ખુબસુરત અને મનોહર હતો. મહારાજા ટાગોર એકલા એક આરામખુરશી ઉપર આસાએશ લેતા હતા.

"ત્હમે જ મહારાજા કે ?" તે મ્હોં મલકાવી બોલ્યો; "ત્હમે જાણો છો ને, હું ત્હમારો પૌત્ર થાઉં. ત્હમારી તબિયત તો ઠીક છે ને. દાદાજી ! હું ત્હમને પ્રણામ કરૂં છું." ત્હેણે મહારાજા ટાગોર પાસે જઇને માથું નમાવ્યું.

"કલ્યાણ થાઓ. બેટા, માર્કંડ આયુષ રૂહો !" મહારાજા ટાગોરને પણ આ છોકરાની નવીનતાએ ચોંકાવ્યો.

"દાદાજી ! મ્હારા મનમાં એમ થતું તું કે ત્હમે પિતાજીના જેવા હશો કે કેમ. એ ગુજરી ગયા ત્યારે તો હું ઘણોજ–ઘણોજ ન્હાનો હતો તેથી મ્હને એ કેવા હતા તે બરોબર યાદ નથી; પણ ઘણું કરીને ત્હમે એમના જેવા તો દેખાતા નથી."

"હેં...એમ કે ?. ત્યારે તો ત્હને મ્હારા ઉપર હેત નહિં આવે, ખરૂં કની ?"

"ના, ના. દાદાજી ! ત્હમ જાણો છોને કે, આપણે બધા, આપણો ચ્હેરો કાંઇ બદલી શકીએ ?...ત્હમારા દાદાજી ત્હમારા જેવા ન હોય ત્હોયે ત્હમને એમના ઉપર વ્હાલ ના આવત ?— ત્હેમાંયે ત્હમારા જેવા દયાળુ ઉપર ?"

"હે, હું દયાળુ છું ? ત્હેં કેવી રીતે જાણ્યું ?"

"કેમ વળી ત્હમે દયાળુ નથી ? શંભુ ને ફુલમણી માટે–હું પણ બહુજ ખુશી થયો છું, હોં; દાદાજી !"

"ફુલમણી ને શંભુ ?"

"હા. એ બેની સાથે મ્હારે ખુબ દોસ્તી છે. નગીનચંદ માંદો રૂહે છે."

"નગીનચંદ! નગીનચંદ કોણ છે?"

"ફુલમણીનો વર. એ બચારો માંદો રહે છે ને સાત છોકરાં છે; એટલે કહો ફુલમણીએ શું કરે? પણ ત્હમે પૈસા મોકલ્યા'તાને તે બહુ કામમાં આવી ગયા; ને હવે ફુલમણીને જરા આરામ મળશે, હોં!...વળી શંભુ પણ બહુ ખુશી થયો. ત્હમને પણ શંભુની સાથે ભાઇબંધી થાય હોં, દાદાજી! શંભુ એવો ચોખ્ખો છે,–"

"ચોખ્ખો! ચોખ્ખો તે શું?"

"શંભુ કોઇને છેતરે નહિ."

"એ શંભુ કોણ છે?"

"ચોપડીઓ વેચે છે ને ફેરિયો છે—દાદાજી! એને ને મ્હારે તો છે ને તે, ઘણા ઘણા લાંબા વખતની દોસ્તી છે. ત્હમે પૈસા મોકલ્યા'તાને તે મંગાને આપીને શંભુની દુકાન જૂદી કરાવી; મંગો જરાયે ચોખ્ખો ન્હોતો, હોં! જુવો ત્યારે, શંભુને, ફુલમણીને, નગીનચંદને, એમનાં છોકરાં, બધાંને ત્હમે કેવાં ખુશી કર્યાં?"

"હેં, મ્હેં ખુશી કર્યાં?"

"હા. મધુરી કહે છે કે ઊંચામાં ઊંચી ભલાઇ એવી રીતે બીજાંને સુખી કરવામાં જ છે, ને હું મ્હોટો થઇશને ત્યારે હુંયે ત્હમારા જેવો થવાનો છું."

વાળુ કરવાની વખત થયાની નોકરે ખબર આપી.

"ત્હમે લંગડાઓ છો, દાદાજી! હું ત્હમને મદદ કરૂં?"

"હેં, મહારાજ કુમાર! ત્હારાથી મદદ થઇ શકશે?"

"હા. મ્હને લાગે છે કે થઇ શકશે. એક તરફથી લાકડી ઉપર ત્હમે ટેકો મૂકો અને બીજી બાજુએ મ્હારા ખભા ઉપર હાથ

રાખો. શંભુ કહેતો કે મ્હને વરસ તો આઠજ થયાં છે પણ મ્હારૂં કાઠું બહુ મજબુત છે."

"ઠીક ત્યારે, ચાલ; આપણે અજમાવી જોઇએ."

"મ્હારા ઉપર ટેકો મૂકો. જોજોને, બહુ દૂર જવાનું નહિં હોયને તો હું થાકીયે નહિં જાઉં. પરશેવો ઘણો થાય છે. ખરૂં કની ?"

"હા. તું કાંઇ મહેનત પડે એવું કામ કરતો'તો ?—એથી પરશેવો વધારે થાય."

"ના, ના. બહુ મહેનત પડે એવું તો હું કાંઇયે કરતો ન્હોતો; પણ ઉન્હાળામાં તો ઘામને લીધે પણ પરશેવો થાય, ખરૂં કની, દાદાજી? આપણે બે જણાનેજ રૂહેવાને આ બંગલો બહુ મ્હોટો પડે."

"ત્હને મ્હોટો લાગે છે ? મહારાજ કુમાર !"

"હા. દાદાજી આવડા મ્હોટા બંગલામાં ફક્ત બે જણાં જ રૂહેતાં હોય ને એક બીજાના ઉપર હેત ના હોય, તો બ્હીક ના લાગે ? મધુરી આપણી સાથે રૂહેતી હોત તો કેવું સારૂં થાત ?"

"મધુરી ? મહારાજ કુમાર ! મધુરી કોણ છે ? "

"મ્હારી બા. ત્હમે જાણો છો ? પિતાજી એને હમ્મેશાં મધુરી જ કહેતા."

વાળુ કરી રહ્યા પછી કુમાર જાણે કાંઇ ઊંડા વિચારમાં હોયની એમ દિવાનખાનાના એક કોચ ઉપર પડયો પડયો, મહારાજા ટાગોરના જુલફા જેવા વાળવાળા એક મ્હોટા કૂતરાના માથા ઉપર હાથ ફેરવ્યાં કરતો હતો. થોડા વખતમાંજ આ બંને સરલતાભર્યાં હૃદયો વચ્ચે ગાઢ મિત્રતા થઈ ગઇ હતી.

"મહારાજ કુમાર ! તું શા વિચારમાં પડયો છે ?"

"દાદાજી ! મધુરી ક્યાં હશે? શું કરતી હશે,–એવા વિચાર હું કરતો'તો. પણ એ દૂર નથી, હોં. એણે કહ્યું છે તે હું સંભાર્યા કરૂં છું; ને મ્હારી પાસે એની છબી છે તો; એ સાંભરશે ત્યારે જોઇશ. પિતાજી પ્હેરતા તે હવે મધુરીએ મ્હને આપી છે. જોજો હોં ! આ કળ દાબી એટલે તરત ઉઘડી; જુવો દાદાજી ! આ રહી." છબીમાં નજરે પડતો ચ્હેરો પણ આ બાલકની પેઠે સુન્દર, કોમળ મધુર જ હતો.

"મહારાજ કુમાર ! આ ત્હારી બા ?"

"હા. દાદાજી ! એ જ મધુરી."

"ત્હને એના ઉપર વ્હાલ છે ખરૂં ? મહારાજ કુમાર !"

"હા, દાદાજી. બહુજ, હોં. ત્હમે જાણો છોને કે પિતાજી ગયા પછી એની સંભાળ મ્હારેજ લેવાની તો; એને બીજું કોણ છે ?–દાદાજી ! હું મ્હોટો થઇશને ત્યારે ખુબ મહેનત કરીને પૈસા કમાઇશ ને એ બધાયે મ્હારી મધુરીને આપીશ."

"ત્હને અહિં એના વગર ગમે છે ?"

"ના, દાદાજી. ગમતું તો નથી; પણ મધુરીએ કહ્યું છે કે રાત પડશે ને અંધારૂં થશે એટલે હું બારીમાં દીવો મૂકીશ. જુવો દાદાજી ! જુવો; પે...લ્લો, પે...લ્લાં પાંદડાંમાં થઇને ઝગે છે તે. હું જાણું છું તો, મધુરી મનમાં મ્હને શું કહેતી હશે તે."

"ત્હને શું કહેતી હશે ?"

"'રાત મુબારક; મ્હારા વ્હાલા કુમાર! પ્રભુ ત્હારૂં રક્ષણ કરો;' એટલે દાદાજી ! હવે તો મ્હને કાંઇજ થાય નહિં, ખરૂં કની?"

"હા. બેટા, કાંઇજ થાય નહિ."

(૮)

દિવાનખાનામાં બધુ શાન્ત-શાન્ત થઇ ગયું. કૂતરાની ગરદન ઉપર માથું મૂકીને કુમાર થોડા વખતમાં જ નિદ્રાવશ થઇ ગયો હતો, અને કૂતરો પણ આંખો મીંચીને પડયો રહ્યો હતો; કુમારના હાથમાંની સરલાદેવીની છબી એમની એમ ઉઘાડી રહી ગઇ હતી. મહારાજા ટાગોરનું સખ્ત બની ગયેલું હૃદય પણ વીંધાયું, નકામી ગયેલી જીંદગી,-પોતાનાં સંતાન સાથે કલેશમાં, જનસમાજની સાથે સ્વાર્થમયતામાં જ ગાળેલા જીવનનાં નિરર્થક ગયેલાં વર્ષો-નાં સ્વપ્ન હેના અંતરને ભેદવા લાગ્યા, અને ત્હેના અંતઃકરણમાં પ્રીતિ, દયા, મૃદુતાની લાગણીઓથી ઉભરાતા .નવીન-નવીન વિચારનાં મોજાં નિમરવા લાગ્યાં.

એમને એમ કેટલો વખત ચાલ્યો ગયો. કાલીચરણે અંદર પ્રવેશ કર્યો. "કાલીચરણ' તું આવ્યો તે બહુ સારૂં થયું. તું ખરો પડયો અને મ્હારો મત ખોટો હતો, તદ્દન ભૂલ ભરેલો. તું કાલે સવારે સરલાદેવીને ત્યાં જજે; મ્હારી તરફથી એમને કહેજે કે મ્હારી પુત્રી તરીકે અને મહારાજ કુમારની મા તરીકે આ બંગલા-માં એમની જરૂર છે; મ્હારી તબિયતની હકીકત કહેજે અને હું પંડે નથી જઇ શકતો ત્હેનું કારણ સમજાવજે; મ્હારી તરફથી એમને કહેજે કે આ બંગલો ત્હમારો છે, માટે ત્હમે અહિં આવીને અમારી બંનેની સાથે જ રહો. કાલીચરણ ! મ્હારી નકામી ગયેલી આખી જીંદગીમાં મ્હેં જાણ્યું છે ત્હેના કરતાં પણ વધારે આ બાલકે એક ઘડીમાં મ્હને શીખવ્યું છે. કેવો ઉદાર, વ્હાલસોયો મધુર છોકરો છે? ઇશ્વર એનું કલ્યાણ કરો !"

કૃષ્ણાકુમારી.

પિતૃભક્તિ. સ્વાર્પણ. રાજ્યભક્તિ,

" સઉ પ્રાણિ દુઃખમય ભાસે,
" જનના પીડાતી જગ આખે;
" તે સઉની પીડા દૂર કરવા,
" કલ્યાણ જગતમાં ભરવા,
* * * *
" મુજ પ્રીતિ એકલી હોમાશે !
" બીજું જગત જીવી સુખી થાશે
" ઓ તાત ! * *
" ઓ માત ! પ્રજા ! સુખ સૂત્ર !
" મુજ હૃદય પ્રીતિનાં અંગ તમે સઉ ! અંગ સર્વ છો મ્હારાં
" જન પશુ જગના કલ્યાણ—યજ્ઞપર હોમું અંગ સઉ મ્હારાં ! "

સરસ્વતીચન્દ્ર. ભાગ ૪. (લાઇટ ઑફ એશિયા ઉપરથી.)

મેવાડના મહારાણા ભીમસિંહની સુન્દર, મનોહર પુત્રી કૃષ્ણાકુમારીની જીવનકથા પત્થર જેવાં સખ્ત મન પણ પીગાળી નાંખી, કરુણામય કર્યા વિના રહેતી નથી; છતાં નવલ યૌવનમાં ખીલતી ફક્ત સોળ વર્ષની જ એક રજપૂત બાલાએ પોતાના પિતાની આબરૂ ખાતર, સ્વદેશનું હિત થાય એટલા માટે, પોતાની આશાભરી જીંદગીનો ક્ષણ માત્રમાં ઉમંગભેર જે ભોગ આપી દીધો, તે ક્યા ભારતવાસીના હૃદયને—આંખોમાં આંસુ ઉભરાતાં હોવા છતાં પણ—સહર્ષ નહિ કરે ?

સૂર્યવંશી સિસોદિયા શૂરવીરોના માનવંતા વંશમાં કૃષ્ણાકુમારીનો જન્મ થયો હતો. સંગ, પ્રતાપ અને રાજસિંહ જેવા પ્રતાપી નરોનું લોહી હેની નસોમાં ફરતુ હતું; કર્માદેવી, કર્ણાદેવી અને પદ્મિની જેવી બાલાઓનું દૂધ હેના શરીરનું પોષણ કરતું હતું; અને હેની માતા પણ અણહિલપુર (પાટણ) ના પ્રખ્યાત ચાવડા રાજપુરુષોના કુટુંબમાં ઉત્પન્ન થયેલી હતી. હિન્દનાં ઊંચાંમાં ઊંચાં કૂળમા અવતરેલી કૃષ્ણાના મ્હોંનો ચહેરો જેટલો ખુબસુરત હતો, હેનુ શરીર જેટલુ કાન્તિમાન હતું, તેટલી જ, બલ્કે તેથી પણ વધારે, હેની બુદ્ધિ સંસ્કારભરી હતી અને હેનું મન કેળવાયલુ હતું. હેની સુન્દરતા એટલી તો જાણીતી હતી કે આખા ભરતખંડમા તે 'રજવાડાનુ રત્ન' અને 'હિન્દુસ્થાનનું પુષ્પ' એ માનભર્યાં ઉપનામ પામી હતી.

આજથી આશરે સો વર્ષ ઉપરનો આપણો ઇતિહાસ ખરેખરી અંધાધુનીથી ભરપૂર માલમ પડે છે. નવા યુગના પ્રવેશ સાથે દાખલ થયેલા અને ચોતરફ પોતાનુ રાજ્ય ફેલાવવાને તત્પર રૂહેના વ્યાપારી–રાજ્યકર્ત્તા ઇંગ્રેજોની સમર્થ રાજ્યનીતિ આગળ દિલ્હીના બાદશાહો અને લખનૌ તથા હૈદરાબાદના ગાદીપતિ નવાબો માત્ર પૂતળાં જેવા જ થઇ ગયા હતા; મરેઠા અને સીખ લડવૈયાઓ માંહોમાંહેના કલહમાં અને પોતાની તૂટી જવા માંડેલી રાજ્યસત્તા સંભાળવાના પ્રયત્નોમાં મશગૂલ હતા; મ્હૈસુર અને ભરતપુરનાં રાજ્યોનું બલ હમ્મેશને માટે નરમ પડયું હતું; પીંઢારા અને ફાંસિયાની હકુમતની કાળોત્તરી લખાઈ ચુકી હતી; અને રજપૂતાનાની સ્વતંત્રતાના દિવસ પણ ભરાઈ ચુક્યા જણાતા હતા !

આખા હિન્દુસ્થાનની આ પ્રમાણેની હાલત દરમિયાન, મેવાડની સ્થિતિ ખાસ નબળી પડી ગયેલી હતી; અને તે રાજ્યની હયાતીને માટે પણ ઘણી જ ધાસ્તી રાખવામાં આવતી હતી! દિલ્હીના મુગલ મહારાજાઓની પડતી સાથે જયપુર તથા જોધપુર જેવાં સમયવર્તી રાજ્યો જોરપર આવ્યાં, તે વખત પોતાની પ્રાચીન પ્રતિષ્ઠા અને તે સમયના રાજ્યકર્ત્તાનાં પરાક્રમોના પરિણામ રૂપ એકવાર ફરી આખા રાજસ્થાનનાં રાજ્યોમાં સર્વોપરિ સત્તા તે મેળવી શક્યું હતું ખરૂ, પરન્તુ તે થોડા દિવસને માટે જ! કાળ બદલાયો હતો; નવા પ્રકારની યુદ્ધ સામગ્રી તથા નવીન તરેહની રાજ્યનીતિની સાથે વિજયવાન થવા જેટલી તૈયારી અને સમ્મતિ રાખવાને અશક્ત અને નિર્બળ મનના પ્રતાપહીન રાજાઓ પોતાના રાજ્ય ઉપર તૂટી પડતાં લંટારા—વરૂનાં ટોળાં રોકી નહિં શકવાથી, બાપા રાવળ અને કુંભા રાણાના વંશજોની હાલત ખરેખરી કરુણાજનકજ થઇ ગઇ હતી! અધુરામાં પુરૂં, એકસપ માટે જાણીતા અને સ્વામિધર્મ માટે નામાંકિત મેવાડી ભાયાતો પણ માંહોમાંહે લડયાં કરતા હતા અને રાજ્યના ભાગ પચાવી પડતા હતા, એટલું જ નહિં, પણ અદેખાઈ અને હલકા પ્રકારની હરીફાઇ લ્હેમનામાં એટલાં તો વધી પડયાં હતાં કે ત્હેમને લીધે મહારાણા ભીમસિંહના દરબારમાં મરેઠા અને પીંઢારા કર્ત્તાહર્ત્તા થઇ પડી, આખા રાજ્યમાં સ્વતંત્રપણે મ્હાલતા હતા!

મેવાડના બે મુખ્ય પટાવતો ચન્દાવત અજીતસિંહ અને સકતાવત સંગ્રામસિંહની વચમાં, જે રહ્યુંસહ્યું રાજ્યબલ બાકી રહેવા પામ્યું હતું તે વેચાઇ ગયું હતું. સંગ્રામ બહાદુર, હિમ્મતવાન, સત્યપ્રેમી અને

નીતિમાન હતો પરન્તુ હેનામાં અભિમાન, ક્રોધ અને જીદ્દી સ્વભાવ હોવાને લીધે હેનો હરીફ અજીત પોતાના પક્ષમાં વધારે માણસો એકઠાં કરી તે સબળ કરી શક્યો હતો. આ ચન્દાવત ધર્મ ઉપર ધર્માંધતાભરી શ્રદ્ધાવાળો, રીતભાતમાં નમ્ર અને માયાળુ તથા નિરભિમાની અને માન માટે કેવળ બેદરકાર હતો; પણ તે સત્તાનો ભૂખ્યો હતો અને પોતાનુ ધાર્યું કરવા માટે કોઇ પણ વસ્તુનો ભોગ આપવામાં પાછો હઠે હેવો ન્હોતો. પોતાના સહાયક તરીકે પઠાણ અમીરખાન નામના એક પીંઢારા સરદારને મનપસંદ લાંચો આપીને તથા હેની ખુશામત કરીને હેણે મેવાડમાં રાખ્યો હતો, જેથી તે સક્તાવતના પક્ષને નરમ રાખી શક્યો હતો, એટલું જ નહિં પણ રાજદરબારમાંના પોતાના દરજ્જાને પણ તે મજબુત પાયા ઉપર રાખવા શકિતવાન થયો હતો.

મેવાડી સુન્દરતાની ગુલાબકળી કૃષ્ણાકુમારી હાલ સોળ વર્ષની ઉમ્મરે પ્હોંચી હતી અને હેની ખુબસુરતી, ડહાપણ તથા કેળવણીનાં વખાણ ચોતરફ ગવાઇ રહ્યાં હતાં. હિન્દુસ્થાનના મ્હોટામાં મ્હોટા ગાદીપતીઓ તરફથી હેની સાથે લગ્ન કરવાનાં માગાં આવી ચુક્યાં હતાં; પરન્તુ હેનું ભારતમાં ઉંચામાં ઉંચુ કૂળ અને અનુપમ કાન્તિનો પ્રતાપ એટલો બળવાન હતો કે સિન્ધિયા જેવો આખા ઉત્તર અને મધ્ય હિન્દુસ્થાનનો રાજ્યકર્તા,—મેવાડ જેવાં અનેક રાજ્યોનો મહારાજા—પણ ફક્ત ડરતાં ડરતાં જ હેની સાથે લગ્નની માગણી કરી શક્યો અને પોતાનું માગું નાકબુલ થયાથી હેને માઠું લાગ્યું છે એમ દર્શાવી શક્યો ન્હોતો; અને હોલ્કર જેવા યુદ્ધકુશળ લડવૈયાઓને પણ પરશેવો ઉતરાવનાર, લાખ્ખો લુંટારાઓનાં ટોળાંનો

સરદાર, હોલ્કર, તથા આખા રજપૂતાના અને મધ્યહિન્દુસ્થાનને એક લાકડીએ હાંકનાર મેવાડી રાજ્યમાં મુખ્ય સત્તાધારી થઇ પડેલો અમીરખાન, તો એ વૃત્તિ ઓડ બહાર કહાડવાની પણ હિમ્મત ધરી શકયા ન્હોતા ! સૂર્યવંશી રઘુ અને રામચન્દ્ર, સમરસિંહ અને સંગ્રામસિંહ, પ્રતાપ અને રાજસિંહની બાલિકા ક્ષત્રિય રજપુત સિવાય તો અન્ય કોઇને અપાય જ નહિં એ કુળાભિમાન ભર્યો ઠરાવ આ સર્વ સરદારોનાં મ્હોં બંધ કરી દેવાને બસ હતો

આ પ્રમાણે સર્વ રાજ્યો તરફથી માગાં આવી ચુકયા પછી, અજીત અને પઠાણની ખટપટથી, આખરે જયપુરનો મહારાજા આ સ્ત્રી–રત્નના દાનને યોગ્ય ગણવામાં આવ્યો; જે ઉપરથી નિયમિત કોલકરાર કરવાને ત્યાંનાં માણસો મેવાડની ભૂમિમાં દાખલ થયાં. પરન્તુ આ કુંવરીનો વિવાહ બાલપણમાં જોધપુરના રાઠોડ ભૂપતિ સાથે થયો હતો; અને જો કે તે તો હાલ મૃત્યુ પામ્યો હતો, તોપણ હેની જગોએ ગાદીપર આવેલા હેના ભાઇએ મેવાડની રાજકુંવરીનો વિવાહ અમુક રાજાની સાથે નહિં પણ જોધપુરના ગાદીપતિ સાથે થયેલો જ ગણાય કહી–પોતાનો હક બતાવી આ વખતે માગું કર્યું. પોતાની સાથે કુંવરીનાં લગ્નની માગણીમાં નિષ્ફળ થવાથી સિન્ધિયા, મેવાડ ઉપર અંદરખાનેથી ઘણો જ ગુસ્સે થયેલો હતો તેથી તથા મરૂપતિ જોધપુરના મહારાજાએ પોતાને આ કામમાં મદદ કરવાની શરતે એક મ્હોટી રકમ ભેટ આપેલી હતી તેથી, તે વચ્ચે પડયો; અને પોતાના કવાયતી લડવૈયાની ટુકડીઓ વડે જયપુરનાં માણસોને હાંકી કહાડી ઉદેપુર આવી પ્હોચ્યો, અને રાઠોડમહારાજા માનસિંહની સાથે કૃષ્ણાકુમારીનું લગ્ન કરવાનું વચન આપવાની મહારાણાને ફરજ પાડી.

પોતાના માગાનું અપમાન કરનાર મારવાડના મહારાજા ઉપર તૂટી પડવાને જયપુરના જગતસિંહે જોધપુર ઉપર મ્હોટા લશ્કર સાથે ચ્હડાઇ કરી. આ વખતે મારવાડમાં રાજા અને ભાયાતો વચ્ચે અણબનાવ ચાલતો હોવાથી, લ્હડાઇની શરૂઆતમાં જ જોધપુરના સરદારોનો મ્હોટો ભાગ પોતાના મહારાજાને છોડી દઇ દુશ્મનના લશ્કરમાં ભળી ગયો, માનસિંહ આમ થવાથી નિરૂપાય થઇ ગયો અને યુદ્ધમાંથી હારી જઇ પાછાં પગલાં કરવા કરતાં મૃત્યુ ઘણું વધારે સારૂ ધારી ત્હેણે પોતાની કટાર પેટમાં મારવા માંડી; પણ ત્હેની સાથેના માણસોએ ત્હેનો હાથ પકડી લીધો અને ત્હેને સમજાવી જોધપુરના કિલ્લામાં તેઓ લઇ ગયા; જ્યાંથી દુશ્મનના લશ્કરને અક-ળાવવા તેઓ વારંવાર છાપા મારવા લાગ્યા. જયપુરના મહારાજાએ શહેરો લૂંટયાં અને ચોતરફનો પ્રદેશ પાયમાલ કરી નાંખ્યો; પણ અંતે મારવાડની નિર્જળ, રેતાળ, પાણી વિનાની જમીનમાં એક લાખ અને વીસ હજાર માણસોનું પોષણ કરવું ત્હેને ખરેખર મુશ્કેલ થઇ પડયુ અને ધીમે ધીમે ત્હેનુ લશ્કર માણસો ન્હાસી જવાથી ઓછું થતું ચાલ્યું. એવામાં વળી જગતસિંહે જોધપુરનાં શહેરોની લૂંટમાંથી મળી આવેલી વસ્તુઓ જયપુર મોકલવાનું કર્યું, જે વાત ત્હેના પક્ષમાં ગયેલા સ્વદેશાભિમાની મારવાડી શુરવીરોને હીણપદ ભરેલી લાગવાથી ત્હેમણે ધસારો કરી તે પાછી પડાવી લીધી અને જોધપુર જતા રહી મહારાજાની માફી મેળવી મારવાડના લશ્કરમાં તેઓ પાછા ભળી ગયા. આમ થવાથી જોરમાં આવેલા મરૂપતિએ જયપુરી લશ્કરને હરાવી પોતાની હદમાંથી હાંકી કહાડયું અને ત્હેણે જગતસિંહને એટલો તો ત્રાસ આપ્યો કે તે પોતાના શહેરમાં પણ સહીસલામત માંડમાંડ દાખલ થઇ શક્યો.

અહિં આ પ્રમાણે બનાવ બનતા હતા એવામાં ઉદેપુરની રમણીય આનન્દન ખીણ અત્યંત ખેદના દેખાવથી, આંસુભર્યા ચ્હેરાઓથી તથા રો–કકળના અવાજથી ભરપૂર, શોકગ્રસ્ત નજરે પડતી હતી.

ઉપરની લ્હડાઇઓમાં બંને પક્ષને દગો રમનાર, લૂંટનો ભૂખ્યો અને લોહીનો તરસ્યો, નિમકહરામ પઠાણ અમીરખાન, સર્વ પ્રકારનો અપયશ પોતાના શિરપર આવી પડતો જોઇ, ત્યાંથી પોતાના લૂંટારૂ ટોળાં લઇ છાનોમાનો ખશી ગયો અને અચાનક ઉદેપુર આવી પ્હોંચ્યો, જ્યાં પોતાના મળતિયા અજીતની સાથે એક નવીન યોજના ત્હેણે ઘડી કહાડી. ત્હેમણે મહારાણા ભીમસિંહને આગ્રહપૂર્વક જણાવ્યુ કે, જોધપુર અને જયપુર જેવા મ્હોટા રાજ્યો તથા ત્હેમના પક્ષકાર તરીકે સિન્ધિયા અને હોલકર જેવા લડાયક સરદારોને માંહોમાંહેના વિગ્રહમાં ઉતરવા દેવાથી પરિણામમાં મેવાડને જ હાનિ છે; કારણ તેમ થવાથી તે સર્વની સાથે ઉદેપુરને વેર થવાનુ; માટે આ સઘળો ટંટો, કલહ ક્લેશનો અંત–રાજ્યને હરકત ન થાય એવી રીતે—આણવાના માત્ર એક જ ઉપાય તરીકે કુંવરી કૃષ્ણાને દૂધપીતી કરવી ! *

જયપુરના સહાયક અને જોધપુરના દુશ્મન તરીકે કેટલોક વખત કામ કર્યા પછી, અમીરખાને હાલ મારવાડની પાસેથી પુષ્કળ પૈસા ફૂલડાવી, ત્હેનો મિત્ર થઇ, જયપુરનો નાશ કરવાનુ માથે લીધું હતું. તેથી રાણાને ત્હેણે એમ પણ જણાવ્યું કે, 'જો કુંવરીને જયપુર આપવા બાબત વિચાર પણ કરવામાં આવશે તો હું મ્હારા લૂંટારા તમારા રાવળામાં છૂટા મુકી દઇશ અને ત્હમને તથા ત્હમારી સ્ત્રીઓને

* મારી નાંખવી.

બેઆબરૂ તથા પાયમાલ કરતાં વાર લગાડીશ નહિં. બહેતર છે કે ત્હેના કરતાં કાં તો ત્હમે ત્હમારી પુત્રી જોધપુરના રાજાને આપો, અથવા તો ત્હેનો અંત આણી, રજપૂતોનો અંદર અંદરના કલહથી નાશ થતો અટકાવો.' ત્હેણે ગમે તે કહ્યું હોય, તે બંનેએ ગમે ત્હેવી ધમકીઓ દીધી હોય, પરન્તુ પરિણામ તો એ જ આવ્યું કે —'કુંવરી કૃષ્ણાને દૂધપીતી કરવી', એવો ઘાતકી, ત્રાસદાયક હુકમ તેઓ મેળવી શકયા!

આ દુષ્ટ, નીચ, નામર્દાઇ ભરેલું કામ કરવાનું સ્ત્રીઓને માથે આવી પડયું, કોઇ પણ પુરુષનો તેમ કરવાને હાથ જ ચાલ્યો નહિં! મહારાજા દૌલતસિંહ જે રાણાનો ખાસ અડીને પિત્રાઇ થતો હતો ત્હેને 'મેવાડની આબરૂ જાળવી રાખવા' તે કામની સૂચના કરવામાં આવી, પરન્તુ સાંભળતાં જ તે કમકમાટી ખાઇ બોલી ઉઠયો કે, 'એવો હુકમ કરનારને ધિક્કાર છે! જો આમ કર્યે જ સ્વામિધર્મ અને રાજ્યભકિત પળાતી હોય તો તે બંનેને પણ ફિટકાર છે!' મહારાજા તરફથી જવાનદાસ જે રાણાનો દૂધભાઇ*થતો હતો ત્હેને પછી એ કામ સોંપવામાં આવ્યું; પણ ત્હેનાં ખાસ જરૂર અને તેમ ન થાય તો દેશની ખરેખરી પાયમાલી. જ્યારે અજીતે અને મહારાણાએ આગ્રહ પૂર્વક ત્હેને સમજાવ્યો ત્યારે જ તે કામ ત્હેણે માથે લીધું. કૃષ્ણાનું ખૂન કરવાનું ખંજર તો ત્હેણે હાથમાં લીધું, પરન્તુ જ્યારે તે યુવાન, મનોહર, કાન્તિમાન કુંવરી, પોતાને માથે ભમતા ભયથી બીલકુલ અજાણી, ત્હેની પાસે આવી પોતાની હમ્મેશની ઢબથી, સપ્રેમ કોમલતાભરી વાણિથી

* દાઇનો પુત્ર.

ત્હેની સાથે ગમ્મતનાં લાડ કરવા લાગી ત્યારે ખંજર જવાનદાસના હાથમાંથી ખસી પડ્યું અને આંસુભરી આંખે ત્હેને પાછા ફરવું પડ્યું. આ પ્રમાણે તે નીચ કૃત્ય જાહેર થઇ ગયું અને તે સાંભળતાં જ ધાસ્તીને લીધે ત્હેની ગાંડા જેવી થઇ ગયેલી માતાની ચીસોથી, તથા પોતાની પુત્રીના પ્રાણ લેવાને તૈયાર થયેલાને દીધેલા શાપથી આખો મ્હેલ ગાજી ઉઠ્યો—સર્વનાં અંતઃકરણમાં ત્રાસના ચીરા પડવા માંડ્યા.

પરન્તુ આ બનાવ પણ કૃષ્ણાકુમારીને માથે ભમતું મૃત્યુ દુર કરી શક્યો નહિં. શસ્ત્રથી તો તે બચી ગઇ—પણ ત્હેને માટે વિષનો પ્યાલો, અને તે પણ સ્ત્રીઓને હાથે જ તૈયાર થતો હતો.

કૃષ્ણા પોતાની માતા સાથે બેઠી હતી ત્યાં દાસીએ લાવી રાણાના નામથી આંસુભરી આંખે અને ડુસકાં ખાતાં ખાતાં—ત્હેના હાથમાં ઝેરનો પ્યાલો મુકયો. ત્હેની ક્રોધ અને ત્રાસથી ગાંડા જેવી થઇ ગયેલી માતાએ ત્હેના હાથમાંથી ખેંચી લઇ તે દૂર ફેંકી દેવાને પ્રયત્ન કર્યો અને દાસીને ગાળો દેવા માંડી. તે સાંભળતાં જ પાસેની દાસીઓ અને બીજી રાણીઓ આસપાસ ભરાઇ ગઇ અને ત્હેમાંની કેટલીકે તો કુંવરીનો પ્રાણ લેતાં પ્હેલાં પોતાનો જીવ અર્પી દેવાને આગ્રહપૂર્વક જણાવ્યું. પરન્તુ તે આજ્ઞાંકિત પુત્રી પોતાની સ્વદેશપ્રેમ વાળી ખરા મનની લાગણીઓથી, ભરપુર પ્રેમભરી વાણીથી, તે સર્વને શાન્ત કરી, ત્યાંથી આઘે ખસી જઇ, પોતાના પિતાનું સુખ તેમજ સ્વદેશની આબાદાની ઇચ્છી, પ્રભુપ્રાર્થના કરી—જરા અચકયા વગર તે પી ગઇ ! ! ત્હેની બ્હેબાકળી થઇ ગયેલી માતા જ્યારે બધાને ખુની હત્યારા કહી શાપ દેવા લાગી ત્યારે તે કુંવરીએ આંખમાં એકપણ

આંસુ આવવા દીધા શિવાય હેને દિલાસો દેવા કહ્યું " ઓ મ્હારી વ્હાલી માતા ! આ દુઃખી જીંદગીનો અંત વ્હેલો આવે છે હેમાં તું શા માટે કલ્પાંત કરે છે ? હું હારી પુત્રી નથી ? તું મોતથી ક્યારેય બ્હીની છે ? તો પછી હારે તેથી શા માટે બ્હીવું જોઇએ ? આપણે તો જન્મથી જ મોતની પથારી પર રમીએ છીએ; કારણ બાળપણમાં જ પુત્રીઓને માથે દુધપીતી થવાનું નિર્માણ થએલું છે. આટલાં વર્ષ પણ જીવવા દીધી હેને માટે મ્હારે પિતાજીનો આભાર માનવો જોઇએ.—સ્વદેશના સુખને ખાતર, પોતાના કુટુમ્બની શાન્તિને માટે, આના કરતાં બીજુ કીયુ મૃત્યુ વધારે સારૂ છે?"

જ્યાં સુધી ઝેરનો નીશો હેને સંપૂર્ણ રીતે ચ્હડયો ત્યાં સુધી આ પ્રમાણે હેણે વાતચીત કર્યા કરી; પણ તે વિષ હેના લોહી સાથે ભળી શકયુ નહિં અને ઉલટી થઇ સઘળું બહાર નીકળી ગયું. ફરી પાછું વધારે સખ્ત ઝેર તૈયાર કરવામાં આવ્યું, જેની પણ ઉપર પ્રમાણે જ હાલત થઇ. ત્રીજી વાર વિષનો પ્યાલો હેને પાવામાં આવ્યો, પરન્તુ ત્રીજી વાર પણ હેના ઉપર તે ઝેરની કાંઇ પણ અસર થવા દેવી કુદરતે દુરસ્ત ધારી નહિં. બાપા રાવલનો પ્રાણ બચાવનાર કુલદેવી જાણે હેના વંશની આ સર્વોત્તમ બાલીકાના જીવનું રખવાળું કરતી પાસે આવી ઉભી હોયની એમ ભાસવા લાગ્યું. પણ પેલા લોહીના તરસ્યા રાક્ષસો—પઠાણ અને અજીત—ઉપર હેની કાંઈ જ અસર થઇ નહિં અને અંતે 'કસુંબાનું ઝેર' એ નામનું અફીણમાંથી નીકળતું એક પ્રકારનું હલાહલ વિષ કૃષ્ણાને આપવામાં આવ્યું; હેણે, હવે આમને આમ વધારે વાર પોતાની દુઃખી જીંદગી ન લંબાય હેને માટે ઈશ્વર સ્તુતિ કરી, હસ્તે મ્હોંએ

પીધુ. દુષ્ટતાની ઇચ્છા ફલિભૂત થઇ; અને ત્હેનો પવિત્ર આત્મા આ ક્ષણભંગુર શરીર ત્યજી દઇ તરત જ પ્રભુધામમાં ચાલ્યો ગયો !

તેની દુઃખી માતા આ શોકજનક બનાવ બન્યા પછી વધારે વખત જીવી નહિં. દુઃખનાં આંસુ ઢાળવામાં તેની આંખો સૂકાઇ ગઇ; ખેદની બૂમો પાડવામાં ત્હેનો કંઠ બેશી ગયો. ખોરાક લેવાનુ પણ તેણે છોડી દીધું અને થોડા દિવસમાં તે પોતાની પ્રિય પુત્રીની પાછળ ચાલી ગઇ !

ઉપર સૂચિત ત્રાસભર્યા હેવાલનાં પરિણામ કેવલ અણધારેલા જ થયાં ! આખું મેવાડ જાણે પોતે જ આ ઘોર કૃત્ય કર્યું હોયની એમ શોકગ્રસ્ત અને કાળું શાહી જેવુ દેખાવા લાગ્યુ અને રાણા તથા રાજકુટુંબનાં માણસોને તો પગ બહાર મુકવો પણ ભારે થઇ પડયો. પેલો ઘાતકી પઠાણ—જેણે મારવાડની તરફથી જયપુરના તમુના દોસ્તીદાવે જઇ તેના સરદારો સાથે ભોજન લઇ, મિત્રતાનાં ચિહ્ન અદલબદલ કર્યા પછી તેમને ત્યાંને ત્યાં કતલ કરાવ્યા હતા—તેણે પણ જ્યારે તેનો મળતિયો અજીત તેની પાસે વાતની ખબર કરવા આવ્યો ત્યારે ત્હેનો તિરસ્કાર કર્યો, અને 'રજપૂતો જે પોતાની બહાદુરીની બડાઇ મારે છે તે આ જ કે ?' એમ ત્હેને કરડાકીમા પૂછી, પોતાની પાસેથી અપમાન સાથે દૂર થવા હુકમ કર્યો. પરન્તુ ને નીચ દગાખોરને જે શબ્દો પોતાના હરીફ પાસેથી સાંભળવા પડયા તે આના કરતાં પણ વધારે સખ્ત હતા. સંગ્રામ—સક્તાવત, કુંવરીના મૃત્યુ પછી ત્રણ ચાર દિવસમાં ઉદેપુર આવી પ્હોંચ્યો. આ માણસ અજીતનાથી તદ્દન જૂદી જ પ્રકૃતિનો હતો. તે હિમ્મતવાન, નિસ્પૃહ અને ખરાબોલો હોઇ, રાજ્યકર્તાની મેહેરબાની તથા

દુશ્મનની કરડી નજર એ બંને બાબતમાં કેવલ બેદરકાર હતો. દરબારમાં પ્રવેશ કરવાની (રિવાજ મુજબ) પરવાનગી લીધા વગર જ તે એકદમ, અજીત જ્યાં બેઠા હતો ત્યાં મહારાણાની સમક્ષ બેધડક ચાલ્યો ગયો, અને રાણા તરફ ક્રોધથી લાલચોળ આંખ ફેરવી ગાજી ઉઠ્યો, " ઓ નામર્દ ! સેંકડો વર્ષથી નિષ્કલંક રહેલા સિસોદિયાના નામ ઉપર ત્હેં ધૂળ ફેરવી છે—ત્હેમનું પવિત્ર લોહી ત્હેં આજ ભ્રષ્ટ કર્યુ છે ! સૂર્યવંશી રજપૂતોના મ્હોં હમ્મેશને માટે કાળા થયાં છે. કોઈ મેવાડી હવે કદિ પણ પોતાનું માથું ઉચું કરી શકવાનો નથી ! આવા કલંકનો બદલો આખા રાજ્યની પડતીમાં—સિસોદિયાની ગુલામગીરીમાં જ—આવવાનો ! ત્હારૂં આ કૃત્ય એટલુ તો ઘોર પાપ ભરેલુ છે કે ત્હેનો યોગ્ય બદલો આ દુનિયામાં તો ત્હને મળી શકવાનો જ નથી ! ખરેખર સિસોદિયાનો અંત નજીક દેખાય છે. બાપા રાવળના કૂળનુ આવી બન્યુ જ લાગે છે, કે ત્હારા જેવા બાયલા મેવાડની પવિત્ર ગાદીને કલંકિત કરવાને જીવતા રહ્યા ! સૂર્યવંશનો નાશ થવા દેવાને માટે જ પ્રભુએ આવું કાળું કામ ત્હને કરવા દીધું છે ! " આવાં સખ્ત, ઉગ્ર, પરન્તુ સત્ય વાક્યો નહિ સંભળાયાથી રાણાએ એ હાથમાં મ્હોં છુપાવી દીધું, ત્યારે ત્હેણે અજીત તરફ ફરી કહ્યું. "ઓ ચન્દાવતોના કૂળઅંગાર ! રજપૂતાણીના ઉદરને એબ લગાડનાર ! ત્હેંજ આ બધી બદનામી આપીને અમને કાળા શાહી જેવા કરી દીધા છે; ગજ ગજ છાતી કહાડી પૃથ્વી ધ્રૂજાવતા ફરનાર સિસોદિયા રજપૂત વીરોને આજ ત્હેં જ ખૂણા ખોળતા કર્યા છે ! ત્હારા મ્હોં પર ધુળ હજો ! ! ! ત્હારૂં સત્યાનાશ જજો અને ત્હારો દીકરીએ પણ દીવો રહેશો નહિ ! આ કમળનાળ જેવી કોમળ બાલિકાને છુંદી નાખવામાં એટલી બધી ઉતાવળનું શું પ્રયોજન હતું ? પડાણે શહેર લૂંટ્યું હતું ? એના

પીંઢારા રાવળામાં પેદા હતા ? અને કદિ એમ થયું હોત તો પણ શું ? ત્હમારા બાપદાદાની પેઠે મરતાં ત્હમને ન્હોતું આવડતું ? નવખંડ પૃથ્વીમાં ત્હેમણે નામ કહાડયું છે તે ત્હમારી પેઠે–ચુડીઓ પ્હેરીને, બાયાંબાઇ જેવા બેશી રહીને ? આખા હિંદુસ્થાનના સમર્થ બાદશાહોનાં લશ્કરો મુઠીભર રજપૂતોએ આમ કાપી નાંખ્યાં હતાં ? ચિતોડના કેસરિયાં અને જોહર* ભૂલી ગયા છો ? અરે આ બધું હું કોને કહું છું ?–કોઇ રજપૂત તો મ્હારી સમક્ષ હું જોતો નથી' જો ત્હમારી સ્ત્રીઓની આબરૂ જવાની ધાસ્તી ત્હમને હોત અને અને ત્હમે જોહર કરી કેસરિયાં કર્યાં હોત તો સ્વર્ગમાં પણ ત્હમારા પિત્રી તૃપ્ત થાત; અંતે બાપા રાવળનો વંશ બચાવનારી કુળદેવી તો જાગતી બેઠી છે–તો ત્હમારે ફિકર શી હતી ?—આવું નામર્દી ભરેલું, કાળું કામ કરી જીંદગી બચાવવી ત્હેના કરતાં તો વંશ નિર્મૂલ થઇ, નિકંદન થઇ જાય તે પણ વધારે સારૂં ! ત્હમે બધા એટલા બધા ગભરાઇ ગયા કે ભયને પાસે પણ આવવા ન દીધા ? અરે ! ત્હમે ખરેખર નકામા જીવ જવાની બ્હીકથી આંધળા જ થઇ ગયા હોવા જોઇએ—કે જરા પણ દિલ સંકોચાયા વગર તમે શ્રીજીના+ બાલક ઉપર ઘા કર્યો !—અરે ત્હમને બીજા કોઇનો વધ કરી એ બાલકી છુપાવી રાખવાનું પણ યાદ ન આવ્યું ? નિશ્ચય, મેવાડના

* જ્યારે પોતાનો પરાજય નક્કી જ છે એમ રજપૂતોને ખાત્રી થતી ત્યારે પોતાનાં સ્ત્રી–બાલકોને, દુશ્મનને હાથ જતાં અટકાવવા, ચિતાઓ ખડકી બાળી મુકી, પછી શત્રુ ઉપર કેસરિયા વાગા પ્હેરી અરસ્પરસ છેલ્લી વાર ભેટી લઇ, તૂટી પડતા. આ પ્રમાણે નીકળેલા રજપૂતોમાંથી ભાગ્યે જ કોઇ રણભૂમિમાંથી જીવતો બ્હાર નીકળતો. ઉપર પ્રમાણે સ્ત્રી–બાલકોનું બળી મરવું ત્હેને જોહર કહેતા.

+ મેવાડના ગાદીપતિ અને ત્હેમનાં વંશજોનું ઉપનામ.

રાજ્યનો અને આપણા કુટુમ્બનો ક્ષય પાસે જ છે!!!" પોતાના રાજાને, રાજ્યને, કૂળને અને પ્રજાને દગો કરનાર તે નિમકહરામ દેશદ્રોહી એક અક્ષર પણ જવાબમાં બોલી શક્યો નહિં.

તે બહાદુર સક્તાવતનો શાપ અક્ષરે અક્ષર સાચો પડયો. પંચાણું બાલકોમાં રાણાને ફક્ત એક જ પુત્ર (કૃષ્ણાકુમારીનો સગો ભાઈ) જીવતો રહેવા પામ્યો અને પાછળથી બે પુત્રીઓ થઈ હતી, પણ પોતાનાં સંતાનમાં રાણો જીવ્યો ત્યાં સુધી કોઇ પણ રીતનું સુખ અનુભવી શક્યો નહિં. પરન્તુ તે શાપનું ખરેખરૂં કડવામાં કડવું ફળ ભોગવનાર તો અજીત જ હતો. એક મહિનો થયો નહિં એટલામાં તો હેની સ્ત્રી અને બંને પુત્રો મૃત્યુ પામ્યા અને બાલહત્યા અને સ્ત્રીહત્યાથી દૂષિત થયેલો સર્વ સ્થળે ધિક્કારાતો, પોતાના આશ્રિતોમાં પણ માથું ઉંચું ન કરી શકતો, તે, સત્તાલોભી ચન્દાવતકુળમાં જન્મેલો અસુર અજીત જ્યાં ત્યાં હરિભજનનો ડોળ ઘાલી કાળાંધોળાં કરતો, વૃદ્ધાવસ્થામાં ભટકી ભટકીને, હેનાં કરેલાં કૃત્યોનું યોગ્ય શાસન પામવા અંતે પ્રભુધામમાં હાજર થયો ' એના જીવનનું આ પરિણામ જોતાં છતાં પણ, એના દુઃખી ઘડપણ ઉપર નજર નાંખતાં છતાં પણ, આપણાથી સંગ્રામની સાથે બોલી ઉઠયા વગર રહેવાતું નથી કે "ધુળ હજો એના નામપર!"

આ રજપૂતોના કલંકરૂપ રાક્ષસે આ કાળુ કરાવ્યું હેનો લાભ તો જે હેણે ધારેલો તે સ્વપ્નમાં જ રહ્યો, પરન્તુ આપણી હિન્દમાતાએ કૃષ્ણાકુમારી જેવી વીરબાલાના આ પ્રમાણે અકાળ પરલોકગમનથી જે એક અમૂલ્ય, અનુપમ રમણીરત્ન ગુમાવ્યું તે તો ગુમાવ્યુંજ!

ગુલાબ અને ગોકુળગાય.

નર્મદાકિનારે એક મ્હોટા જમીનદારનો બંગલો હતો. આસપાસ રમણીય ફૂલવાડી ચારે દિશામાં ફેલાઇ હતી. લીલીછમ વેલીઓના માંડવા તથા ફળફૂલથી લચી જતાં ઝાડનાં ઝુંડ જ્યાં જોઇએ ત્યાં માલુમ પડતાં. દૂરના વિભાગોમાં હરણિયાં અને સસલાં દોડાદોડ કરી મૂકતાં; અને એક બાજુપરની લીલોતરીમાં ગાયો અને ત્હેમના વાછડાં, બકરાં અને ઘેટાં નિરાંતે ચારો ચરતાં. ઉપવન ખરેખર બહુ રળિયામણું હતું.

બંગલાના ખૂણા તરફ એક મનોહર ગુલાબનું ઝાડ ઉગ્યું હતું. અને ગુલાબની પાસે એક ગોકુળગાયનું રહેઠાણ હતું. ગોકુળગાય પોતાની આરામ લેવાની બંગલી [જે એક છીપના આકારની હતી તે] પોતાની પીઠ ઉપર જ લઇને ફરતી અને ત્હેણે ફૂણાં, નાજુક બે શીંગડાં પણ માથા ઉપર પ્હેર્યાં હતાં. આ સઘળું બહુ સુન્દર લાગતું અને ગોકુળગાયને પણ તે માટે ઘણું અભિમાન હતું. તે અને ગુલાબ એક બીજાનાં પડોશી હતાં અને ત્હેમની વચ્ચે ઘણી-વાર બહુ મઝેની, રસીલી વાતો ચાલતી; વખતે તકરાર પણ થતી. પરન્તુ તે બેને ઠીક દોસ્તી જામી હતી, તેથી લ્હડાઇ થાય તેમ ન્હોતું. ગુલાબ ગંભીર અને સ્નેહાળ હતું; ગોકુળગાય તરંગી અને નાદાન હતી.

“ ગુલાબ ! ” એક દિવસ આપ વડાઇની વાતો કરતાં ગોકુળ-ગાયે કહ્યું; “ ગુલાબ ! તું જોજે તો ખરી, થોડા દિવસ પછી હું દુનિયામાં શું શું કરી નાંખું છું તે ! જરા હું મ્હોટી થઇશને,

તે પછી તું જોજે!—ત્હારી પેઠે હું કાંઇ ઘરકૂકડી થઇ ખૂણે ભરાઇ પેસવાની નથી. મ્હારે તો હજી ઘણાં મહાન્ કામો જગત્‌માં કરવાનાં છે. ત્હારી પેઠે એક જ જગોએ ચ્હોંટી રહું તો દુનિયામાં હું મહાન્ શી રીતે બનું!—તું ત્હારી મેળે બેઠી બેઠી ફૂલ પાંદડાં ખીલાવ્યે જા. થોડા દ્હાડામાં કરમાઇ ગયાં એટલે તે સઘળાં નકામાં. અને પાછું એનું એ!—"દરજીનો દીકરો જીવે ત્યાં સુધી શીવે!"—આ જોને, પેલી ઓરડી રહી. એની પણ એની એ દશા' બાર ખરી પડયાં એટલે પાછું એનું એ!—ને આ પાસેની ગંજીમાં શેઠની ગાય બાંધી છે તે તું જુવે છે ને? તે દૂધ તો આપે છે, પણ શા કામનું? જે તે આવીને લઇ જાય છે!!—એમ એક ખીલડે બંધાઇ રહ્યે કાંઇ દુનિયામાં મ્હોટાઇ મળવાની હતી? ગુલાબ! તમને લોકોને મ્હારા ખરી કિંમત હાલ સમજાવાની નથી, પણ થોડો વખત વાટ જો તો ખરી, પછી શું થાય છે, તે તું નજરે જોઇશ, અને ત્યારે જ ત્હારી આંખ ઉઘડશે!"

"બ્હેન! ત્હારી મ્હોટાઇ હુ સમજું છુ," ગુલાબે જવાબ દીધો: "પણ હું એક જ ઠેકાણે આખી જિંદગી ભરાઇ રહીછું, તેથી મ્હારામાં ત્હારા જેટલી વિશાળ બુદ્ધિ ક્યાંથી હોય?—માટે મ્હને કહેતો ખરી કે તું શું શું—ને તે કેવી રીતે કરવાની છે?"

"હું ધીમે ધીમે મ્હોટી થઇશ," ગોકુળગાય બોલી: "તું બહુ ઝડપથી વધે છે અને બોલે છે, પણ ત્હને ખબર છે?—ઉંચાઇ એ મૂર્ખતાની નિશાની છે! હું ત્હારી પેઠે ઉતાવળ કરીને મ્હારી બુદ્ધિને અણુપાકટ રહેવા દઉં, એવી ગાંડી નથી તો! ને હું શું શું કરીશ? ઓહો! એ તો તું જોજે ને: તું ક્યાં જવાની છે? તે તો તું જોઇશ ત્યારે જ જાણીશ."

બીજું વર્ષ આવ્યું. ગુલાબે નવાં પાંદડાં, નવી કળીઓ ખીલાવી હતી. ત્હેનાં સુન્દર ફૂલની ખુશબો, આસપાસની જગો સુખકર, ખુશનુમા બનાવતી હતી. ગોકુળગાય ત્હેની પાસે જમીન ઉપર પડી પડી તડકામાં આરામ લેતી હતી, અને પોતે ભવિષ્યમાં જે જે મ્હોટાં કામ કરવાની હતી ત્હેનાં સ્વપ્નાં જોયાં કરતી હતી.

ઋતુ બદલાઈ, ટાઢ સખ્ત પડવા લાગી એટલે ગોકુળગાયને રહેઠાણ બદલી જમીનમાં દર કરી ત્હેમાં પેસવું પડયું. ઠંડા પવનના ઝપાટાઓએ ગુલાબના ઝાડને ખંખેરી નાંખ્યું હતું.

વળી નવું વર્ષ થયું. ગુલાબે ધીમે ધીમે નવાં—વધારે મ્હોટાં પાંદડાં અને નવાં-વધારે સુન્દર ફૂલ ખીલાવ્યાં. ગોકુળ ગાય પોતાના દરમાંથી બ્હાર આવી તડકામાં પાછી લ્હેર કરવા લાગી.

તે ઉમ્મરમાં પણ વધી હતી. ત્હેની પીઠ ઉપરની બંગલી વધારે દઢ-વધારે મ્હોટી દેખાતી હતી. ત્હેની ચારે દિશાઓમાં ડોલતી લલિત શીંગડીઓ વધારે લાંબી થઇ હતી અને જોરથી ઘુમતી હતી. "ગુલાબ! તું તો એટલી વારમાં ઘરડીયે થઇ ગઇ!" ત્હેણે પોતાના નિત્યના સાથી સાથે વાત કરવા માંડી. "હવે ત્હારી જીંદગી બહુ પ્હોંચવાની નથી. જોયું, ઉતાવળ કરીને વધવાનું આવું ફળ છે! અને ઉગી ઉગીને-વધારે વધારે-તાકીદથી ફલીને પણ તું કરે છે શું? થોડી ગુલાબનાં ફૂલની કળીઓ ત્હારા ઉપર ઉગે છે, એ જ કે બીજું? અને ઉગે છે ત્હેવી લોકો ઝટપટ કાપી જાય છે: ત્હેમાં ત્હને મળ્યું શું? ગુલાબ તું મ્હને કહીશ કે બીજા લોકો કાપીને ઉતારી જાય છે અને ત્હારે ભાગે તો રૂહેતાં નથી,—એવાં ફૂલ પેદા કરવામાં ત્હને શું ફાયદો છે?"

"બ્હેન ! મ્હેં તો તે વિષે વિચાર જ કર્યો નથી" ગુલાબે જવાબ દીધો. "મ્હને ખીલવામાં જ આનન્દ છે, તેથી હું તેમ કરૂં છું. અને હું ખીલું છું. એટલે ફૂલ કળીઓ તથા ન્હાનાં પાંદડાં પણ મ્હારા આનન્દમાંથી પેદા થાય છે. સ્હવારમાં સૂર્ય ઉગે છે ત્યારે પ્રકાશ અને ગરમી મ્હારી જિંદગીમાં ચેતન ભરે છે; મધુર પવન વાય છે, ત્યારે મ્હારૂં અંતર્ તાજું બને છે; લલિત ઝાકળનું પાન મ્હારી ભૂખ તરશ છીપાવે છે; અને મીઠડા વરસાદનું તાજું પાણી મ્હને અમૃત આપે છે. હુ આમ જીવું છું અને મ્હારી જિંદગીમાં ફેલાતા આનન્દન ફળરૂપે સુગન્ધભરી ફૂલકળીઓ પોતાની મેળે જ ખીલી નીકળે છે. તે કાંઇ હુ પેદા કરતી નથી."

"ત્યારે તો ત્હારી જિંદગીમાં પણ સુખ અને આનન્દ છે, ખરાં !" ગોકુળગાયે અચંબો પામીને કહ્યું.

"હા, બ્હેન !" ગુલાબે જવાબ દીધો; "મ્હારી જીંદગીમાં મળેલાં સુખશાન્તિ અને આનન્દ માટે હું પ્રભુનો નિત્ય ઉપકાર માનુ છું. હું પ્રેમમય જીવન ગાળું છુ અને બધાં તરફ ભલાઈ તથા મધુરતા રાખું છું. સઘળાં લોકો મ્હને ચ્હાય છે, કારણ કે જે જે માણસો મ્હારી પાસે છે, ત્હેમને સુગન્ધ ભરેલી ફૂલકળીઓ મળે છે. અને ન્હાનાં છોકરાં તો મ્હને બહુ જ વ્હાલાં લાગે છે તેથી ત્હેમને પણ હું પુષ્કળ ફૂલ આપું છું.—દુનિયાને મીઠાશ આપવામાં જ મ્હને આનન્દ મળે છે."

"પણ ગોકુળગાય ! હવે તું શું કામ કરે છે, તે તો કહે ? આખો દિવસ તું વિચાર કર્યા કરે છે, અને મ્હારા કરતાં બુદ્ધિ, ડહાપણ અને અનુભવમાં પણ તું વધારે લાગે છે."

"હું શું કરૂં છું?" ગોકુળગાયે ગર્વથી કહ્યું: "હું શું શુ કરી શકું છું તે તું બીચારી એક જ ખૂણામાં ભરાઇ રહેનારી ચરફકડી કેવી રીતે જાણી શકે? ન્હાનાં છોકરાંને ખુશી કરવાં, એ કાંઇ મ્હારૂં કામ છે? હું તો ત્હેમની કે કોઇની પરવા કરતી નથી. મ્હને કોની ગરજ છે કે હુ મ્હારો અમૂલ્ય વખત ત્હેમને માટે બગાડું? હું મ્હારા ખોરાકને માટે દરરોજ મુસાફરી કરૂ છુ, અને બાકીનો સઘળો દિવસ આરામ તથા ઉંઘમાં ગાળુ છું. ભવિષ્યમા જે મ્હોટા કામ હુ કરવાની છુ, ત્હેને માટે હમ્મેશાં વિચાર કરી, તૈયારી કરી રાખુ છું કે સમય આવ્યે તે કામમાં લાગે. તે દરમિયાન હુ ખાઉં છુ, પીઉં છુ અને મઝા કરૂ છુ"

"પણ બ્હેન!" ગુલાબે પૂછ્યુ "આપણે બધાંએ કામ કરવાનુ નથી? એકલાં સ્વપ્નાંમાં જ જીંદગી ગાળવાથી કાંઇ કામ થવાનુ હતું? આપણી આસપાસનાં સઘળાંને સુખ અને આનન્દ આપવાનો આપણો ધર્મ નથી?"

"અરે! એવું ગાંડાવેલૂં તો ત્હારા જેવાં અક્કલવગરનાં કરે!" ગોકુળ ગાય ગુસ્સામાં બોલી ઉઠી. "હુ તો પારકાંને માટે જરા પણ મહેનત કરવાની નથી. અને તું પણ શુ કરે છે? ફક્ત ફૂલની કળીઓજ ખીલાવે છે ને? ભલેને પેલી ઓરડીનાં ઓાર છોકરાં બુડી પાડે! ન્હેમનું કામ તે જાણે! ત્હેમાં આપણે શુ? પણ હું તો, મ્હેં મ્હારે પોતાના માટે જે નિરાળો રસ્તો ખોળી કહાડયો છે, તે તરફ જ જઇશ. તુ જાણે છે કે જે પારકાની પીડાઓ વ્હોરે છે ત્હેમનાથી કદી મહાન્ થવાતું નથી?" આમ બોલી તે ગુસ્સામાં પોતાના દરમાં પેશી ગઇ.

"હે પ્રભુ !" ગુલાબે કહ્યું: "આવી નિરૂપયોગી જીંદગી કદિ મ્હને ન આપતો. હું તો તેમ જીવી શકું જ નહિં. મ્હારે ફૂલ-કળીઓ પેદા કરવી જોઇએ, પણ તેમ ન કરૂં તો જીંદગીમાં મ્હને આનન્દ મળે નહિં. ન્હાનાં છોકરાં જેમના તરફ ગોકુળગાય તિરસ્કાર બતાવે છે, તે તો મ્હારાં પ્રાણ છે. હેમનું સુખ, હેમનો સન્તોષ, હેમનો આનન્દ, એ બધાં મ્હારૂં સુખ, સન્તોષ, આનન્દ છે. હું બીજાના સુખ માટે પ્રેમ ન રાખું, તો મ્હને સુખ ક્યાંથી મળે? હું બીજાંને ચ્હાઉં નહિં, તો બીજાં મ્હને કેમ ચ્હાશે?

"શેઠની ન્હાનકડી બાળકીને હાથમાં મ્હારાં ફૂલ લઇને ઠાકોરની પૂજા કરવા જતી જોઉં છું, તે વખતે મ્હારા શરીરમાં જે ઉમંગ અને આનન્દ વધે છે, હેનું વર્ણન કેવી રીતે થઇ શકે? એથી મ્હારી જીંદગી અમૃતમય બને છે, એવા આનન્દ જ મ્હારો પ્રાણ છે. એ મ્હારાથી કેમ વીસરાય?"

આમ ને આમ ગુલાબનું ઝાડ વધ્યું અને ફાલ્યું; દરવર્ષે નવાં નવાં, વધારે સારાં, વધારે સુગન્ધવાળાં ફૂલ તે આપતું જ રહેતું. ન્હાનાં બાળકો અને મ્હોટાં માણસોને તે બહુ વ્હાલું થઇ પડ્યું હતું. હેની પાસે જ બાળકોની રમતો રમાતી અને ઘરનાં માણસો હેની છાયામાં આરામ લેતાં.

વર્ષો જવા લાગ્યાં—ગોકુળગાય મરણ પામી. હેનું જીવન કોઇને ઉપયોગનું ન્હોતું; તેથી હેના શોકથી કોઇની આંખે ભીંજાઇ નહિં.

ઘણાં વર્ષ પછી ગુલાબ પણ મરણ પામ્યું. ત્હેની છાયામા રમેલા બાળકોએ ત્હેનાં કરમાઈ ગયેલાં ફૂલ દેવસેવાના સ્થાનમાં રૂપાનાં વાસણમાં સાચવી રાખ્યાં હતાં. પ્રભુ-પૂજનમાં વપરાયલાં એ ફૂલની પણ પોતાના મરણ પામેલા એ વૃદ્ધ મિત્રના પ્રીતિસ્મરણ ખાતર તેઓ પૂજા કરતાં અને ત્હેને સંભારીને આંસુ ગાળતાં.

હવે મ્હોટાં થયેલાં તે બાળકોએ તો ધર્મપોથામાં પણ એક ફુલ રાખ્યું હતું. પોતાના પ્રીતમનો પ્હેલો મેળાપ એ ગુલાબના ઝાડ નળે થયો હતો અને પ્રીતમજીએ તોડીને એક મીઠડી ફુલકળી ત્હેના બાળમાં ખોશી હતી, તે ત્હેણે સાચવી રાખી હતી. હજી પણ પ્રિય પતિની સાથે વૃદ્ધ ગુલાબના ઝાડનું વારંવાર તે સ્મરણ કરતી હતી.

અનેક સ્થળોમાં આ ગુલાબના મરણ પછી શોક ફેલાયો હતો પણ ન્હાનકડાં ગુલાબનાં ઝાડ તે વૃદ્ધ ગુલાબમાંથી ફૂટીને ત્હેની આસ-પાસ ઉગ્યાં હતાં તે જોઈને દિલગીરી કાંઈક ઘટતી હતી. કારણ કે તે મ્હોટા ગુલાબનાં જ બાળકો હતાં.

પ્રેમભર્યા જીવનનો અંત પણ પ્રેમમાં જ આવેને ?

જગત્શેઠનું ઝવેરાત

અથવા

છૂપી પોલીસ છેતરાઈ!

" જગતશેઠ, ઔરંગાબાદ "—એ નામનું કાર્ડ એક બાડુતી વિક્ટોરિયા (બગી)વાળાએ રતીલાલ નામના ખાનગી ડિટેક્ટિવ (છૂપી પોલીસનું કામ કરનાર)ના હાથમા લાવી મૂક્યુ. રતિલાલ જે પોતાની ઑફીસમાં એક આરામ—ખુરશી ઉપર પડ્યો પડ્યો બીડી પીધા કરતો હતો તે, આ કાર્ડ જોઈ ચમક્યો, જાગ્રત થયો અને પછી જરા વિચાર કરતો હોય એમ મનમાં ને મનમાં બબડ્યો " જગતશેઠ ? હા, હા. ઠીક, એ તો પેલો ઔરંગાબાદનો શેઠિયો, જે પ્રાચીન લેખો વગેરેની શોધમાં જ પડ્યો રહે છે તે જ હશે. પરન્તુ એ અહિં ક્યાંથી ?–પણ, હા. કાશ્મીર તરફ કાંઈક નવા લેખ જમીન ખોદતાં જડ્યા છે, અને તે જોવાને એ ત્રણેક દિવસમાં જવાનો છે એમ પેપરમાં વાંચ્યું હતુ ખરૂં."

" શેઠ બહાર ઉભા છે, સાહેબ ! " તે ગાડીવાળાએ કહ્યું.

" ત્યારે તેમને અંદર મોકલોને. " રતિલાલે જવાબ આપ્યો. અને અંદર આવતા તે શેઠિયા સાથે " શેકહેન્ડ " કરી, તેને એક સારી ખુરસી ઉપર બેસાડયો.

જગતશેઠ દેખાવે ઠીંગણો હતો, તેણે કાશીસાફ (બાટની) સફેદ પાઘડી માથે પ્હેરી હતી તથા આખુ શરીર એક મોટા ગુરાન-કોટથી ઢાંકી દીધું હતું. આંખે સોનેરી ગુરાં ચશ્માં પ્હેરેલાં હતા, અને

પગમાં ઉંચી કિમ્મતનાં વિલાયતી બૂટ ચળકતા કરતાં હતાં. મ્હોંએ મોટા થોભિયા રાખેલા હતા તથા કપાળે એક ઘાટદાર ત્રિપુંડ તાણેલું હતું.

"રતિલાલ આપનું જ નામ?" તેણે પૂછ્યું.

"હાજી," તે ડિટેક્ટિવે જવાબ દીધો: "મારા સરખું કાંઈ કામકાજ હોય તો ફરમાવો; સેવક હાજર જ છે."

"ઠીક, ત્યારે મને વધારે નવરાશ નથી. હું આજ સાંજની ટ્રેનમાં એક લાંબી મુસાફરી ઉપર જાઉં છું."

"હા જી." રતિલાલે જવાબ દીધો. "આપ કાશ્મીર તરફ જવાના છો, એમ મેં સાંભળ્યું હતું."

"હેં!" જગતશેઠ આશ્ચર્ય પામતો હોય તેમ બોલી ઉઠ્યો. "ખરેખર! એ પણ તમે જાણી ગયા? નક્કી તમારા ડિટેક્ટિવોથી કાંઈ પણ વાત છુપી રાખવી એ અશક્ય જ છે."

રતિલાલે પોતાને શી રીતે ખબર મળી હતી તે જણાવ્યું નહિ. તેણે માત્ર માથું નમાવ્યું.

"ઠીક ત્યારે, મી. રતિલાલ! મારે પણ તમારી પાસે મારી મુસાફરીને લગતી બાબતને માટે આવવું પડ્યું છે. મારી 'વાઇફ'-મારી સ્ત્રી—શેઠાણી કુંજલતા—મારા કરતાં નાની ઉમ્મરની છે! વળી, ખરૂં કહેવડાવો તો, શેઠાણીને પ્રાચીન લેખોના શોધની કાંઈ પણ કિમ્મત નથી, તેમ તેને તેમાં કાંઈ રસ પણ પડતો નથી. તેથી ઘેર રહેવાની છે. તેને જરા ગમ્મત તથા મોજશોખ વધારે પસંદ છે,—પણ તેમાં કાંઈ હું તેનો દોષ કુહાડતો નથી; પરન્તુ જ્યારે કોઇ માણસ જાણે છે કે તેની સ્ત્રી તેના કરતાં ઘણી નાની છે, અને વળી તે

તેને કેટલોક વખત એકલી મૂકી દૂર દેશાવર તરફ જવાની તૈયારીમાં છે, ત્યારે તેને પોતાની 'વાઈફ' વિષે ઘણી જ ખાત્રી તો—હેં ! ' શેઠે જરા વક્રોક્તિસૂચક મ્હોં મલકાવ્યું

તે ડિટેક્ટિવ ખુરશી ઉપર પડયો પડયો પોતાના બંને હાથ ઉપર માથું ટેકવી બધુંયે લક્ષપૂર્વક સાંભળ્યા કરતો હતો. તે મનમ બબડયો,—"અદેખાઈ!" વળી જાણે મહા મોટા વિચારમાં પડયો હોય એમ દેખાવ કરી, "ખરેખર, વ્હેમ અને અદેખાઈ જ અમારા ડિટેક્ટિવોની ઘંટીને દયણું પૂરૂં પાડે છે!"—મનમાં બોલી, લક્ષપૂર્વક સાંભળવાનો ડોળ કરી, તેણે માથું હલાવ્યું.

"આવી તેવી વાતો હોઠ બ્હાર કહાડવી, એ જરા બહુ કઠિન થઈ પડે છે." શેઠે કહ્યું. "અમને ડિટેક્ટિવોને ઘણી ઘણી પ્રકારના વિચિત્ર કેસોનો પણ અનુભવ મળે છે," રતિલાલે કહ્યું: "તેથી આપ ખાત્રી રાખવી કે આપ જે કહેશો તે હમ્મેશાં છૂપું જ રાખવામાં આવશે.'

જગતશેઠને કાંઈક ખાત્રી થઈ હોય એમ દેખાયું.

"ઠીક," તેણે જણાવ્યું: "ત્યારે સાંભળો. હું શેઠાણીની ચાલ-ચલગત ઉપર નજર રાખવાને ઇચ્છું છુ, અને તે કામ સારૂ તમને રોકવાનો મારો ઇરાદો છે. હું તમને દર મહિને સો રૂપિયા આપીશ કેમ ત્યારે, કહો તમે આ કામ માથે લેશો ?" રતિલાલ વિચારમાં પડયો હોય એમ જણાયો; થોડીવાર વિચાર કર્યા પછી તેણે કહ્યુ. "આ જરા વિચિત્ર અને ઘણી જ સંભાળથી કરવા જેવું કામ છે; પ્હેલું મારે એટલું તો જાણવું જ જોઇએ કે તમને કોઇના ઉપર શક છે?'

"માત્ર કાંઇક જ." શેઠે જવાબ દીધો: "શેઠાણીના એક મામાનો છોકરો ઘણુંખરૂં અમારે બંગલે જ રહે છે, અને હમણાં હું પરદેશ જાઉં છું, એટલે તો વખતે તે ત્યાં જ પણ રૂહે."

"ઠીક, પણ શેઠાણીના મનમાં કોઈ પણ પ્રકારનો શક ઉત્પન્ન થયા શિવાય હું ત્યાં રહી કેવી રીત્યે તપાસ રાખીશ ?"

"આહા ! હાહા !" આ શંકાશીલ માણુસ ખડખડાટ હસી પડયો, "અરે, ત્યાંજ મારી ગોઠવણુની ખુબી છે તો. હું તમને મારા ઔરંગાબાદના શાન્તિસદન–બંગલામાં ખાસ રહેવાનેજ મોકલું છું, કે વખતે મારી ગેરહાજરીનો લાભ લઈ કોઇ લૂંટારા કે ચોર ધાડ-બાડ પાડે તો તમે કામમાં આવો. દહાડે અથવા રાતે બંગલાના કોઇ પણ ભાગમાં જવા આવવાની ગમે તે તાળું અથવા કળ ઉઘાડવાની તથા ગમે તે વખતે બંગલામાં અથવા બંગલાની બહાર ફરવા જવાની હુ તમને રજા આપુ છું. એટલે, સમજ્યાને ? તમે તપાસ કરી શકશો."

તે ડિટકિટવે આ બધી ખટપટના દાવપેચ પ્રથમથી જ થઇ ગયાથી પોતાની મહેનત ઓછી થતી જોઇ, અને તેથી જરા ખોટું લાગ્યું હોય તેમ, સ્વાભિમાનથી બોલ્યો. "એ બધુ કહેવામાં તો ઠીક જ છે તો, પણ કરતી વખત તેમાંથી હજાર ફણગા ફૂટશે."

"હાસ્તો. પણ ત્યારે તમારી પાસે શું કામ આવ્યો હોઇશ ! મને ખાત્રી છે કે તમે ગમે તેવી હરકત હશે તોપણ તે દૂર કર્યા વિના રહેશો નહિ જ. હું મુંબાઇથી આજ જાઉં છુ, તમે કાલે ઔરંગાબાદ જશોને ?"

"હા. હું ધારૂં છુ કે હું જઇ શકીશ. અને તમે શેઠાણી કુંજ-લતા ઉપર એકાદ ચીઠ્ઠી લખી આપશો તો ઠીક પડશે."

"નારે, ના. મને એ બાબત તમારા કરતાં વધારે માહેતી છે. એમ કહેજો કે છેક ઉપડતી વખત જ મેં તમારી સાથે ગોઠવણ કરી."

"પણ કદાચ આપનાં વાઇફ (પત્ની)—"

"મારી વાઇફ તો મારી કાળજીને—તેને વિષેની ફિકરને—માટે ઉલટી આભારી અને ખુશી થશે. હું 'મેઇલ'માં જાઉં છું. આજના પેપરમાં કદાચ તમે મારૂં નામ પણ કાશ્મીર જનારા તરીકેનું વાંચશો. તમારે કાંઇ પ્રથમથી જ ખર્ચને માટે જોઇશે? એમ હોય તો આ પચીસ રૂપિયાની નોટ સ્વીકારવાની મહેરબાની કરશો."

"થેન્ક યુ. મોટો આભાર થયો, શેઠસાહેબ! જો કે તેની કાંઇ જ જરૂર નહોતી. પણ મને લાગે છે કે, જો તમે તમારાં 'વાઇફ" (પત્ની) ઉપર એકાદ ચિઠ્ઠી આપી હોત તો વધારે સારૂં."

"નારે, ના. એ બાબત હું વધારે જાણું છું. પણ જો તમે ન જ જઇ શકો તેમ હો તો—"

"ના, ના. મારાથી ન જવાય એવું હાલ કાંઇ કામ નથી; પણ—"

"મારા સાહેબ! તમારૂં 'પણ' તો થોડા વખત ઉપર જ મેં બંધ કર્યું છે, એમ હું ધારૂં છું, હવે તમે કાલે જ જાઓ. ખરેખરી જાગૃતિનું કામ છે. જોજો, મી. રતિલાલ! તમારી આંખમાં કોઇ ધુળ ન નાંખી જાય! સંભાળજો!"

તે ડિટેક્ટિવે પોતાની શક્તિનું સૂચન કરતું, એવી તો રીતે મો મલકાવ્યું કે તેથી જગતશેઠ ઉપર પણ જાણે કાંઇ મોટી અસર થઇ ન હોય! એમ, તેણે પણ મો મલકાવ્યું.

"એ તો ઠીક. પણ સાહેબ! એક વાત પૂછવાની રહી ગઇ છે; હું તમને કયે શરનામે લખું?"

"અરે! ફિકર નહિ કરતા; એ બાબત હું સઘળી જોઇતી ગોઠવણ કરીશ."

"હા, હા. ત્યારે તો આપ મારા ઉપર 'સરનામું' લખી મોકલશો."

"આહા !" જગતશેઠ ખડખડાટ હસી પડયો, "હું જ્યારે આવવાનો હોઇશ ત્યારે તમારા ઉપર તાર કરીશ."

"આપ પાછા આવવાના છો ?"

"હાસ્તો. જાઓ મારા ભાઇ! તમે એટલુયે સમજી શકતા નથી કે આ મુસાફરીએ જવાનો તો બધો મારો ઢોંગ જ છે. હું અહિંથી તો આજ સાંજે 'બી. બી.' રેલ્વેમાં જરૂર ઉપડી જઇશ પણ જે સ્ટેશનેથી બનશે ત્યાંથી 'જી. આઇ. પી' ને રસ્તે પાછો તરત મુંબાઇમાં એકાદ પખવાડિયામાં તો આવીને ઉભો રહીશ."

ક્રિકિટવ જરા નિરાશ થયેલો દેખાયો; આ શેઠિયો તો ધાર્યા કરતાં પણ વધારે પક્કો નીકળ્યો. એકજ પખવાડિયું !–ખરે, તેણે તો પોતાના મનમાં છએક મહિનાનું કામ નીકળ્યાનું જ ધાર્યું હતું.

"હું મુંબાઇથી તમને તાર કરીશ અને વેશ બદલીને ઔરંગાબાદ ચાલ્યો આવીશ. હું જાણી જોઇને જરા મોડો જ આવીશ, એટલે બધા ચાકર નફર સુઇ ગયા પછી તમે દરવાજો ઉઘાડી મને તમારા ઓરડામાં દાખલ કરજો. પછી ત્યાં નિરાંતે આપણાથી વાતો પણ થશે, અને બનેલી બધી નવાજુની મને તમે જણાવી શકશો, વળી, પછી પાછી જરૂર પડશે તો બે ત્રણ મહિનામાં હું પાછો છાનોમાનો કાશ્મીરભણી જઇ આવીશ અને તમે બધી તરેહની તપાસ રાખી શકશો. ઠીક, ત્યારે, સાહેબજી. મી. રતીલાલ ! કોઇપણ વખત મને પાછો આવ્યાનું સાંભળીને આશ્ચર્ય પામતા નહિ. સાહેબજી !" કહી જગતશેઠ ચાલતો થયો.

"ખરે !" રતિલાલે વિચાર કરવા માંડયો, "ખરેખર ! મને તો ગોખણિયા પોપટિયા પંડિતો અને પ્રાચીન લેખ વગેરે શોધવાનો

લવારો કરનારા પોથાં થોથાંવાળા દાંભિકો ઉપર ખરેખરો તિરસ્કાર જ હતો; પણ આ માણસની બુદ્ધિને તો પુરાતની લેખોનો જરાયે કાટ લાગેલો જણાતો નથી. નક્કી, આ શેઠ તો ડિટેક્ટિવ થવાને જ લાયક છે; અને જ્યારે શેઠાણી જાણતાં હશે કે જગતશેઠ ભૂતકાળનું સાહિત્ય ખોળવામાં ગુંથાયા છે, ત્યારે ખરે ! આ સાહેબની નજર તો ચોતરફ વ્યવહારિક વર્ત્તમાન ઉપર પણ ફરતીજ હોયનું. વળી, કાશ્મીરની મુસાફરીનો વિચાર પણ ફિમદાજ છે!–પણ એ જરા વિચિત્ર માણસ તો જણાય છે જ; કારણ, બીજાં માણસો જે વાત 'જાણી ન જાણી' કરવા ચાહે છે, તે ખોળી કહાડવામાં જ એને ગમ્મત મળતી દેખાય છે. ગમે તેમ હો. મારૂં કામ મારાં 'ઘરાકો'ના હેતુ શોધી કહાડવા કરતાં, જે કામ કરવા મને રોકયો હોય તેમાં વધારે લક્ષ દઈને તપાસ કરવાનું છે."

તેણે પછી પોતાના કારકુનને બોલાવી, પોતાની પાસે જે જે અપૂર્ણ રહેલાં કામ હતાં તેમાં જે જે કરવાનું બાકી રહ્યું હતું તે બાબત યોગ્ય સૂચનાઓ આપી, અને તેને જણાવી દીધું કે "જો મારૂં બહુ જ અગત્યનું કોઇને કામ હોય તો, જ ઔરંગાબાદ–શાન્તિ-સદન'–નામનો તાર કરીશ એટલે હું જ્યાં હોઇશ ત્યાં મને તે મળી રહેશે."

* * * *

બીજે દિવસ સ્હાંજે રતિલાલ એક ભાડુતી બિગ્રામમાં બેગા 'શાન્તિસદન'–બંગલા આગળ આવી પ્હોંચ્યો. પોતાનું નામ અગર ધંધો પુછતાં, તે જણાવવાની ના કહી. તેણે દરવાનને 'શેઠાણીનું કામ છે' એમ જણાવ્યા ઉપરથી તે જરા ખંચકાયો તો ખરો; પણ પછી

અંદર જઇ, કેટલીક વારે બહાર આવી, તેને એક નાની કોટડીમાં તે લઇ ગયો, જ્યાં એક બાવીસેક વર્ષનો કદાવર યુવાન તેની રાહ જોતો બેઠો હતો.

"તમારે શેઠાણી સાહેબનું કામ છે?" તે યુવાને પૂછ્યું, અને તેમ જોતાં જ રતિલાલે મનમાં અડસટ્ટો બાંધ્યો કે 'આ જ શેઠાણીના મામાનો છોકરો.' "પણ તમે તમારૂં નામ નિશાન કાંઈ જ બતાવ્યું નહોતું તેથી શેઠાણીએ તમારે શું કામ છે તે પૂછવાને મને મોકલ્યો છે. માટે, હવે મને કહેશો કે તમારે શું કામ છે?"

"મારા કામનું સ્વરૂપ જ એવું છે." રતિલાલે કહ્યુ. "કે મારૂં નામ તથા ધંધો ચાકર નફરના જાણવામાં ન આવે તો સારૂ;–એમ ધારીને જ મે કહાવ્યું નહોતું. તમને કહેવાની તો કાઇજ હરકત નથી; આ રહ્યું મારૂં કાર્ડ. જરા તે લઇ જઇને શેઠાણી સાહેબને મારૂં નામ જણાવશો તો હું આપનો આભારી થઇશ એમને જરા એમ પણ જણાવવાની મહેરબાની કરજો કે મને ગઈ કાલે જગતશેઠ મળ્યા હતા અને તેમની ખાસ ભલામણ ઉપરથીજ હું અહિ આવ્યો છું.' તે યુવાન, ડિટેક્ટિવના નામ–નિશાનવાળું 'કાર્ડ' વાંચતાં આશ્ચર્ય પામ્યો હોય એમ જણાયો.

"તમે કહો છો કે શેઠજીને તમે કાલે જોયા હતા?"

"હા જી. એ અમદાવાદ તરફ જવાને ઉપડી ગયા તે પ્હેલાં આશરે અર્ધાએક કલાક ઉપરજ."

"હું શેઠાણીને તમારૂં નામ ઠામ જણાવું છું" તે યુવાને કહ્યું. "જો કદાચ તમને અહિં, યોગ્ય આદરસત્કાર ન હોય તો, તેને માટે તમારે એટલું તો કબૂલ કરવું જ પડશે કે, તમારો દેખાવ જરા

રાક ઉત્પન્ન કરે એવો હતો; પણ તમારા કહેવા ઉપરથી લાગે છે તે પ્રમાણે જો તમે જગતશેઠનીજ સલાહ પ્રમાણે ચાલતા હો તો, શેઠાણીસાહેબને તમે મળી શકશો.”

એમ કહી તે, ઓરડીમાંથી બહાર ગયો અને થોડી વારમાં એક ખુબસુરત નવયૌવનાને સાથે લેતો આવ્યો, અને “ લતાબ્હેન ! આ રતિલાલ, મુંબાઈના સુપ્રસિદ્ધ ડિટેક્ટિવ છે” કહી, બહાર જવાનું કરતો હતો એમાં તેણે કહ્યું “બિહારી ! અહિં રહેને. રતિલાલજીના અહિં સુધી આવવાનું કારણ તું પણ સાંભળ !”

“ ટુંકામાં પૂછો તો, શેઠાણી સાહેબ !” તે ડિટેક્ટિવે કહેવાનું શરૂ કર્યું “ ગઈ કાલ સાંજે જગતશેઠ મારી ઑફીસમાં આવ્યા હતા. તેમણે મને જણાવ્યું કે ‘મારૂં કાશ્મીર તરફ જવાનું કારણ સુપ્રસિદ્ધ છે, અને હું બંગલે નહિં હોઉં ત્યારે વખતે ચોર અગર લૂંટારા ધાડધાડ પાડે, તે માટે હું બહાર મુસાફરી કરૂં તેટલા દિવસ તમને ‘શાન્તિસદન’માં રાખવા એવો મારો ખાસ વિચાર છે,’ અને હું પણ તે વાત કબુલ કરી અહિં આવ્યો.’

“ જોયું બિહારી ?–કેટલી બધી અહિંને માટે કાળજી છે !” કુંજલતા બોલી ઉઠી “મારા મનમાં કે એ ગયા ત્યારે તો એમના મગજમાં જૂના લેખનાં કાગળિયાં શિવાય બીજું કાંઇ જ નહિ હોય, પણ જો—”

“ હા. બેશક કાળજી હોય એમ તો લાગે જ છે,” તે યુવાને જવાબ દીધો “હું ધારૂં છું કે મી. રતિલાલ ! તમને શેઠજીએ કાગળ તો આપ્યો જ હશે.”

“ ના જી,” રતિલાલે ઉત્તર વાળ્યો: “ મેં તો એમને તેમ કરવાને ખાસ વિનંતી કરી પણ એ વાત તો તેમના ખ્યાલમાં જ ન

આવી. મેં જ્યારે વધારે આગ્રહ કર્યો, ત્યારે તો તે ઉલટા કાંઇક ચીડાયા હોય એમ લાગ્યુ અને મને તો એમ જ કહી ચાલ્યા ગયા કે “મેં કહ્યું છે તે શેઠાણીને જણાવી દેવું.”

“હા, હા. એમનો એ જ સ્વભાવ છે,” શેઠાણીએ વચમાં ટાપશી પુરી: “અરે! એમના મગજમાં એક વાત ઠશી, તેની સામે તો થઇ શકાય જ નહિ.”

“એ તો ખરૂં,” બિહારીલાલ વચમાં બોલી ઉઠયો: “એ તો ખરૂં; પણ આ ગૃહસ્થ રતિલાલજ છે એમ શી ખાત્રી થાય? કદાચ ખોટું નામ ધારણ કરીને કોઇ ઠગારો જ આવ્યો હોય, અથવા જે ચોરને પકડવા આવ્યાનું તેઓ કહે છે તે જ એ હોય તો શુ?”

રતિલાલને જરા ગુસ્સો તો આવી ગયો પણ તેને લાગ્યું કે ‘બિહારીલાલ ખરૂં કહે છે.’

“હું તો એમ ધારૂં છું,” તેણે કહ્યું: “આજની રાત રતિલાલજી આપણી ધર્મશાળાની મેડી ઉપર મુકામ રાખે; અને આવતી કાલે હું અને એ સાહેબ બંને જણ મુંબઇ જઈ બરોબર તપાસ કરીશું અને જો તપાસમાં તેમનું કહેવું ખરૂં માલમ પડશે તો પછી અહિં મારી સાથે પાછા આવીને શેઠ સાહેબે સોંપેલું કામ ઘણી ખુશીથી કરે. કેમ રતિલાલજી! આ રસ્તો ઠીક લાગે છેને?”

રતિલાલને આ દરખાસ્તનું વ્યાજબીપણું તો કબૂલ કરવું પડયુ. પણ તે ઉપરથી આ શેઠાણી કુંજલતાના ‘બિહારી’ વિષે તેને કાંઈ ખાસ સારો અભિપ્રાય બેઠો નહિ; અને એના મનમાં એવી ખાત્રી અડધી–પડધી તો થઇ પણ ગઇ કે ‘આ બંને જણનો ભાઈ–બ્હેનનો સંબંધ માત્ર નામનોજ છે.’ પણ આમ તપાસ કરવાનું ઠર્યું તેથી તો

અને વધારે શાન્તિ થઇ કે હવે નિરાંતે-જેમ ધારે તેમ વર્તીને પણ—એ બંને જણનાં સઘળાં કૌતુક ખોળી કહાડી શકાશે.

* * * * *

બીજી સ્હાંજે 'શાન્તિસદન' બંગલામાં તેને એક ભવ્ય સુંન્દર ઓરડામાં ઉતારો આપવામાં આવતો હતો તેની ના કહી, એક નાની સરખી ઓરડીમાં તેણે પડાવ નાંખ્યો. તેના કહેવા ઉપરથી એમ બહાર પાડવામાં આવ્યું હતું કે, તેને મુંબઇથી પોતાની ગેરહાજરીના વખતમાં ઘર-ખરચનો હીસાબ રાખવા તથા ઘર વગેરે સંભાળવા શેઠે ખાસ મોકલેલો હતો. તે ઘરમાં ગમે તે ઠેકાણે જઈ શકતો અને રાતે ભટકતો જણાય તો તેનુ કારણ પોતાને ઉંઘમાં હીંડવાની ટેવ છે, એવું આપતો. તે બધાંની સાથેજ જમતો; આસપાસનાં ખેતરોમાં સ્વેચ્છાએ રખડતો. શહેરની દરેક વીશીમાં જાણીતો થઈ ગયો હતો; અને શહેર જરા દૂર હોવાથી પાસે જે ધર્મશાળાઓ વગેરે હતી તેમાં આવતા પડતાં સાધુ-સંતો તથા વેરાગીઓ અને બાવાઓનાં ટોળામાં પણ ભાંગ, ગાંજો પીવાને બ્હાને પડયો પાથર્યો રહેતો. એણે 'જગન્નાથ' નામ ધારણ કર્યું હતું અને થોડા વખતમાં ચાકરો, માળી, દરવાન વગેરે સાથે એવો તો હળી ગયો, કે બધાં એનાં વખાણ કરતાં. રસોઇ કરનાર 'મહારાજ' તો એના ઉપર ફિદા ફિદા થઈ જતા!

પાંચ સાત દિવસ ગયા પછી, દરવાન અને 'મહારાજ' રતિલાલની સાથે બીડીઓ પીતા હતા; હવે તો તે બધામાંથી નવા માણસ તરફનું અતડાપણું તદ્દન જતું રહ્યું હતું, તેથી તેણે ધીમે ધીમે શેઠના ગૃહ સંસારની વાતોમાં તેમને ઉતાર્યા. "આ જગા તો ઠક્કઠ છે, કેમ મહારાજ!" રતિલાલે કહ્યું. "મને તો એ જ નવાઈ લાગે

છે કે આવું મકાન અને ઘરનું સુખ મુકીને શેઠજીને પણ દૂર—ખૂણામાં પડેલા કાશ્મીરમાં રખડવું કેમ ગમતું હશે ?"

"અરે એ તો જૂના લેખ અને જૂની વસ્તુઓ પાછળ એવા તો ગાંડા થઇ ગયેલા છે કે એમને બીજું કાંઈ મઝતુંજ નથી; ખરૂં કહેવડાવો તો એમને દુનિયાંદારીનુ કાંઈ ભાનજ નથી," મહારાજે જવાબ દીધો.

"આહા !" ને ડિટેક્ટિવ બોલી ઉઠયો: "પણ મને તો લાગે છે કે એમના જવાથી કાંઇ તમને ખોટું થયું હોય એમ જણાતુ નથી. હું તો ધારૂં છું કે આ બંગલો રંગાવવાના વિચાર ચાલે છે અને મરમ્મત કરવાની ગોઠવણો થાય છે તે સહુ ઉપરથી–શેઠજીના ગયાથી તમે બધાં કાંઇ શોકમા હો એમ તો જણાતુ નથીજ."

"થોડા વખતમા અહિં કેટલાક મેમાન પણ આવવાના છે: અને શેઠાણીના પિયરમા એમના કોઈ દૂરના સગાને ઘેર લગન પણ આવતા અઠવાડિયામાં થવાનું છે."

"ત્યારે તો શેઠાણી સાહેબ શહેરમાં જશે ?"

"હારતો. વળી એમનાં બહેન જે મદ્રાસ પરણ્યાં છે, તે પણ અહિં આવવાનાં છે અને બંગલામાં જ ઉતારો કરશે."

"ત્યારે એ બધાંની સાથે બિહારીભાઇ પણ જશે જ નો ?" રતિલાલે પોતે કાઇક વધારે જાણતો હોય એવો ડોળ કરી કહ્યું.

"હા." મહારાજે જવાબ દીધો: "શેઠ હોય છે ત્યારે તેઓ પણ એમને તો આગ્રહ કરીને લઇ જવાના. શેઠ નથી એટલે તો ઘરના કોઇ મોટા માણસ તરીકે પણ જવું પડશેજ; બાકી એમને તો ખરૂં તો એમ જવુંજ ગમતું નથી."

રતિલાલે કરડાગીમાં એવી તો રીતે મ્હોં મલકાવ્યું કે તે જોવા છતાં મહારાજ તેનો અર્થ સમજી શકયો નહિ.

"તમને તો ખબર નહિ હોય;" મહારાજે વ્યાખ્યાન આગળ ચલાવ્યું: "શેઠાણીના બાપ બિહારીભાઈના વાલી હતા અને એમને પોતાના ઘરમાંજ ઉછેર્યા હતા, તેથી એમને અને શેઠાણીને સગાં ભાઇ–બ્હેન કરતાં પણ વધારે બને છે. શેઠ ગામમાં હોય ત્યારે પણ ઘણુંખરૂં બિહારીભાઇને અહિં બંગલે જ આગ્રહ કરી–કરીને રાખેછે.'

"આહા !" રતિલાલ વિચારમાં પડયો: "આ પ્રમાણે કરવામા એની કાંઈ લુચ્ચાઇ તો નહિ હોય ?"

તેણે પુછ્યુ, "શેઠાણી, શેઠસાહેબ કરતા બહુ ન્હાનાં હોય એમ લાગેછે, ખરૂં કેની ?"

"હા, ઘણાં ન્હાનાં !" મહારાજે ઉત્તર દીધો: "પણ શેઠજી ઉપર તો એમને બેસતમ વ્હાલ છે. અરે ! આ જૂના લેખ શોધવા વગેરે માટે શેઠ સાહેબને જે માન મળે છે, એમાં તો તે એટલાં રાજી થાય છે કે કાંઇ કહેવાની વાત જ નહિને ! અને એ તો શેઠની સાથે કાસ્મીર પણ જવા તૈયાર થઇ ગયાં હતાં, તે શેઠે માંડમાંડ રોકયાં'

રતિલાલ ખરેખર અચંબો પામ્યો હોય એમ દેખાયું.

"કેમ ખરૂંકની, રામા ?" મહારાજે દરવાનને પૂછ્યું.

"હા, હા. ખરે, ભાઇ સા'બ !" રામાએ જવાબ દીધો "એ તો શેઠજીના ઉપર ફિદાફિદા થઇ જાય છે, અને શેઠને તો એ કાંઇ ગણત્રીમાંયે નથી. એમને તો, એ ભલા ને એમનાં જૂનાં ચોથાં પોથાં ને કાગળિયાં ભલા !"

"આહાહા !" રતિલાલે મનમાં વિચાર કરવા માંડયો, "તમારા બધાના કરતાં એને દુનિયાંદારીનુ વધારે ભાન છે !—પણ આ બન્ને

ગેઠ અને શેઠાણી ખરેખરાં હુંશીયારજ હોવા જોઇએ, નીકર આમ ઘરનાં માણસોને પણ શી રીતે છેતરી શકે ?"

"હેં ! પણ આ લગનમાં બહુ ધામધૂમ થવાની કે ?"

"હાસ્તો," મહારાજે જવાબ દીધો: "ઔરંગાબાદમાં આ-પણા શેઠ બાદ કરતાં, એ પણ સૌથી વધારે પૈસાવાળા ગણાય છે. અને તમે તો જગન્નાથભાઈ જાણતાજ હશો—નહિ જાણતા હો તોપણ તમને કહેવાની કાંઇ ફિકર નથી કે—હું કાલે મુંબાઇ બિહારી-બાઇની સાથે શેઠનું ઝવેરાત દુરસ્ત કરવા આપ્યું હતું તે લેવા જવાનો છું. અરે બાપસા'બ ! એને કાંઇ ઘરેણા છે ! મુંબાઇનો રામકીસન ઝવેરી એની ઓછામાં ઓછી કિમ્મત પંદર હજાર રૂપિયાની આંકતો હતો, અને શેઠ હોય છે ત્યારે પણ આ ઘરેણાં શહેરમાં દુકાનની તીજોરીમાંજ રાખવામાં આવે છે, અને ત્યાં કેટલી બધી ચોકશી થાય છે ને ચોકી પહેરામાં રાખે છે ! અહિં તો રાખતાજ નથી !"

"નારે ના. અહિં તે રખાય ?" રતિલાલ બોલી ઉઠયો, "અરે જો એ ઝવેરાત અહિં છે એમ માલમ પડે તો લૂંટ થયા વિના રહે જ નહિ ને. હેં મહારાજ તમે આ તરફના બંગલા જરા છેવાડા છે તેથી, કોઇ દિવસ કાંઇ આટલામાં ચોરીબોરી થયાનું સાંભળ્યું છે ?"

"હા, એક વાર." મહારાજે જવાબ દીધો, "અને ખરેખર, એ પ્રયત્ન તો બહુજ હિમ્મતથી થયો હતો. એકાદ ચાકરની છોકરી પાસેથી બંગલે ઝવેરાત મંગાવ્યાનું કોઇએ જાણી લીધું હશે. શહેરમાં કોઇ સારે ઘેર લગન હતાં એટલે પહેરવાને મંગાવ્યું હતું. રાતે અહિં વાળુ કરવાની ગરબડ ચાલી રહેલી એવામાં એક ઉઘાડી બારી ઉપર

નીસરણી મુકી ચોર અંદર પેઠા. પણ સારે ભાગ્યે બાગવાને એમને પેસતાં જોયેલા તેણે બિહારીભાઇને ખબર કરી. તે ઉપરથી અહિં પણ કેટલાક મહેમાન ઉતરેલા હતા તે અને ભાઇ એકદમ ઉપર જઇ પહોંચ્યા અને બારણું ઉઘાડયુ તો અંદર બે ચોરને જમીન ઉપર નાંખી તેમને એક ઠીંગણોશો પોલીસનો ડ્રેસ પહેરેલો માણસ બંને હાથથી પકડી, ઘુંટણીએ બેઠો હતો, તેણે જણાવ્યુ કે "હું આ બંને ચોરની પાછળ પાછળ આવ્યો હતો અને તેમનીજ પાછળ બારીએથી અંદર પેશી, તેમને મારા આવ્યાની ખબર પડી તે પહેલાં તો મેં એમને પકડી લીધા હતા. હું મદદને માટે બૂમ પાડતો હતો એટલામાં તો તમે બધા આવી પહોંચ્યા. હવે જાણે, હું આ લોકોને તમારા એકાદ બે માણસની મદદથી ચોકી ઉપર પહોંચાડી આવુ ત્યા સુધી એમને ખાસ જાપતામાં રાખવાની એકાદ ઓરડી કે જગો બતાવવાની મેહેરબાની કરો," એ બને ચોરને ઘોડારમાં પુરીને તાળુ વાસ્યુ અને કુચી એ પોલીસના માણસે પોતાના કબજામાં રાખી; અમે તો બધા એટલા તો ખુશી થઇ ગયા કે જ્યાં ત્યાં એનાંજ વખાણુ કરવા લાગ્યા. શેઠે એને પચીસ રૂપિયાની નોટ ઇનામ દાખલ આપી, જે થોડી આનાકાની કર્યા પછી તેણે લીધી. વાળુ વખત થઇ હતી એટલે એને અમે બધાએ આગ્રહ કરીને જમાડયો. પછી એણે કહ્યું, "મારે એ ચોરોની પાસેથી કેટલીક બાતમી મેળવવી છે, માટે જરા એમની સાથે વાતચીત કરી આવુ". અમે એને કોઇને પોતાની સાથે લઇ જવા અને એકલો ન જવા કહ્યું પણ એ વાતની તો તેણે ચોખ્ખી ના પાડી. તેણે કહ્યું જેટલું પોલીસને એ લોકો કહે છે તેટલુ બીજાઓને નથી કહેતા. વળી બીજો કોઇ મારી સાથે હશે

તો એ બરોબર જવાબ નહિ કે. અને જો તમને મારે માટે ફિકર હોય તો આ જોઇ છે ?—તેણે એક વિલાયતી ઉંચી બનાવટની એક 'રિવોલ્વર' (છ નળીની પિસ્તોલ) બતાવી.—મને એમની પાસે વીસેક મિનિટથી વધારે વાર નહિ થાય," એમ કહીને ગયો. અમે તો તે માણસની સાવચેતી અને હુશીયારીની તથા ચોરોની લૂંટફાટની વાતોમાં અડધો પોણો કલાક ગાળી નાંખ્યો તો પણ એ પાછો આવ્યો નહિ, અને એ શું કરે છે એમ તપાસ કરવાને કોઇ ગયું. તેના કહેવા ઉપરથી અમે બધાંયે ત્યાં જઇ જોયું તો ચોરોએ નહિ અને પોલીસે ન મળે ! શહેરમાં ઇન્સ્પેક્ટર સાહેબને ત્યાં આ બાબતની ખબર કરતા એમ નક્કિ જણાયું કે એ પોલીસનો સીપાઈ બીજો કોઇ જ નહિ પણ જાણીતો ચોર 'છટકતો છેલ' કહેવાય છે તેજ હતો, અને તેણે પોલીસનો ડ્રેસ પણ જરૂર પડે માટે ઘણું કરીને કપડાં નીચેજ પ્હેરી રાખ્યો હશે.

"બોલો, હવે ત્યારે, કેમ ચાલાકી તો ખરીજને ? એ ત્રણે માણસો નાશી ગયા અને લોકો કહે છે કે 'છટકતો છેલ' હજી પણ પકડાયો નથી."

"હા, નથી જ પકડાયો." તે ડિટેક્ટિવે જવાબ દીધો: "નથી પકડાયો એટલુંજ નહિ પણ એને પકડવાને માટે એક હજાર રૂપિયાનું ઇનામ બહાર પડયું છે. ખરેખર એ બડો હુશિયાર–" રતિલાલ બોલતે બોલતે અટકયો અને આવી બાબતોમાં પોતે માહીતગાર છે એવું ન બતાવવું દુરસ્ત લાગતાં હોઠે આવેલા શબ્દો ન ઉચ્ચારતાં બોલ્યો,—"ચોર લાગે છે અને તમે કહ્યું તે ઉપરથી તો એમજ જણાય છે કે એની ચાલાકી લોકોને ધાસ્તીરૂપ થઇ પડી છે."

"હા," મહારાજે કહ્યું, "ભાઇ! અમને પણ ઘણીજ બીક એ હતી કે રખેને એ પાછો અહિં આવે; વળી એમાં અધુરામાં પુરૂં એમ પણ થયું હતું કે જેટલો વખત એ પોલીસ તરીકે અહિં બંગલામાં હતો, તેટલા વખતમાં 'બીજે કયાંઇ તો ચોર સંતાયા કયા નથી?'—એમ કહી તપાસ કરવાને બહાને તે આખો બંગલો—દરેક ઠેકાણે ફરીને—જોઇ આવ્યો હતો. પણ શેઠજીયે ન થાય ભુંડા કે પોતે મુંબાઇ જઇને અડયાથી અવાજ કરતી ઘંટડીઓ જેને—'ચોર પકડ-નાર'—કરીને કહે છે તે લઈ આવ્યા અને તે દરેક બારણે તથા બારીએ લગાડી તેમનો, વીજળીના તાર બાંધી, એકબીજાથી એવો તો સંબંધ કરી દીધો કે જો એ ફેરવીને બારણું બંધ કર્યું હોય તો તેને એક જગોએ કોઈ અડે કે તરત દરેક ઓરડામાં ને બારીએ અવાજ થયા વિના રહે નહિ અને એ પ્રમાણે હજુ પણ સુતી વખત બંગલામાં થાય છે, તે તમે જાણો છો. આ વાત પેપરોમાંયે જણા-વવામાં આવી હતી અને તેથી કદાચ 'છટકતો છેલ' એ વાત જાણીને હવે ફરીથી અહિં આવવું સહીસલામતી ભરેલું ધારતો નહિ હોય."

રતિલાલ જ્યારે એકલો પડયો, ત્યારે આ વાતચીતના આગલા ભાગ ઉપર ખૂબ વિચાર દોડાવ્યા; અને પોતાની જાતે કરેલા તપા-સનું પરિણામ પણ મહારાજે જણાવેલા વિચારને મળતુંજ આવ્યું.

શેઠાણી કુંજલતા એક પ્રેમાળ અને પતિવ્રતા પત્ની હતી એ વાત તો નક્કિજ હતી; અને બિહારી? બિહારીલાલને પણ તે પો-તાના સગા ભાઇ જેવોજ ગણતી જણાતી હતી. ઘરનું દરેક માણસ જગતશેઠને દુનિયાંદારીના વિષયોમા તદ્દન અજ્ઞાન અને પોતાની ચોપડીઓ અને પ્રાચીન લેખોના અભ્યાસમાંજ નિમગ્ન ધારતું હતું;

છતાં આમાંની દરેક બાબતમાં ડિટેક્ટિવનો પોતાનો અનુભવ કેટલો બધો જૂઠો હતો?–તેને પોતાને જગતશેઠ કેટલો ચાલાક, કેટલો હુશિયાર લાગ્યો હતો?—કદાચ એ કાંઇ ગાંડો તો નહિ થઇ ગયો હોય—કોઇ પ્રકારની એનામાં ઘેલછા તો નહિ થઈ ગઇ હોય!

રતિલાલ ખરેખરો વિચારમાં પડયો,—શેઠાણીની તપાસ રાખવા રોકાયા છતાં શેઠ વિષે વિચાર કરવા, તપાસ કરવા લાગ્યો!–પરંતુ હાલ તો કાંઇજ વધારે માહેતી મળે તેમ પણ નહોતું—ઉપાય પણ નહોતો; સમય સમયનું કામ કરી લેશે એમ તે જાણતો હતો. હાલ તો એને ધીરજથી રાહ જોયા કરવા શિવાય બીજું કાંઈ પણ કરવાનું નહોતું—પણ એની પેઠે જ્યારે ધીરજ રાખી બેશી રહેવાના પણ પૈસા મળે એમ હોય ત્યારે તો માણસો તેમ કરવું ચૂકે એ સંભવતું નથી'

બીજે દિવસે બિહારીલાલ અને મહારાજ મુંબાઇથી ઝવેરાત લઇ આવ્યા, અને તેને બીજે દિવસે રતિલાલને નીચે પ્રમાણેનો તાર મળ્યો:—

"મુંબાઇ આવી પહોચ્યો છું. વખત સારો મળ્યો છે, આજે રાતે બાર વાગે બંગલાની બહાર મળજો. સાવચેતી રાખજો. કોઇ જુવે નહિ. વેશ બદલીને આવીશ. જરૂર!

જ—શેઠ."

"ચાલો હવે કામ કરવાનું આવ્યુ ખરૂ!" રતિલાલ મનમાં બોલ્યો, "જો એ ગાંડો હોય, તો એના ગાંડપણમાંયે 'ઑર્ડર' (નિયમ) તો લાગેજ છે. ગમે તેમ હો, પણ હું એને આજ રાતે મળીશ એટલે ખાત્રી થશે."

રતિલાલને પોતાની તપાસ કરવાની સમજ શક્તિ વિશે ઘણું અભિમાન હતું અને આ બાબતનો છૂપો ભેદ જાણવાને તે એટલો તો ઉત્સુક થઈ રહ્યો હતો, કે રાત પડી ત્યાં સુધી એને જરાએ શાન્તિ વળી નહિ.

* * * * * *

રાતે આશરે બાર સ્હાડાબારેકને શુમારે, "શાન્તિસદન"માં રતિલાલ શિવાય બીજાં બધાંય માણસો નિદ્રાવશ થઈ નિરાંતે આરામ લેતાં હતાં, તે વખત ડિટેક્ટિવે છાનેમાને બારણું ઉઘાડયું અને ધીમે ધીમે પગલે ગુપચુપ દરવાજો ઉઘાડી તે બહાર નીકળ્યો.

"કેમ છો રતિલાલજી !" એક માણસે તેની પાસે આવીને ધીમે પણ સ્પષ્ટ અવાજે કહ્યું: "બંગલામાં મને ગમે તેવો થોથાંપોથામાં જ પડી રહેનારો ધારતાં હશે અને તમને પણ કદાચ એમજ ખબર મળી હશે; પણ કહો, હું બરોબર વખતે તપાસ રાખી શકું છું કે નહિ ? બોલો, હવે તમારે મને કાંઈ ખબર આપવાની છે ?"

"કાંઈ નહિ, શેઠ સાહેબ ! હું તો કાંઈ સમજીજ શકતો નથી."

"જરા અહિં ટ્હાડ વ્હાય છે," શેઠે કહ્યું, "માટે આપણે તમારી ઓરડીમાંજ જઇને વાતો કરીએ. તમને કઇ જગો આપેલી છે ?"

ડિટેક્ટિવે પોતે સુતો હતો તે ઓરડી જણાવી.

"ઠીક છે, ચાલો હવે. તમે આગળ થાઓ. હું પાછળ પાછળ ચાલ્યો આવું છું. પોતાનાજ બંગલામાં ચોરની પેઠે પેસવું એ પણ ઠીકજ લ્હેર છે ! પણ હું ઘણોજ વિચિત્ર માણસ છું, ચાલો, જરા તાકીદ રાખો."

ડિટેક્ટિવની ઓરડીમાં તેઓ પેઠા, અને શેઠ રતિલાલના ખાટલા ઉપર તેમની રજાઇ ઓઢીને બેઠા.

"બોલો ત્યારે રતિલાલજી ! એ લોકોએ તમને છેતર્યા–બનાવ્યા !"

"સાહેબ ! હું આપને કોઇ પણ બાબત વીશે ખરેખરો જવાબ આપી શકું એવી સ્થિતિમાં તો નથીજ," તે ડિટેક્ટિવે કહ્યું.

"વધારે વખત જોઇએ છીએ, હેં ? કાંઇ ફીકર નહિ, રતિલાલ ! મને કેટલીક ખબર મળી છે. મને ખાત્રીથી જણાવવામાં આવ્યું છે કે જે દિવસ બિહારી તમારી સાથે મુંબઇ ગયો હતો તેજ દિવસે તેણે મારૂં બધું ઝવેરાત જે ઝવેરીને ત્યાં દુરસ્ત કરવા મેં આપ્યું હતું તે મારે નામે ત્યાથી ઉપાડી લઇ, ગિરો મુકી તેના ઉપર રૂપિયા લીધા હતા. જે વખત ઝવેરાત લેવા મુંબાઈ જવાનો હતો, તે પહેલાં તેણે ગોઠવણ કરેલી તે પ્રમાણે, દરેક દાગીનામાંથી કહાડી લઇ તેને બદલે પાસા પાડેલા પોખરાજ વગેરે હલકી કિમ્મતના નંગ જડી એણે ખરા હીરા ને નગ, દસ હજાર રૂપિયા લઈ વેચી નાંખી, પોતાનું આઠ હજાર રૂપિયાનુ દેવું એણે વાળી નાંખ્યુ છે. જે લોકોનુ એને દેવું હતું તેમને હુ ઓળખું છું અને તેથીજ તેમણે મને પોતાના ચોપડામાં રૂપિયા જમે કરેલા જોવા દીધા હતા. આ બધી વાત શેઠાણી જાણે છે એટલુંજ નહિ પણ એની સાથેની સતલસમાં બે જણા એકજ હોય એમ કામ કરે છે અને મારાથી છુપાવવાને પ્રયત્નો કરેછે."

ડિટેક્ટિવ શેઠ તરફ આશ્ચર્યની દ્રષ્ટિથી જોઇજ રહ્યો. આવા શાન્ત દેખાવનો માણસ આટલો બધો કાબેલ છે, એમ કોણ જાણતુ હશે ? ખરે, એણે લેખાની ભાંજગડમાંજ પડવાની ભૂલ કરી હતી. પધોજ ખોટો લીધો હતો. એ કેવો હુશિયાર ડિટેક્ટિવ થઈ શકત ! પણ વધારે નવાઈ એ હતી કે પોતાની હમ્મેશાંની સખ્ત તપાસ તળેથી પણ બિહારી અને શેઠાણીનું પાપી જોડું છટકી જવા પામ્યું હતું, તો તે પણ વળી કેવાં ચાલાક હશે ?

" પણ શેઠ સાહેબ! તમને ખાત્રીજ છે ? "

" હા. આસપાસના બનાવો અને વસ્તુઓનો પુરાવો મને ખાત્રીજ કરી આપે છે. પહેલું તો એ કે, બિહારીને આઠ દસ હજારનુ દેવું હતું તેની, હું બતાવું તેમને ત્યાં મુંબાઇમાં તપાસ, કરશો તો તમને તરતજ સંપૂર્ણ માહેતી મળશે. બીજું ગઇ કાલેજ મેં એના લેણદારોના ચોપડા જોયા છે એ વાત પણ સિદ્ધ છે. હવે એટલુંજ જોવાનું કે એ ઘરેણાં શેઠાણીવાળી હતાં કે કેમ ? તેની સાબીતીમાં એટલુંજ છે કે, શેઠાણીને ઘણા કીમતી દાગીના મેં કરાવી આપ્યા છે; અને એ ફરી દુરસ્ત કરવા જે ઝવેરીને ત્યાં મેં મુકયા હતા ત્યાંથી એણે બહેલા ઉપાડી લઇ અહિં તો ફક્ત કાલેજ આણ્યા; હવે એમ ધારો કે એ દાગીના અમારા નહોતા તો તે લાવ્યો ક્યાંથી ? આટલુંજ પણ શક લાવવાને માટે પુરતું જ છે. "

" હા જી. " રતિલાલે કહ્યું " એટલો શક રહે છે ખરો. "

" તમે ખરૂં કહો છો. પણ વખતે મારી પણ ભૂલ થઇ હોય. શેઠાણી આ લગ્ન વિગેરેના પ્રસંગોમાં બધુ ઝવેરાત બંગલે મંગાવે છે. આ વખત તે મંગાવ્યું છે કે નહિ તે તમે જાણો છો ? "

"હા, સાહેબ ! બિહારીલાલ અને મહારાજ આ વખત તો મુંબાઇ જઇને લઇ આવ્યા છે. "

"એમકે ? ઠીક ત્યારે તો—આપણાથી આ વાત ખરી છે કે ખોટી તેનો તરત નિવેડો આણી શકાશે. તમને ઝવેરાત—હીરા ખરા ખોટા પારખતાં આવડે છે ? "

" ના, શેઠ સાહેબ ! હું ખાત્રીથી કહી શકું નહિ. "

" ફિકર નહિ; મને આવડે છે તો. મારા બાપ જીવ્યા ત્યાં

સુધી મારે એ ધંધો કરવો પડ્યો હતો! શેઠાણી તો એની એજ જગોએ સૂઈ રહે છે ને?"

"હું એમ ધારું છું. મેડી ઉપર ચ્હડતાજ જમણા હાથના ઓરડામાં."

"હા, હા, એજ. શેઠાણીના ઓરડાનું બારણું વિજળીની ઘંટડીઓવાળી દોરીથી બંધ કરવામાં આવે છે કે નહિ?"

"ના, સાહેબ; આપના ગયા પછીથી એમની ચાકરડી ત્યાં એમના પલંગ પાસેજ સૂવે છે."

"અને ઝવેરાત એજ ઓરડામાં મૂક્યું છે કે બીજે કંઇ?"

"તેની મને ખબર નથી."

"ઠીક છે. હું ખોળી કહાડીશ; અને જો જડશે તો પછી આપણે હીરા ખરા છે કે ખોટા છે તેની પરીક્ષા કરીશું."

"પણ, શેઠ સાહેબ!" તે ડિટેક્ટિવ બોલી ઉઠ્યો, "તમે પકડાઇ જશો—અથવા તમને કોઇ ઓળખશે તો?"

"હં! એમ થાય તોયે શું? હં! મી. ડિટેક્ટિવ! મારા પોતાના મકાનમાં તો હું ધારૂં તે કરવાને મુખ્તિયાર છું, કેમ ખરૂં કની?"

ધીમે ધીમે, જરા પણ અવાજ કર્યા સિવાય, ધીમે પગલે શેઠ પોતાના બંગલે ચોરી કરવા ગયો અને ડિટેક્ટિવ એકલો પડ્યો.

રતિલાલને જરા એમ લાગ્યું ખરૂં, કે આવી મિથ્યાકૂટમાં હું ક્યાંથી આવી પડ્યો? આવી માંહોમાંહેની ગરબડો એને બહુવા પસંદ હતીજ નહિ, પરન્તુ બહુવાર થઈ નહિ એટલામાં તો જગતશેઠ ઘરેણાંની પેટી લઇને અંદર આવ્યો.

"આની કુંચી આપણી પાસે નથી, રતિલાલ!" તેણે કહ્યું "તેથી આપણે કળ તોડી નાંખવી પડશે."

"પણ તેથી તો આપણે જોયું છે એ વાત બહાર પડી જશે."

"હા. એમ થશે તો ખરૂંસ્તો, પણ બીજો ઉપાય નથી." અને તે ડિટેક્ટિવ બીજો અક્ષર બોલે એટલામાં તો શેઠે પેટીનું ઢાંકણું, કળ તોડી ઉઘાડી નાંખ્યું; અને હીરાના હાર, મોતીની માળાઓ, જાત જાતનાં કાને તથા નાકે પહેરવાનાં ઘરેણાં, અને હાથ પગનાં સોનાના સાકળાં, કલ્લાં વગેરે બધા વસ્તુઓ બહાર નીકળી જમીન ઉપર પડી.

"સાહેબ! પણ આ જરા તમે ઠીક કર્યું નહિ."

"કદાચ એમ હશે પણ તેમાં શું થઇ ગયું? જુવો તો ખરા, હું કહેતો હતો તે તદ્દન ખરૂં નીકળ્યું. આ બધામાં એક પણ હીરો કે ખરાં પાણીવાળું મોતી નથી!"

"આપને ખાત્રી છે? હીરા તો ઝગઝગાટ ચળકે છે, અને મોતી પણ મોટાં પાણીદાર દેખાય છે."

"અરે ભલા માણસ! હાલ તમને ખબર છે કે ખોટાં મોતી અને ખોટા હીરા કેવી ચાલાકીથી ખરાં હોય એમ ગોઠવી શકાય છે મેં ન્હાનપણમાં ઝવેરીનો ધંધોજ કરેલો છે. હજી પણ એવી તેવી બાબતોમાં તો મારો અભિપ્રાય પણ લેવાય છે. આ બધાં મોતી અને હીરાની, સોનું બાદ કરીએ તો, સો રૂપિયા કરતાં વધારે કિમ્મત ઉપજે નહિ એ નક્કી છે!" શેઠે માથું નીચેથી ઉચ્ચું કર્યું; આંખમા આંસુ આવેલાં દેખાયાં અને ચ્હેરો એવો તો શોકજનક હતો કે રતિલાલને તેની ઉપર ખરેખરી દયા આવી. તેણે, વખતે કાંઇ ભૂલ થઇ હોય અથવા કુંજલતાને પોતાના ભાઇને બચાવવો એટલોજ હેતુ હોય, એવી બંધ બેસ્તી વાતો–બહાનાં બતાવવા માંડયાં. તેણે એમ પણ કહ્યું "સાહેબ! મેં શેઠાણીની વર્તણુંક ખરેખરી બારીકીથી

અને તેમના ઉપર હમ્મેશાં નજર રાખીને તપાસી છે. અને હું ખાત્રીથી કહી શકું છું કે એમનો તમારા ઉપર અત્યંત પ્રેમ છે."

"હેં રતિલાલ! ખરૂં કહોછો? તમે કહોછો તે ખરૂં છે?" શેઠ બોલી ઉઠયો: "તમારો ખરેખરો આભાર માનું છું કે તમે મને આટલી આશા આપી. હુ હવે ઘરેણાં શેઠાણીના ઓરડામાં મુકી આવું છું, અને સવારે વહેલો આવીશ. એમના ઉઠયા પહેલાં હું આવીને આ પેટીની કળ તોડયા બાબત જવાબ દઇ શકું. કદાચ એ તોડવામાં મેં ઉતાવળ કરી હશે, પણ તે વખત મને કાંઇ ભાનજ નહોતું."

તેણે ઝવેરાત પેટીમાં પાછું મૂક્યું, અને પોતાની સાથે પેટી લઇને શેઠાણીના ઓરડામાં મૂકવા ગયો. એને કાંઇક ઠોકર-ઓકર વાગી હશે એમ રતિલાલને લાગ્યું, કારણ રસ્તામાંથી કાંઇક એવો અવાજ સંભળાયો. પરન્તુ શેઠ તરત પાછો આવ્યો અને જોડા પહેર્યા.

"રતિલાલ! હવે હુ અત્યારે તો જાઉ છું," તેણે કહ્યું, કાલે સવારે મળસ્કામાં તો પાછો અહીં આવી પહોંચીશ. કદાચ મારા આવ્યા પહેલાં આ બધું જણાઇ જાય તો બેલાશક ખુલ્લી રીતે મારૂ નામ દેજો; બનેલી ખરી હકીકત જણાવી દેજો, તમારા થોડા શબ્દોએ તો મારા શરીરમાં ફરી ચેતન આણ્યું છે! ઠીક ત્યારે, સાહેબજી!"

જતે જતે, કાન માંડીને તેણે પૃછ્યું. "તમે કોઇનું પગલું અવાજ સાંભળ્યો?"

"ના. સાહેબ?"

"મેં સાંભળ્યું હતું—આહા! મારી ભૂલ થઇ નથી; સાંભળો?" આટલું બોલી તે ધીમે ધીમે બારી પાસે ગયો અને ત્યાંથી નીચેના બાગમાં કૂદી પડયો. બારણું ઉઘાડયું અને **બિહારીલાલ** તે ડિટેક્ટિવ

પાસે આવી ઉભો. "તમારી પાસે કોણ હતું? અહિં તે શું કરતો હતો?—મને ખાત્રી છે કે મેં એનો અવાજ ઓળખવામાં તો કાંઇ ભૂલ કરીજ નથી."

"જો તમે એનો અવાજ ઓળખ્યો હોય" રતિલાલે શાન્તિથી જવાબ આપ્યો, 'તો કાલે જે વાત બહાર પડવાની તે આજ જણાવવામાં મારે કોઇ પણ પ્રકારનો વાંધો નથી."

"તમે શું બોલો છો?" બિહારીલાલે જરા મિજાજથી કહ્યું, "તમે એ માણસના મળતિયા છો? તમે એને બંગલામાં લાવવાનીજ હિમ્મત કેમ કરી?"

"હિમ્મત કેમ કરી? બિહારિલાલજી! એવા શબ્દો સાંભળવાની મને ટેવ નથી. જો તમે જગતશેઠને ઓળખ્યાજ હોય તો પછી તમે એમના વિષે આવી ઢબથી વાત કેમ કરી શકો છો? તમે પણ કબુલ કરશો, કે એમને તો એ ધારે તે વખત અને તે રસ્તે જવા આવવાનો હક છેજ!"

"જગતશેઠ! શુ કહો છો? કાંઈ ગાંડાબાંડા થયા છો?"

"તમે મને હમણાજ કહ્યું કે મારી સાથે વાતચિત કરનાર માણસનો ઘાંટો તમે ઓળખ્યો હતો."

"હા, હા. પણ—એ તો પેલા લુચ્ચા ઠગારા 'છટકતા છેલ'નો હતો, જેણે અમને એકવાર પહેલા પણ છેતર્યા હતા."

રતિલાલનો ચહેરો ગુસ્સાથી કે શરમથી લાલ થઇ ગયો, અને બોલી ઉઠ્યો, "આહા! હવે હું સમજ્યો. તેણેજ જગતશેઠનો વેશ લઇ મને છેતર્યો; અને શેઠાણીનું ઝવેરાત ચોરી જવામાં મને મદદગાર બનાવ્યો. કાંઇ ફિકર નહિ. હજી પણ આપણે એને પકડી શકીશું; હજી બહુ દૂર ગયો નહિ હોય. ચાલો, બિહારીલાલ!"

"જરા ઉભા રહો," બિહારીલાલે વિચાર કરી જવાબ દીધો. "આપણે પહેલાં એમ જોવું જોઇએ કે એ કેઇ તરફ જશે. એ પહેલી વાર છટકી ગયો ત્યારે અમે ખૂબ ચોકસાઇથી તપાસ કરી હતી, તેમાં એમ માલમ પડયું હતુ કે, નદીમાં એક હોડકુ લઇ એ અને એનાં બે માણસો આવેલાં હતાં. પછી ત્યાથી હોડકું એક જગાએ બાંધી રાખી, એ લોકો અહિં આવેલા, અને નાશી ગયા પછી પણ તેજ રસ્તે તેઓ ગયા હતા. કદાચ એ લોકો આ વખત પણ એમ કરશે. એ બાગમાં થઇને બહાર જશે, પણ આ પાસે એક નાનો દરવાજો છે ત્યાં નદી કિનારો પાસેજ છે, જેથી આપણે કદાચ એની પહેલાં પણ જઈ શકીશું અને પકડી પણ પાડી શકીશું."

તે બંને જણ ઉઘાડે પગે ત્વરાથી નીકળી પડયા અને બાગ મૂકીને આગળ જતાં નદી કિનારે બે માણસોને એક હોડકામાં કોઇની વાટ જોઈ બેશી રહેલા જોયા. બિહારીલાલનું ધારવું ખરૂં હતું અને 'છટકતો છેલ' હજી આવી પહોંચ્યો નહોતો.

"આપણે ઠીક આવી પહોંચ્યા છીએ," બિહારીલાલે કહ્યુ, અને તે બંને જણા, એક બે ઝાડ પાસે પાસે ઉગેલાં હતાં તેમને ઓઠ ઉભા રહ્યા.

જરાક વારમાં 'છટકતો છેલ' આવી પહોંચ્યો; તે સપાટાથી દોડતો હતો અને તેણે હોડકા તરફ જવાની દિશા પકડી. બિહારીલાલ તેના ઉપર કૂદી પડયો અને સામો થઈ ગયો.

બનાવો, આવે અણીને વખતે, ઘણીજ ઝડપથી પસાર થઈ જાય છે. તે ચોર જરાયે ગભરાય એવો નહોતો. તેણે જરા પણ અટકયા વિના ગુંજામાંથી 'રિવોલ્વર' (છ નળીની પિસ્તોલ) બહાર

કહાડી, પોતાની સામે થનાર માણસના સામી તાકી, અને તરત એક તીવ્ર અવાજ થયો.

બિહારીલાલના સારા ભાગ્યે રતિલાલ ચોર પકડવામાં ઘણો પાવરધો હતો અને આવી બાબતના તેના મોટા અનુભવને લીધેજ રતિલાલ બચી ગયો, નહિ તો તેનું તો આવીજ બન્યું હતું!

તે ડિટેક્ટિવે બિહારીલાલને આગળ પડી ચોરની સામે થવા દીધો હતો, પણ પછાળથી જઇ—તે ન દેખે એવી રીતે. પાછળથી તેજ વખત તેણે તેના હાથ પકડી લઇ પિસ્તોલની તાક ચુકાવી દીધી. ગોળી ઉંચી ગઇ અને બિહારીલાલ બચી ગયો! બંને જણાએ મળી તે ચોરને પકડી લીધો અને પિસ્તોલ પડાવી લીધી.

હોડકામાંના માણસો હોડકું હંકારી ગયા; અને બિહારીલાલ તથા રતિલાલ પોતાના કેદીને બંગલે લઇ આવ્યા અને ભોંયરામાં પુરી તાળું વાસ્યું.

બિહારીલાલની જીંદગી રતિલાલે બચાવી હતી અને તેથી તેણે જગતશેઠ તથા કુંજલતા શિવાય બીજા કોઇને આ વાત-ડિટેક્ટિવને ચોરે ચાલાકીથી છેતર્યો હતો તે—ન જણાવવાનું તરતજ વચન આપ્યું. તેથી 'છટકતા છેલ' ને પકડવાનું એક હજાર રૂપિયાનું ઇનામ અને શેઠાણી તથા બિહારિલાલ તરફથી કીમતી ભેટો તેને મળી. ઉપરાંત વળી આથી તે ડિટેક્ટિવની આબરૂ ઘણી વધારે વધી, અને પેપરોમાં તથા લોકોમાં જ્યાં ત્યાં એનાં વખાણ થવા લાગ્યાં.

'છટકતા છેલ'ની પાસેથી શેઠાણીવાળું ઝવેરાત નીકળ્યું,—કારણ તેણે ફક્ત ખાલી પેટીજ પાછી મૂકી હતી,—અને તેને જન્મદેશનીકાલની સજા કરવામાં આવી, જેને માટે તે તદ્દન યોગ્ય હતો;

પરન્તુ સજાનો હુકમ સાંભળ્યા પછી પાછા કેદમાં લઈ જતી વખત જજને અને કોર્ટને આશ્ચર્ય પમાડતો સવાલ તેણે પુછયો હતો કે, 'એ તો બધું ઠીક! પણ હવે મી. રતિલાલને માટે શું? ખરેખર! હું તો ધારતો જ હતો કે જો ડિટેક્ટિવને સાથે રાખીશ તો તો બચીજ જઇશ."

રતિલાલ જરા ગભરાયો; મ્હોં ઝાંખું પડ્યું, અને જ્યારે તે ગુન્હેગારે તેના સામે આંખથી અણુસારો કર્યો ત્યારે તો તેના ગભરાટની સીમાજ ન રહી! પરન્તુ તે બાબતની વિશેષ વિગત પુછવા શિવાય 'છટકતા છેલ'ને તુરંગમાં લઇ જવામાં આવ્યો અને એ વાત તે વખતે એટલેથીજ રહી ગઇ.

* * * * * *

રતિલાલ તે વખતથી પણ વધારે પ્રખ્યાત ડિટેક્ટિવ છે, અને તેમના પ્રસંગમાં આવતાં તથા તેમનો વિશેષ પરિચય થતાં તેમણે કેટલીક બીજી વાતોની સાથે આ વાત પણ મને કહી હતી. અહિં માત્ર એટલુંજ જણાવવાનું કે રતિલાલ વગેરે પાત્રોમાંનાં ઘણાં ખરાં હાલ પણ હયાત છે અને આ વાર્તા ખરી બનેલી છે; ફેર માત્ર જગાઓ તથા નામનો કરવાની જરૂર એટલી જ કે કોઇની પણ લાગણીઓની વિના કારણ અવગણના ન થાય.

જગતશેઠને આવા તથા પોતાની તરફ શેઠાણી કુંજલતાના અતિશય પ્રેમનું આ બનાવોથી સહજ જ જ્ઞાન થયું અને હાલ તે પહેલાંના જેટલોજ વિદ્યાવિલાસી રહેવા છતાં પોતાની સ્ત્રી તરફ વિશેષ માન અને પ્રેમની લાગણીઓથી જોવા લાગ્યો.

બિહારિલાલને અને રતિલાલને આ કેસમાંથીજ આકસ્મિક મિત્રતા બંધાઇ તે હજી પણ ઓછી થઈ નથી; અને બિહારીલાલના અભિપ્રાયોને રતિલાલ ઘણીવાર માનનીય ગણે છે. જો કે બિહારીલાલ તેમને પોતાના પ્રાણસંરક્ષણ તરીકે હજી પણ અભિનંદે છે.

રતિલાલ વારંવાર " શાન્તિસદન " તરફ ગમન કરે છે. બિહારિલાલ હવે તો ત્યાંજ રહે છે, અને રતિલાલ કુંજલતાને ધર્મની બ્હેન જ ગણે છે. જગતશેઠ પણ તેમના ત્યાં જવાથી ઘણો ખુશી રહે છે; અને ઘણીવાર કારણ સિવાય પણ તેમને ત્યાં આવવાને આમંત્રણો મોકલ્યા કરે છે. 'મહારાજ' વગેરે પહેલાંના 'જગન્નાથ' ભાઇના ઉપર ખુશી હતા તેટલાજ-તેનાથી પણ વિશેષ ખુશી રતિલાલ ઉપર રહેતા જણાય છે. કારણ, તે એક સુપ્રસિદ્ધ, ડિટેક્ટિવ હોવા છતાં સર્વની સાથે સમાન ભાવથીજ વર્તે છે.

મ્હોટામાં મ્હોટું—સસ્તામાં સસ્તું !

સ્ત્રીઓ, બાલકો અને કુટુંબીજન માટે—માસિકપત્ર:

સચિત્ર સુન્દરી સુબોધ.

ગયા સપ્ટેમ્બર માસથી બે કદમાં પ્રકટ થાય છે. ફક્ત સવા રૂપિયાના લવાજમમાં ૩૨ પાનાનું સચિત્ર, અને ત્રણ રૂપિયામાં ૧૦૦ પાનાંનું માસિકપત્ર (જેમાં ઉપરનાં બત્રીસ પાનાં તથા ચિત્રનો સમાવેશ થાય છે તે) મળે છે. બંને કદના ગ્રાહકોને ભેટનું રસીલું પુસ્તક, તથા ઘણો મ્હોટો, અનેક ચિત્રોવાળો સ્ત્રી લેખનો ખાસ અંક મળે છે. આ પત્રને અગીયારમું વર્ષ ચાલે છે અને ઉપયોગીપણામા, સુબોધકતામાં, તેમજ મનોરંજકપણામાં આ પત્ર કોઈથી ઉતરતું નથી. હિન્દુ. જૈન. મુસલમાન અને પારસી, સઘળી કોમોમાં તે ઉમંગ અને આનન્દથી વંચાય છે; અને સઘળી કોમોના વિદ્વાન સ્ત્રી પુરૂષો ત્હેમાં લખે છે!

નમૂનો મગાવો

" 'સુન્દરી સુબોધ' મન્દિર " અમદાવાદ.

સચિત્ર સુન્દરી સુબોધ. દરેક અંકમાં શું શું આવે છે

૧. ઓળમાં ઓછું એક મનોહર ચિત્ર.

૨. ચાલુ નવલકથા. (આકર્ષક અને ચમત્કારિક વાર્તા)

૩. સમાજ, સાહિત્ય અને વિજ્ઞાનને લગતા ખાસ વિષયો.

૪. કર્મક્ષેત્ર ચારિત્ર્ય અને ઉદ્યોગ—સ્ત્રી પુરૂષોનાં ચરિત્રો.

૫. વિદ્યાકલા-વૈદક; પાકશાસ્ત્ર—ગૂંથણકલા; ગૃહધર્મ; અને બીજા અનેક પ્રકારના સામાજિક વિષયો.

૬. હિન્દુસ્થાન અને દુનિયાના બનાવોનો અહેવાલ.

૭. કાવ્યો, બાલકો માટે ખાસ વાર્તાઓ, યાત્રા તથા મુસાફરી.

૮. સંપૂર્ણ, સુબોધક અને આનન્દન રસીલી વાર્તાઓ.

૯. ગમ્મતનાં લખાણ, રંગભૂમિ, ચાલુ ચર્ચા, ઉત્તમ પુસ્તકોનો સાર, વાંચવા લાયક ઉતારા, વિવિધ વિષયો.

૧૦. વર્ષમાં ત્રણવાર ખાસ અંક પ્રકટ થાય છે:—વાર્તાઓનો અને બાલકો માટેનો સાધારણ કદનો.—સ્ત્રી લેખનો ખાસ અંક ઘણો મ્હોટો અને સુન્દર ચિત્રો, છબીઓથી ભરપૂર.

" પોતાનુ અને પોતાના કુટુમ્બનું હિત ચ્હાનાર દરેક ગૃહસ્થે 'સુન્દરી સુબોધ' વાંચવું અને સ્વજનમાં વંચાવવું ખાસ જરૂરનું છે"

ગ્રાહકોને ખાસ લાભ.

સુન્દરીસુબોધના ગ્રાહકોને ઓછી કિંમતે મળતાં આ ઉપયોગી પુસ્તકો

નવલકથાઓ.	અસલ કિમ્મત.	ખાસ ઓછું મૂલ્ય.
યોગિની (પાકું પૂંઠું)	રૂ. ૧—૪—૦	૦—૧૦—૦
બાલા	૧—૪—૦	૦—૧૦—૦
મૃદુલા	૦—૮—૦	૦—૬—૦
વાર્તાલહરી	૧—૦—૦	૦—૧૨—૦
રસીલીવાર્તાઓ	૦—૮—૦	૦—૬—૦
સંગ્રહ, ચરિત્રો વિગેરે:—		
વહુને શીખામણ	૧—૦—૦	૦—૧૨—૦
ગીતમાળા (ભાગ ૨)	૦—૬—૦	૦—૪—૦
ગીતસંગ્રહ (લગ્ન જનોઇનાં ગીત)	૦—૮—૦	૦—૬—૦
અઘોરકામિની દેવી	૦—૧—૬	૦—૧—૦
'સીમન્તિની' (કથા)	૦—૨—૦	૦—૧—૦

(ટપાલ ખર્ચ જૂદું.)

મળવાનું ઠેકાણું:—"'સુન્દરી સુબોધ' મંદીર."

અમદાવાદ.

ગ્રાહકોને ખાસ લાભ.

ઓછી કિંમતે મળતી પાછલાં વર્ષોનાં 'સુન્દરી સુબોધ'ની ફાઇલો.

પાંચમું વર્ષ બધા અંક	૧—૪—૦	૦—૧૦—૦
છઠ્ઠું વર્ષ ,, ,,	૧—૪—૦	૦—૧૦—૦
આઠમું વર્ષ ,, ,,	૧—૪—૦	૦—૧૦—૦
નવમું વર્ષ ,, ,,	૧—૪—૦	૦—૧૨—૦
દરબાર અંકઃ(સ્ત્રી લેખનો ખાસ અંક. થોડીજ નકલો છે.)		૦—૮—૦
દસમું વર્ષ	૧—૪—૦	૦—૧૨—૦
ખાસ અંક (૧૯૧૨-૧૩)		૦—૮—૦
છૂટક અંક દરેકના (નાના કદના)	૦—૨—૦	૦—૧—૦

(ટપાલ ખર્ચ જૂદું.)

મળવાનું ઠેકાણું:—"'સુન્દરી સુબોધ' મંદીર."

અમદાવાદ

'સુન્દરીસુબોધ'માં કેવા વિષયો આવે છે !

પાછલા વર્ષોના સુન્દરીસુબોધોના વિષયોની વિવિધતા તેની સહજ તારવણીના નીચે આપેલા આંકડાઓ ઉપરથી જણાશે. હિન્દુ, ઇસ્લામી, પારસી, જૈન અને ખ્રિસ્તી, તથા યુરોપિયન,-સઘળી કોમો અને ધર્મોની બ્હેનો તથા બન્ધુઓનાં આ પત્રમાં લખાણ આવ્યાં છે. (એટલું જણાવવું જરૂરનું છે કે, જે પુસ્તકો સિલિકમાં નથી તેની તારવણી આપી નથી.)

વિષય	પુસ્તક ૪.	પુસ્તક ૬.	પુસ્તક ૮	પુસ્તક ૯
કવિતા.	૧૭	૩૬	૪૫	૬૦
ગમ્મત.	૫	૧	૧૦	૫
ગૃહધર્મ.	૨	૫	૬	૧૫
ચર્ચા સમાચાર.	૩૦	૧૬	૪	૧૭
બાળકો માટે વાતો વગેરે,	૫	૧	૫	૧૧
વાર્તાઓ.	૧૧	૧૪	૨૧	૧૯
વિદ્યાકળા, વૈદક	૬	૬	૧૪	૧૨
વિવિધ.	૨૪	૬૦	૫૨	૨૯
સતી ચરિત્રો.	૭	૭	૫	૯
સુબોધક વિચાર.	૧૨	૧૨	૧૯	૨૨

અને સ્ત્રીઓને લખવા વાંચવા તરફ અભિરૂચી કરાવવા સ્ત્રી કેળવણીના કામમાં 'સુન્દરીસુબોધ' તરફથી જે મહેનત યથાશક્તિ લેવામાં આવી છે, તે નીચેના આંકડાપરથી પણ જણાયા વિના રહેશે નહિં.

સ્ત્રીઓનાં લખાણ ૦	૩૦	૫૦	૮૨

દસમા વર્ષની શરૂઆતમાં આથી પણ વધુ વિષયો આવેલા છે એ કહેવાની જરૂર નથી.

તમારે કાંઈ છપાવવું છે?

છપાવવાનું તથા ત્હેના પ્રૂફ જોવાનું કામ એટલું મુશ્કેલ થઈ પડે છે કે તેથી ઘણાને કંટાળી વારંવાર ફરિયાદ કરતા સાંભળ્યા છે!.........પુસ્તકો, પત્રો, બીલો, ફોર્મો, જાહેર ખબરો, કંકોતરીઓ, નમુના વગેરે અનેક તરેહનું છાપકામ કિફાયત ભાવથી અને મનપસંદ રીતે કરાવવું, એ ખરેખર મુશ્કેલ છે!........ ઘણીવાર યોગ્ય પ્રેસોમાં તે આપવામાં આવતું નથી; અને તેમ કર્યું હોય છે, તો પણ પ્રુફની ભૂલોને લીધે અથવા બીજા કારણને લઈને તે કામ સંતોષકારક થતું નથી. એટલે મ્હોં માગ્યા પૈસા ખરચ્યા છતાં ફરિયાદ તો એની એજ રહે છે!

બધી મુશ્કેલીઓમાં આ પત્રના ગ્રાહકોને અને વાચકોને સગવડ કરી આપવાને એક જુદી એજન્સી ઉઘાડવામાં આવી છે. ત્હેની મારફત સારા પ્રેસમાં નવા ટાઇપથી ઉત્તમ છાપકામ કરી આપવામાં આવે છે. વધુ વિગત માટે નીચેને સરનામે લખોઃ—

મેસર્સ જયેન્દ્રરાય એન્ડ કંપની.

(રા૦ બા૦ ત્ર્યંબકરાય મેન્સન્સ-સાંકડીસેરી.

(લાખાપટેલની પોળ)—અમદાવાદ.

સુન્દરી સુબોધ.

"દીપ છે, દેવતા છે, છે ચન્દ્ર, છેજ તારકે;
"નથી જ્યાં '**સુન્દરી**' ત્યાં ત્યાં, વિશ્વે સૌ અન્ધકાર છે."

—અમરૂશતક ઉપરથી.

જ્યાં સ્ત્રીઓ તરફ સન્માન વૃત્તિ છે, ત્યાં દેવતાઓ પ્રસન્ન રહે છે.

—મનુભગવાન.

સારી **પત્ની** એ દેશના ઉદ્ધારનું મુખ્ય સાધન છે. પ્રજા જીવનને આત્મબળથી અજવાળવા તેજ સમર્થ છે —યોગિની

સર્વથી ગૃહની, કુટુમ્બની, ગામની, દેશની,-સર્વની ઉન્નતિનું મૂળ સબળા-ગીરૂપ શુદ્ધ **માતા** એજ છે —આચાર્ય.

સ્ત્રીની ઉન્નતિ વિના દેશની ઉન્નતિ અશક્ય છે - ગોવર્ધનરામ મા. ત્રીપાઠી.

સ્ત્રીઓની ઉન્નતિમાં પ્રજાની ઉન્નતિ રહેલી છે.—મહર્ષિ દાદાભાઈ નવરોજી

સ્વદેશને આબાદ કરવાનો ઉત્તમ માર્ગ **માતા**ઓને કેળવણી આપવી એજ છે

- **મહાન નેપોલીયન.**

સારી **માતા, સદ્ગુણી પુત્રી,** સ્નેહાળ **ભગિની,** ઉત્તમ **બુદ્ધિશાળી** પવિત્ર **પત્ની,** અને પરોપકારી **દેશપ્રેમી સ્ત્રીઓ**: નિરોગી, ઉદ્યોગી, ધર્મશીલ અને તેજસ્વી બાળકો; તથા સુખસન્તોષી, આનંદી અને ઉત્સાહી કુટુમ્બીજનનો સ્વદેશમાં વધારો થાય એમ ઈચ્છતા હો તો, **ત્હેમને સારી કેળવણી** આપો. ત્હમારા સ્વજન અને મિત્રમંડળમાં સુખસન્તોષ, આબાદી અને આરોગ્ય, આનન્દ, ઉત્કર્ષ અને કલ્યાણ વધે એમ ચ્હાતા હો તો, ત્હેમને (સુન્દરી સુબોધ જેવાં) **નિર્દોષ અને હિતકારક પત્રો તથા પુસ્તકો વાંચવા આપો.**